આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- ○ વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- ○ Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૩ • અંક : ૧૧
સળંગ અંક : ૯૯૬
નવેમ્બર-૨૦૨૩



## શ્રદ્ધાંજલી વિશેષાંક

## નવા વર્ષે - માનવ કલ્યાણ

જ્યોતીન્દ્રભાઈ દવે

એવું કહેવાય છે કે માનવ સભ્યતા ૫૦૦૦ વર્ષ કે તેથી વધુ વર્ષો જૂની છે. આદિ માનવમાંથી સુસંસ્કૃત માનવની આ યાત્રા હજુ આજે પણ અધૂરી છે.

જીવન ટકાવી રાખવા માટે શરૂઆતના વર્ષોમાં આદિ માનવે ઘણો સંઘર્ષ કર્યો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ વગેરે પ્રકૃતિએ આપેલા સ્વભાવને કારણેએ યુદ્ધો કરતો થયો. સલામતી માટે કુટુંબ, ટોળી, કસબામાં વસતો થયો. રાજ્ય વ્યવસ્થા કરી, સરહદો નક્કી કરી. છતાં આજે પણ માણસને માણસનો ભય વધુ છે. આપણે સૌ આતંકવાદથી ભયભીત છીએ. આતંકવાદ એ માનવયુદ્ધ કૌશલ્યની નિમ્નકક્ષાનું કૌશલ્ય છે. આજનો આતંકવાદ એ માનવ પ્રકૃતિની એક નવી આવૃત્તિ છે. જેના મૂળમાં અમને ગીતાનો શ્લોક યાદ આવે છે.

ધ્યાયતો વિષયાન પુંસઃ સંગસ્તેષૂપજાયતે ।
સઙ્ગાત્ સંજાયતે કામઃ કામાત્ ક્રોધો--ભિજાયતે ॥

ઈન્દ્રિય વિષયોનું ચિંતન કરવાથી, મનુષ્યને તેમાં આસક્તિ થાય છે અને આવી આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે તથા કામમાંથી ક્રોધ ઉદ્‌ભવે છે.

ક્રોધાદ્ ભવતિ સમ્મોહઃ સમ્મોહાત્સ્મૃતિવિભ્રમઃ।
સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥

ક્રોધમાંથી પૂર્ણ મોહ ઉત્પન્ન થાય છે અને મોહથી સ્મરણશક્તિનો વિભ્રમ થાય છે. જ્યારે સ્મરણશક્તિ ભ્રમિત થઈ જાય છે, ત્યારે બુદ્ધિ નષ્ટ થાય છે અને મનુષ્ય મૂઢ બને છે.

આમ, આતંકવાદનાં મૂળમાં તો માનવની વિકૃત આસક્તિઓ, તેમાંથી જન્મેલી મૂઢતા અને વેરની ભાવના જવાબદાર છે. કોઈકે સાચું જ કહ્યું છે ''વેર વેરથી ન શમે એવેર જ શમે વેર.'' આતંકવાદમાં રહેલી વેર ભાવનાને આપણે અવેર દ્વારા જ શાંત કરી શકીશું. વાલિયા લૂંટારા કે ચંબલના ખૂંખાર ડાકુઓ પ્રેમ અને કરુણાથી જ જીતી શકાયા છે. અલબત્ત આ રસ્તો કઠિન છે. કેટલાંકને અવ્યવહારું લાગશે. માનવમાં માનવીયતા પ્રગટાવવી અઘરી છે. શ્રદ્ધા ડગી જાય તેવું વાતાવરણ છે. છતાં આપણે તો સર્વે ભદ્રાણિ પશ્યન્તુ... આપણે સૌ માનવ માત્રમાં સજ્જતાના દર્શન કરીએ. ઈશ્વર આપણને એવી દૃષ્ટિ અને સમજ આપે તેવી નવા વર્ષની પ્રાર્થના.

**નૂતન વર્ષાભિનંદન**


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

**વર્ષ : ૮૩**

**સળંગ અંક : ૯૯૬ નવેમ્બર-૨૦૨૩**

| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>રાજુભા ઝાલા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા |
| ડિઝાઈન : | મનીષ પટેલ |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.



**-: ઘરશાળા કાર્યાલય સરનામું :-**

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮
ફોન નંબર :- ০૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩


## અનુક્રમ


| | | |
|---|---|---|
| શ્રી જશીબેન નાયકની જીવન ઝરમર | | ૪ |
| સંપાદકીય | શ્રી અશોકભાઈ સોમપુરા | ૫ |
| એક અધ્યાપિકાની અડધી સદીની સ્મરણયાત્રા | ઝીણાભાઈ દેસાઈ | ૬ |
| યહ કહાની હૈ દીયે ઔર તુફાન કી ! | ઈશ્વર પરમાર | ૭ |
| સાચી શ્રદ્ધાંજલી | ડૉ. ઉર્મિલા શાહ | ૧૩ |
| 'ઘરશાળા'નો ભાવનગરમાં જન્મ | જશીબહેન નાયક | ૧૫ |
| પિતા પુત્રી સંબંધ | શ્રી મનોજ શુક્લા | ૧૭ |
| પિતા રાષ્ટ્રના | શ્રી જશીબેન નાયક | ૨૦ |
| યશસ્વી જશીબેન | શ્રી રણછોડ શાહ | ૨૨ |
| મઘમઘતા રહેશો... આપ | શ્રી મૃણાલ ઓઝા | ૨૩ |
| તખ્તેશ્વર મંદિર | શ્રી જશીબેન નાયક | ૨૪ |
| સ્મરણીય ભાવાંજલિ શ્રી જશીબહેન | વનિતાબેન વાછાણી | ૨૬ |
| માતૃરૂપેણ | શ્રી નિખિલ બક્ષી | ૨૭ |
| આ ઊંડી ખાઈને ભરી શકીશું ખરા? | શ્રી જશીબેન નાયક | ૨૯ |
| મારી ''બા'' - જશીબેન નાયક | ઈરાબેન ઘોષ નાયક | ૩૫ |
| મમતામયી માનું મહાપ્રયાણ | શ્રી કેશુભાઈ પટેલ | ૩૭ |
| બાને અલવિદા | ઈરા નાયક ઘોષ | ૩૯ |
| સરસ્વતીના શિક્ષણ સેવાના | | |
| સવ્યવસાયીની અલવિદા | શ્રી અમીતાબેન પાલખીવાલા | ૪૦ |
| મારા મનનાં જશીબેન | આશા વૈદ્ય | ૪૪ |
| પ્રાતઃસ્મરણીય શ્રી જશીબેન | શ્રી નંદુભાઈ રાવલ | ૪૫ |
| મુ. શ્રી જશીબહેન નાયકને ૧૦૦ સલામ સાથે | અશોક સોમપુરા | ૫૨ |
| સરસ્વતીના ઉપાસક (એક વિરલ વ્યક્તિત્વ) | શ્રી વિકાસભાઈ પટેલ | ૫૪ |
| પ્રાર્થનાસભા અહેવાલ | શ્રી મૃણાલ ઓઝા | ૫૬ |
| શ્રદ્ધાંજલિ (પ્રાર્થના સભા) | | ૫૭ |
| **વિદ્યાર્થી આલમ** | | |
| ● આપણા જશીબા | સૈયદ સાનિયા | ૬૦ |
| ● પ્રેરણામૂર્તિ - જશીબા | દૃષ્ટિ | ૬૦ |
| ● આપણા પ્રિય જશીબાને ભાવાંજલિ | કાઝી અલમીરા | ૬૧ |
| ● કરૂણામય જશીબા | પરમાર નિધિ એચ. | ૬૨ |


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | પરદેશ |
|---|---|---|
| વાર્ષિક | ₹ ૨૦૦ | ₹ ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ ૫૦૦ | ₹ ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ ૮૫૦ | ₹ ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

# શ્રી જશીબેન નાયકની જીવન ઝરમર

| | | |
|---|---|---|
| ● જન્મ | : | તા. ૧૮/૧૧/૧૯૧૮ ભાવનગર |
| ● પિતા | : | શ્રી હરભાઈ ત્રિવેદી |
| ● માતા | : | શ્રી સંતોક બા |
| ● શિક્ષણ | : | ગિજુભાઈ બધેકા સંચાલિત બાલમંદિર<br>વિનય મંદિર<br>(દક્ષિણામૂર્તિ, રાષ્ટ્રીય શાળા) ભાવનગર. |
| મેટ્રીક પાસ | : | ૧૯૩૪ |
| સ્નાતક થયા | : | ૧૯૩૮ |
| બી.એડ્. થયા | : | ૧૯૪૬ |
| મોન્ટેસરી ટ્રેનિંગ લીધી | : | ૧૯૪૭ |
| એમ. એડ્. થયા | : | ૧૯૫૧ |
| ● વિઠ્ઠલ કન્યા વિદ્યાલય નડિયાદમાં એક વર્ષ શિક્ષક તરીકે રહ્યા | : | ૧૯૪૦-૪૧ |
| ● શ્રી રઘુભાઈ નાયક સાથે લગ્નગ્રંથીથી જોડાયા. | : | ૧૯૪૧ |
| ● ભાવનગરની ''ઘરશાળા'' સંસ્થામાં ગાંધી વિચારની પ્રવૃત્તિઓમાં સેવા આપી. | : | ૧૯૪૧ થી ૧૯૪૪ |
| ● ડૉ. રઘુભાઈ નાયક સાથે અમદાવાદના પૂર્વ વિસ્તાર એવા સરસપુરમાં સરસ્વતી વિદ્યાલયની સ્થાપના | : | ૧૯૪૪ |
| ● સરસ્વતી વિદ્યાલયમાં સહાઆચાર્ય પદે | : | ૧૯૪૪ થી ૧૯૫૨ |
| ● અસારવા વિદ્યાલયમાં આચાર્યપદે | : | ૧૯૫૨ થી ૧૯૫૮ |
| ● દિલ્હીની સરદાર પટેલ વિદ્યાલયમાં સહઅચાર્યપદે | : | ૧૯૫૮ થી ૧૯૭૬ |
| ● ઘરશાળા માસિકના તંત્રી પદે | : | ૧૯૭૬ |
| ● સિસ્ટર નિવોદિતા સંસ્થા તરફથી આજીવન ઉન્નત શિક્ષણ સાધના એવોર્ડ | : | ૧૯૯૯ |
| ● અખિલ હિન્દ મહિલા પરિષદ એવોર્ડથી સન્માનિત | : | |

**શ્રી જશીબેન નાયકના પ્રકાશિત પુસ્તકો**

૧. સ્મરણયાત્રા
૨. કાળી વાદળી ઊજળી કોર
૩. સ્મૃતિના અસવાર
૪. સ્મૃતિ ઝરણાં
૫. સ્મરણ પુષ્પ

અવસાન : તા. ૭/૯/૨૦૨૩ (ઉંમર વર્ષ : ૧૦૫)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

## અમારા જશીબેન - શ્રદ્ધાંજલિ

શિક્ષણ જગતના પ્રમુખ હરોળના કેળવણીકાર, સરસ્વતી વિદ્યામંડળના પ્રમુખ, ''ઘરશાળા માસિક'' ના તંત્રી મુ. શ્રી જશીબેન હવે આપણી વચ્ચે નથી. ૧૦૫ વર્ષના લાંબા આયખાને તેમણે કેળવણીના રંગે રંગીને સમાજને ઉત્તમ ભાત પાડતું પોતાનું પ્રેરણાદાયી વ્યક્તિત્વ પૂરું પાડયું. તેમનાં જીવનનાં ઉત્તમ કાર્યોને યાદ કરીને આ વિશેષ અંક દ્વારા શ્રદ્ધાંજલિ આપવાનો અમારો નમ્ર પ્રયાસ છે. તેમની જીવનયાત્રા શિક્ષણ માટેની પ્રતિબદ્ધતા અને સમાજ જીવનની જાગૃતિ માટે તેમણે કરેલી મથામણ 'ઘરશાળા' માસિકમાં કંડારાયેલી છે. ગુજરાતના અગ્રગણ્ય કેળવણીકાર શ્રી હરભાઇ ત્રિવેદીના તેઓ જયેષ્ઠ પુત્રી હતા. એ નાતે તેમના સંસ્કારમાં શિક્ષણ સદાય પાંગરતું રહ્યું. આથી એ પાંગરેલું શિક્ષણ તેમના જીવનકાર્યમાં આપણને દેખાઇ આવે છે. વાત્સલ્ય, લાગણી અને દરેક માનવ માટેની પ્રેમ સાથેની સંવેદનશીલતા તેમના સ્વભાવમાં વણાયેલી હતી. બાળકોને સમજવાની અને ઓળખવાની આગવી સૂઝ તેમની પાસે હતી. તેમણે બાળકોને સદાય હકારાત્મક દ્રષ્ટિથી જોયા છે. તેમનો માનવીય અભિગમ તેમની સાથે સંકળાયેલા સૌએ અનુભવ્યો છે.

તેમના જીવનનો દરેક દિવસ તેમણે નિત્ય-નવો બનાવ્યો. નવા પરિવર્તનનો, નવા વિચારો અને નવી પદ્ધતિને તેમણે સદાય ખુલ્લા મને સ્વીકારી છે. સારી બાબતો સાથે તેઓ તરત જ જોડાઇ જતા. તેમના સરળ વ્યવહારને લીધે સૌ સાથે તેઓ સંવાદ સાધી શકતા. પરિણામે પરિવાર અને સંસ્થાની દરેક વ્યક્તિ તેમની સાથે ખુલ્લા મને, નિખાલસતાથી સંવાદ કરી શક્તી, માર્ગદર્શન મેળવી શકતી અને હુંફ અનુભવતી. માનવીય સંબંધો ઉપરાંત જશીબેન એક ઉત્તમ સમાજ સેવક, સમાજ સુધારક અને પ્રયોગશીલ કેળવણીકાર હતા. તેમના સમગ્ર વ્યક્તિત્વમાં કલા/સંગીત/ અને સાહિત્યને કારણે એક શાલીનતા જોવા મળતી હતી.

અમે આ વિશેષ અંક દ્વારા મુ. શ્રી જશીબેનનાં સંસ્મરણો અને સંઘર્ષ, સાહિત્ય અને કલા તેમજ તેમની શિક્ષણયાત્રાનો સંક્ષિપ્ત પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે.

જશીબેનનું સમગ્ર વ્યક્તિત્વ આવનારા વર્ષો સુધી આપણા સૌના માટે પ્રેરણાદાયી બની રહેશે.

સૌ વાચકો/લેખકો/શુભેચ્છકોને

**નુતનવર્ષાભિનંદન**

# એક અધ્યાપિકાની અડધી સદીની સ્મરણયાત્રા

- ઝીણાભાઈ દેસાઈ

*ગુજરાતના જાણીતા સાહિત્યકાર, કેળવણીકાર અને સરસ્વતી વિદ્યામંડળના પૂર્વ ટ્રસ્ટી શ્રી ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ) નો પ્રસ્તુત લેખ મુ. શ્રી. જશીબેનના સમગ્ર વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. - તંત્રી*

આજીવન અધ્યાપનકાર્ય કરનાર આ તો જશીબહેન નાયક. પોતાના અડધી સદીના અનુભવો ઉપર નજર નાંખતા અન્યને પોતાના અનુભવોમાં સહભાગી બનાવવાની ઝંખના સાથે જે રેખા ચિત્રો આપવા પ્રેરાયાં છે, તેમાંનાં કેટલાંક અહીં સંગ્રહિત થયાં છે. કવિ ન્હાનાલાલે કહ્યું છે તેમ 'બાળકો તો પ્રભુના પયગંબર છે.' એ પયગમ્બરોની જશીબહેન પાસેથી વાતો અવારનવાર મને સાંભળવા મળતી. ત્યારે હું આગ્રહ કરતો કે તેમણે પોતાના અનુભવો ગ્રંથસ્થ કરવા જોઈએ. એ મુજબ તેમની પોતાની લસળતી કલમે જે સંસ્મરણો લખ્યાં છે તેમાંથી કેટલાંક અહીં અપાયાં છે.

શ્રી જશીબહેને સ્વ. હરભાઈ ત્રિવેદી જેવા દૃષ્ટિવંત, આજીવન અધ્યાપક અને દક્ષિણામૂર્તિ જેવી ગુજરાતની એક અગ્રગણ્ય પ્રાયોગિક શાળામાં ભવ્ય વારસો મળવા ઉપરાંત આજીવન સારસ્વત અને આચાર્ય એવા ડૉ. રઘુભાઈ નાયકનો પ્રેરણાભર્યો સાથ મળતાં તેમણે વિશાળ દૃષ્ટિ મેળવી છે. તેથી શિક્ષણમાં રસ લેનાર અધ્યાપકો અને તજજ્ઞોને જ નહિ, પણ બાળકોમાં જેમને રસ છે, જેઓને વાર્તા વાંચવી કે સાંભળવી ગમે છે, તેવાઓને આ પુસ્તક ખૂબ પ્રેરક બનશે.

જે વિવિધ સંસ્થાઓમાં શ્રી જશીબહેને જવાબદારી અદા કરી છે, તેમાં નડિયાદ, અમદાવાદ, ભાવનગર, દિલ્હી જેવા વિવિધ વિદ્યાક્ષેત્રોનો સમાવેશ થાય છે. એમાં જુદા જુદા સાંસ્કૃતિક અને ભૌગોલિક પર્યાવરણમાંથી આવતા માત્ર વિદ્યાર્થીઓ જ નહિ, પણ અધ્યાપકો, સહકાર્યકારો અને સંચાલકો સાથે કામ કરતાં જે વિવિધ ક્ષિતિજોનાં એમણે દર્શન કર્યાં છે, તેની કેટલીક હૃદયંગમ ઝાંખી પણ આ પુસ્તકમાંથી થશે. સંવેદનશીલ અધ્યાપક કે આચાર્ય, કિશોરોના જીવનમાં કેવા મોટા ચમત્કારો સર્જી શકે છે તેનાં ઉદાહરણ ડગલે ને પગલે તે વાર્તાઓમાંથી આપણને મળે છે. આ પુસ્તકનું શીર્ષક સૂચવે છે તેમ દરેક સંવેદનશીલ અધ્યાપકનો એ અનુભવ હોય છે કે પોતાના શિષ્યોના જીવનમાં અવારનવાર, ઘનઘોર વાદળોની ઓથે ઢંકાઈ જતા સૂરજની જેમ ગાઢ અંધકાર ફેલાયેલો લાગે છે. એ અંધકાર ભેદીને કિરણો બહાર આવતાં વાદળોની જે ઊજળી કોરનાં દર્શન થાય છે તે જીવનનું પરમ સાર્થક્ય છે.

શ્રી જશીબહેને વિપુલ પ્રમાણમાં આ સાર્થક્ય જીવનભર માણ્યું છે. 'તર્પણ'માંના પ્રભાકર અને આનંદ શ્રી જશીબહેનના અનુભવ જગતમાંના અનેક પ્રભાકર અને આનંદના ગુરુ-શિષ્ય પ્રતિનિધિઓ છે. ગુનાહિત કાર્ય તરીકે સમાજમાં લેખાય એવા અવળે રસ્તે ચઢી ગયેલા વિદ્યાર્થીઓ, પોલિયો જેવા રોગથી અપંગ બની ગયેલાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ, હૃદયરોગી, લગભગ ભાંગી પડેલ હાલતવાળા વિદ્યાર્થીઓનાં હતાશ માતાપિતાઓની વેદના, ધીરજ અને કાળજી સાથે આચાર્ય અને અધ્યાપકોનાં સક્રિય અને સમભાવશીલ આયોજન અને માર્ગદર્શન મળતાં કેવાં અસાધારણ પરિણામો આવે, તેનાં પણ ઉદાહરણો આમાંથી મળશે.

આ બધી સામગ્રી-આજે દુર્ભાગ્યો આપણું શિક્ષણ જગત જ્યારે પ્રચંડ આંધીમાં ગૂંગળાઈ રહ્યું છે - અને ચોમેર ગમગીની અને હતાશાનું વાતાવરણ જામતું જાય છે, ત્યારે શિક્ષકો અને વાલીઓને ઘણી પ્રેરક બનશે. એ વિશ્વાસ સાથે આ બધાં સંસ્મરણોને હું ખૂબ ભાવપૂર્વક આવકારું છું અને પ્રાર્થું છું કે શ્રી જશીબહેને શિષ્યોને દેવ જેવા ગણી તેમના જીવનવિકાસમાં જે મોટો ફાળો આપ્યો છે તે અનેકને પ્રેરક બનશે અને આપણા શિક્ષણ જગતમાં કાળી વાદળોની ઊજળી કોરનાં આપણને મનભર દર્શન કરાવશે.

(સાભાર, કાળી વાદળી ઉજળી કોરમાંથી)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# યહ કહાની હૈ દીયે ઔર તુફાન કી !

- ઈશ્વર પરમાર
મોરપીંછ, સિદ્ધનાથ સામે, દ્વારકા

*નોંધ : ''ઘરશાળા'' - વાચકો જાણીતા કેળવણીકાર અને લેખક શ્રી ઈશ્વર પરમારથી પરિચિત છે. ''શિક્ષણના સિતારા'' - પુસ્તક દ્વારા શ્રી ઈશ્વર પરમારે ગુજરાતના મોટા ગજાના કેળવણીકાર-શિક્ષણકારોના જીવન અને કવનનું દસ્તાવેજીકરણ આલેખ્યું છે.*
*ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા સન્માનિત મુ. શ્રી જશીબેન નાયકનું પુસ્તક ''સ્મરણયાત્રા''-ની પ્રસ્તાવનામાં શ્રી ઈશ્વર પરમારે જશીબેનના જીવનના સમગ્ર વ્યક્તિત્વનો પરિચય આપ્યો છે. અમે આ પ્રસ્તાવના આજે પુનઃપ્રકાશિત કરીએ છીએ.*
*- તંત્રીઓ*

એક દીવો હતો. તેની પાસે ધસી આવ્યું તોફાનઃ આ વાર્તાનો અંત લખવાની જરૂર ખરી? દીવો ઠરી ગયો એમ માની લઈને એમ જ સમજી લેવું કે થઈ વાર્તા પૂરી ?

ના જી, એ બે વાક્યો પછી જ તો વાર્તા શરૂ થાય છે અને એનો અંત તો આવો ઉત્સવી છે :

'પચાસ પચાસ દીવાઓ પ્રગટાવો!
પચાસ પચાસ ઘંટારવ વગડાવો !'

આરંભના બે વાક્યો પછી આગળ વધતી સાચી વાર્તા તો આ મુજબ છે : .... એ તોરીલા તોફાન થકી દીવો ન ડર્યો કે ન ઠર્યો. એ તો જોતજોતામાં ઊંડો શ્વાસ લેતાંકને બની બેઠો ઝળહળતી શાલ. એ મશાલ થકી પહેલા ઓગણપચાસ દીવાના 'દીવાના' લશ્કરને દેખીને તોફાને પણ પચાસમો દીવો બનીને કતારમાં જોડાઈ જઈને ટમટમવા માંડ્યું !

દીયા ઔર તુફાન કી યહ કહાની. આમ તો પરીકથા જેવી લાગે છે. પણ કોઈ 'દીવાના' માનવ-દીવડા થકી એ વાસ્તવિક કહાની પણ બની શકે છે. એના પુરાવા પેઠે આપના હાથમાં હાજર છે પુસ્તક - ''સ્મરણયાત્રા''

વાર્તામાં તો હજુય કલ્પનાને અવકાશ છે. પરંતુ આચારકથાનો નાયક જ સત્ય હોય છે. આમ 'સ્મરણયાત્રા' એ સત્યકથા છે. દેખીતી રીતે આ સુ. શ્રી જશીબેન નાયકની શિક્ષણકાર્યોની કાર્યકથા છે. પરંતુ લેખિકાએ કથાના કેન્દ્રમાં રહેવાને બદલે પોતાનાં જીવન કાર્યોને જે કેન્દ્રસ્થાન આપ્યું છે.

'સ્મરણયાત્રા'નું માનવ-સ્વરૂપે નાયકપદ તો નાયક અટકધારી શ્રદ્ધેય શ્રી રઘુભાઈને અપાયું છે. થઈ ગયેલી 'યાત્રા'ની કેડી પર ચાલવાથી-વાંચવાથી વાચકને એમાં ઔચિત્ય જણાયા વિના નહીં રહે. નાયક નહીં પણ અધિનાયક એવા શ્રી રઘુભાઈનાં પત્ની સુ. શ્રી જશીબેન તેમના સાહસપૂર્ણ જીવનમાં સહધર્માચારિણી રહ્યાં છે. સદ્‌ભાગ્યે એમની જ કસાયેલી કલમે આ 'સરસ્વતી-ગાથા' લખાયેલ હોવાથી આપણને વિદ્યાક્ષેત્રની આત્મકથાનક સ્વરૂપની એક વિશ્વસનીય સાહિત્યિક કૃતિ સાંપડી છે.

નાયકનો આંતરિક ધૈર્યપૂર્ણ જુસ્સો જોતાં રિચાર્ડ બાકના પુસ્તક 'જોનાથન સિગલ' ની યાદ આપતી અને સાધનહીન દશામાં થયેલ તેમની શિક્ષણ સાધનાને જોતા તેત્સુકો કુરોયાનાગીના પુસ્તક 'તોત્તો-ચાન'ની યાદ આપતી આ સ્મરણકથાની પાત્રસૃષ્ટિ અદ્‌ભૂત છે. એમાં દીન છતાં દૈવતવાળાં પાત્રો સાથી લક્ષ્મણ, ગફૂર પઠાણ, હાકુમા હાજર છે, તો દીવામાંથી દાવા સ્વરૂપે પેટેલા વિદ્યાદીપ સમાન હિંમતભાઈ, સુજ્ઞામલ ગોપલાની, સૂરજમલ, હેમુભાઈ, ભવાનીભાઈ, શકુંતલા શાહ, ચંદ્રકાન્ત પાઠક, વિભા

પાર્થસારથી, અશોક સોમપુરા વગેરે ઝળકે છે. સાહિત્યક્ષેત્રના 'સ્નેહરશ્મિ', વહીવટીક્ષેત્રના એચ. એમ. પટેલ અને શિક્ષણક્ષેત્રના મૂળશંકર ભટ્ટના નિર્દેશો 'સ્મરયાત્રા'માં આપેલ છે. નાયકના પ્રશંસક પંડિત જવાહારલાલ નહેરુ અને શિષ્યા ઈન્દિરા ગાંધીની ઝલક સુખદ આશ્ચર્ય આપે છે. સંકટ સમયની સાંકળ સમા શાંતિભાઈ, વિમળભાઈ, ડૉ. ગાંધી અને છોટુભાઈનો પરિચય વિદ્યાકીય સાહસ માટે આસ્થા જગાવે છે, તો નાયકની પુત્રી ઈરાએ તેના પાપુને કરેલ વેલકમનો સાદ હર્ષિત કરે છે, અને બળબળતા બપોરે માતા જશીબેનનો પાલવ ઓઢીને આઠ માસનો પુત્ર પ્રશાંતનો 'સ્મરણયાત્રા' ના અંતભાગે 'હવે તમે અમારા ચાર્જમાં છો' એવો સંભળાતો તેનો હેતાવળો હૂંકાર વાચકનાં હૈયાંને કેવું રોમાંચિત કરે છે !

આ સ્મૃતિની સૃષ્ટિમાં સિતારાની જેમ ચમકતા પાત્રોમાં ગરવા ગુરુના સુયોગ્ય શિષ્ય શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા, સમજણનાં સાધિકા સુ. શ્રી જશીબેન નાયક, માનવ-મશાલ સમાન શ્રદ્ધેય શ્રી રઘુભાઈ નાયક અને કેળવણીક્ષેત્રે નૂતન કેડી પાડનાર પરમ શ્રદ્ધેય શ્રી હરભાઈ ત્રિવેદી થકી તો આ કથાનું બીજારોપણ શક્ય બન્યું ને આગળ જતાં અનેક શાખા ધરાવતા સારસ્વત વડલા થકી ગુર્જરધરા ધન્ય થવા પામી છે!

શ્રી હરભાઈ ત્રિવેદીને 'સરસ્વતી' ઉપવનના પ્રથમ માળી તરીકે ઓળખાવી શકાય. સને ૧૯૪૪-૪૫ના ગાળામાં શ્રી રઘુભાઈએ ખરીદેલ મૃતપ્રાયઃ આ શાળા સજીવન રહે તે માટે તેઓ ભાવનગરથી અમદાવાદ-સરસપુરની માવજત-મુલાકાત લેતા રહેતા હતા. જમાઈ-નાયકે આદરેલું તપ ક્યારેક તો અસહ્ય લાગ્યું જ હશે ને? એ વખતે 'સ્મરણયાત્રા'ની લેખિકાએ વર્ણવ્યું છે તેમ ''એમના પહાડી શરીર પર શોભતો સફેદ ખાદીનો ઝભ્ભો અને ધોતિયું અને મોં પર પ્રેમનું હાસ્ય જોઈને અમને જાણે વડીલની છાયા મળી હોય એમ લાગ્યું!''

શ્રી હરભાઈ ત્રિવેદીનું પારિવારિક નામ નાનાભાઈ હતું. લેખિકા 'સ્મરણયાત્રા'ના અંત ભાગે એમને ધન્યભાવે સંભારે છે! ''નાનાભાઈની વિશાળ દૃષ્ટિ અને ઉદાર વ્યવહાર એક શીળી છાયા બનતી. નાનાભાઈ પિતા, ગુરુ અને મિત્ર ત્રણેય છે.''

એ હરભાઈ ત્રિવેદીએ ગરીબ બાળકો માટે જ કામ કરવાનો નાયક-દંપતીનો નિશ્ચય જાણ્યો એ દિવસથી સરસ્વતી વિદ્યાલયના વિકાસમાં રસ લેવાનું શરૂ કર્યું તે જીવનનાં છેલ્લા દિવસો સુધી.

કથાનાયક રઘુભાઈને 'સ્મરણયાત્રા'ના પ્રથમ પરિચ્છેદથી કથા-પ્રવેશ કરાવાયેલ છે. ભાવનગર ખાતેની શૈક્ષણિક સંસ્થા 'ઘરશાળા'માં બોલાવી લાવ્યું હતું. ભારતદેશની સીમા પર કે દેશના પછાત જિલ્લામાં કામ કરવાની એમને ધખના હતી. તેમણે ઈચ્છ્યું હોત તો જર્મની કે ડેન્માર્કમાં શિક્ષણક્ષેત્રે સુવિધાઓ અને સન્માન સાથે રહી શક્યા હોત, પણ એમને સગવડિયા સડક પર ચાલવાનું ક્યાં ક્યારેય ગમ્યું છે? પંડિત જવાહરલાલ નહેરુએ પણ જશીબેનને જણાવેલું, ''આપ કે પતિ કો હમારે સાથ કામ કરને કે લિયે હમને બહુત કહા થા. લેકિન વે આયે નહીં. વો ટીચર બન ગયે!''

'સ્મરણયાત્રા'માં નોંધાયા મુજબ રઘુભાઈએ એક પરિવારજનને કહ્યું, ''ભરત! ઘરશાળામાં કામ કરવું સહેલું હતું. ભણેલા ગણેલા માતા-પિતાનાં બાળકો થોડો જ્ઞાન સાથે ભણવા આવતા. એ પરિવારનાં બાળકોને ઘરનાં વાતાવરણમાંથી પણ ઘણું બધું મળી જતું. એનાથી તદ્દન કરુણદશામાં (સરસપુરના) આ પરિવારો જીવે છે. એથી આ લત્તામાં કામ કરવાનું પસંદ કર્યું છે.''

આ વિદ્યાલયમાં સહભાગી થવા જશીબેનને પ્રેરવા રઘુભાઈ કહે છે : ''શિક્ષણ માટે લત્તો ન જોવાય. લત્તો જોઈને શિક્ષણ આપી શકાય.''

સમભાવી રઘુભાઈએ એ વખતે કહેલું, ''જે નથી ભણી શકતા ને અકાળે કામે લાગી જાય છે એમને આપણે હૂંફ ન આપી શકીએ?''

રઘુભાઈ પર દિલ્હીમાં ગુજરાતી શાળાનો શુભ-આરંભ કરવાનું દબાણ થવા માંડ્યું ત્યારે પણ એમનું એક જ રટણ : ''દિલ્હીમાં તો કોઈપણ આચાર્ય આવી જશે. આ ગરીબ લત્તામાં કામ કરવા કોણ આવશે?''

''Do it now'' નો જુસ્સો ધરાવતા રઘુભાઈની કાર્યતત્પરતામાં જ એમના શમણાં સાકાર થવાનું રહસ્ય જણાઈ આવે છે. ગમે તે કામ હોય : શિક્ષણનું કે સફાઈનું, ક્યારા બનાવવા હોય કે બાંકડાં રંગવા હોય, છાપરાંનાં કાણાંમાં કલાઈ પૂરવી હોય કે ચાની લારી ચલાવવા નિરાશ્રિત સૂરજમલને ઘરમાંથી કપ-રકાબી આપી દેવાનાં હોય! કરવા જેવાં કામ તરત થવાં જોઈએ.

સંકલ્પવીર રઘુભાઈ જશીબેનને કહે છે : ''આ શાળાને પુર્નજન્મ ન મળે ત્યાં સુધી આપણે ખાસ કારણ સિવાય સંસ્થાનો કેમ્પસ છોડવો નહીં.'' છેવટે જ્યારે સંસ્થાનું ટ્રસ્ટ રચી શકાયું ત્યારે ઉમંગભેર જાહેર કર્યું : ''પુલ ઓળંગવાનો આજે સારો દિવસ છે.''

માલિકીના મોહમાંથી સદા મુક્ત રઘુભાઈના વિચારો 'સ્મરણયાત્રા'માં નોંધાયેલ છે : ''જુઓ, આ શહેરમાં મોટાભાગની શાળાઓ માલિકીની શાળાઓ છે. મને તો લાગે છે કે દરેક સંસ્થાને ટ્રસ્ટ હોવું જોઈએ. સંસ્થાને ટ્રસ્ટ હોય તો કેળવણીના પ્રશ્નો સમજી શકતા હોય એવા નાગરિકોને સંસ્થામાં ભેળવી શકાય અને આખરે એકને બદલે વધારે લોકોની એ શાળા બને.''

સારા શિક્ષકની સદા ગોતમાં રહેતા રઘુભાઈ આમ માને છે : ''એક સારો શિક્ષક મળે તો શાળાની પ્રગતિ આપોઆપ થવા લાગે અને શાળાની પ્રતિષ્ઠા પણ વધે.''

આવા શિક્ષકપ્રેમી રઘુભાઈની શાળામાંથી આરંભકાળે, એક જ સપ્તાહમાં આઠ શિક્ષકોએ શાળા છોડી! એ વખતે જશીબેનનો ચિંતાગ્રસ્ત ચહેરો જોઈને ધૈર્યવાન રઘુભાઈ એમની આગવી ઢબે બોલી ઊઠે છે : ''વાહ રે! આ આફતોની જયાફતો ઉડાવતા જવાનું ગીત ગાવા માટે જ હતું? સમજીને જીવવા માટે નહીં ?''

શુદ્ધ હેતુથી કરેલું કામ ઊગી જ નીકળે છે એવો વિશ્વાસ ધરાવતા રઘુભાઈને ન જણાવવાની શરતે ગુજરાત-ગૌરવ મોરારજીભાઈ દેસાઈએ કહેલું : ''રઘુભાઈ જે કામ કરે છે તે ખરી રીતે તો રાષ્ટ્રનું કામ કહેવાય.''

કામગરા રઘુભાઈએ દિલ્હી ખાતે સરદાર પટેલ વિદ્યાલયમાં કામ શરૂ કર્યું તે અઢાર વર્ષ પછી છૂટા થયા ત્યાં સુધી એમણે એપોઈન્ટમેન્ટ લેટર માંગ્યો ન હતો અને શું પગાર મળશે એની કોઈ સ્પષ્ટતા પણ કરી ન હતી!

લેખિકા જશીબેનના મતાનુસાર - ''રઘુભાઈ અને હરભાઈના વિચારો ઘણી વાતોમાં સરખા જ લાગતા. એમના જવાબો હંમેશા સમતોલ વાણીમાં મળતા.'' જશીબેન દ્વારા 'શુકન' શબ્દનો પ્રયોગ થતાં રઘુભાઈ કહી ઉઠે છે : ''હરભાઈ ત્રિવેદીની દીકરીને વળી શુકન શું ને અપશુકન શું? સારાં કામ કરો ને શુકન દોડતાં આવશે.''

જીવન ધ્યેયની તેમની ધૂન એકમાર્ગી ન હતી. તેથી તેઓ પારિવારિક જીવનની ઉપેક્ષા ન કરતા. 'સરસ્વતી'નું ટ્રસ્ટ થયાની ખુશાલીમાં તેઓ આખા દિવસ માટે ઘોડાગાડી ભાડે કરે છે ને પુત્ર પ્રશાંતને સાબરમતીને કાંઠે રમાડે છે. લેખિકા નોંધે છે : ''ગમે તેવો પ્રોજેક્ટ હોય, પ્રશાંત હંમેશા એક મધ્યબિંદુ તરીકે જીવનમાં બની રહ્યો હતો.''

આજે પંચાણુ વર્ષની શિક્ષણની અનન્ય વિભૂતિ એવા પદ્મશ્રી રઘુભાઈની શૈક્ષણિક સાધનાની કદર

કરીને ધન્ય થવાનું ગુજરાત માટે હજુ બાકી રહ્યું છે. પોતાના અંગત વિકાસની અનેક તકોની સામે ઊંચી આંખે ન જોનાર રઘુભાઈની સરસ્વતી સાધના વખત જતાં દંતકથા જ બની રહેશે કે શું?

કર્મવીર રઘુભાઈ નાયકને પગલે પગલે ચાલવાનું નહીં, પરંતુ જોડાજોડ ચાલી શકવાનું ગૌરવ ધરાવતાં સુ. શ્રી જશીબેન, આ 'સ્મરણયાત્રા'નાં લેખિકા તેમજ નાયિકા છે.

તેઓ ગુજરાતના પ્રખર કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદીનાં પુત્રી છે. વિદ્યા, સેવા, સાહિત્ય અને સંગીતનાં સંસ્કારોથી તેઓ વિભૂષિત છે. એમનો નોંધપાત્ર ગુણ છે : સામે આવેલા સંજોગોને પોતાની રીતે સમજવા પ્રયાસ કરવો અને તે પછી તેનો ક્રિયાશીલ પ્રતિભાવ કે વ્યવહાર કરવો. આ પુસ્તકમાં પોતાનો પરિચય આપતાં તેમણે લખ્યું છે : ''નાનાભાઈ (હરભાઈ)ના વિચારો અને રઘુભાઈની કાર્યકુશળતાનો સમન્વય કરવાના મારા પ્રયત્નો છે. એકની દીકરી છું, શિષ્યા છું, તો બીજાની સહધર્મચારિણી છું.''

આઠ માસના પુત્ર પ્રશાંત સાથે ભાવનગરથી અમદાવાદના ગરીબ અને ગંદા સરસપુર વિસ્તારને જોવા આવેલાં જશીબેન પ્રથમ નજરે બેચેન અવશ્ય થયાં, પરંતુ સંસ્કારબળે એમનાં ચિત્તમાં ઝબકારો થયો : ''આથમતો સૂરજને થોડું થોડું પ્રકાશ ફેલવવાનું વચન આપતું નાનકડું કોડિયું બનવાની વાત મારા જ ઘરમાં, એ વાતને સમજવામાં આટલી બધી વાર?'' અને વળતાં ટ્રેનમાં પુત્ર પ્રશાંતની સાક્ષીએ પતિના સૂરમાં સૂર મેળવીને જશીબેન ઉદ્‌ગારે છે : 'સરસપુરના બાળકોને હું મારાં બાળકો માનીશ!'

માતા જશીબેને સરસપુરની 'સરસ્વતી'ને સમર્પિત થવાનું સ્વીકારી તો લીધું છતાંય નોકર ભીખાને પ્રિય પ્રશાંતને સોંપીને શાળાએ જતાં એમનું હૃદય કેવું કોચવાયું હશે! પણ એ ભાવ ઘડીભર ટક્યો હશે? કેમ કે જૂની મિલના રીપેર કરાવેલા ઓટલાં પર ઝૂકેલી લીમડાની ડાળ પર પ્રશાંતનું ઘોડિયું ગોઠવી શકાતાં તેઓ ભારે પ્રસન્નતા અનુભવે છે! લાગે છે કે જશીબેન શિશુ અને શાળાને સમાંતર રીતે ઉછેરી રહ્યાં હતાં! એટલે જ તો શાળા માટે જમીનનો સોદો કરી લીધાં પછી તરત જ સાત હજાર રૂપિયા ભેગા કરવાની સમસ્યા આવી ઊભી ત્યારે જશીબેને પોતાની બંગડી ઉતારી આપી!

ગૃહિણી તરીકે આર્થિક સંકડામણ અનુભવતાં જશીબેનથી એકવાર પતિને પૂછાઈ પણ જવાય છે : ''હવે સંસ્થાને આર્થિક રીતે થોડી સગવડ થવા લાગી છે તો આપણે પગાર ભલે થોડો, પણ લઈ શકીએ કે નહીં?''

રઘુભાઈનો જવાબ : ''બસ થાકી ગયાં? હજુ તો મંજિલ દૂર છે હોં!''

અમેરિકાની શૈક્ષણિક-મુલાકાત માટે જવા અંગે રઘુભાઈને 'સરસ્વતી' સંદર્ભે સંકલ્પ-વિકલ્પ થાય છે ત્યારનો જશીબેનનો જુસ્સો સાંભળવા જેવો છે : તો પછી શું તમને મારી તાકાત ઉપર શ્રદ્ધા નથી? છેલ્લાં સાત-આઠ વર્ષથી તમારી સાથે કામ કરું છું. ત્યારે ઘણું બધું તમારી પાસેથી શીખી લીધું છે. અને વળી કામ કામને શીખવશે.''

અમેરિકાથી પરત આવેલા રઘુભાઈને જશીબેન માટે એટલો વિશ્વાસ બંધાયો કે તે વખતે ક્રિમિનલ-એરિયા ગણાતા અસારવા વિસ્તારમાં શરૂ થતી 'સરસ્વતી'ની શાળા-શાખાના પ્રથમ આચાર્યપદનો ભાર એમના ખભા પર મૂકતી વખતે એમણે કહ્યું, ''સરસ્વતીના આદર્શો અને પ્રણાલિકાઓ તમે ત્યાં સારી રીતે વ્યવહારમાં મૂકી શકશો એમ હું માનું છું.''

દિલ્હીની શાળામાં પણ વાઈસ પ્રિન્સિપાલના પદને પૂરતો ન્યાય આપી શકેલાં સીધાં-સાદાં

જશીબેનને જોઈને એક વાલી-માતા પોતાનાં બાળક પાસે બોલી ઊઠી, 'તેરે સ્કૂલ કી વાઈસ પ્રિન્સિપાલ તો સુત કી સાડી પહન કે આતી હૈં ઔર ગહને તો ઉનકે શરીર પર દેખતી નહીં હૂં!'

''સ્મરણયાત્રા'' ના વાચન દરમિયાન વાચકને જશીબેન-રઘુભાઈના દાંપત્ય જીવનની ઝલકનું દર્શન થયાં કરે છે.

'સરસ્વતી'ને સંભાળવા માટે કૃતસંકલ્પ રઘુભાઈ જશીબેનને ભાવનગર છોડવાની ફરજ પાડતા નથી. ભરબપોરે વધારે બેડોળ લાગતી સરસપુરની એ શાળાની દિવાલ પાસે એમણે જશીબેનને કહ્યું '' આપણે આ શાળાનું સંચાલન લઈએ. આ નિર્ણય પહેલાં આ બધું જોવા માટે હું આપને અહીંયા લાવ્યો છું.''

આ નિર્ણય અ-સામાન્ય હતો. 'ઘરશાળા'ની સુવિધા છોડીને સરસપુરમાં સુવિધા પાથરવાનો સંકલ્પ સજોડે કરવાનો હતો. રઘુભાઈની આ માટેની ઘખનાને અડકી શકેલાં જશીબેન ઘડીક પછી કહે છે : ''તમારી જીવનસાથી છું, તમારી વાત મેં સ્વીકારી લીધી.'' અને બંને હસી પડ્યા!

પછી તો જશીબેન શાળાની એ જમીન પરથી રઘુભાઈ સાથોસાથ લોઢાનાં ટુકડાઓ વીણવા માંડે છે અને અધરાતે દીવાલ તોડવામાં સાથ દેતાં પોતાની હથેળી પર ફોલ્લે ફોલ્લા થવા દે છે!

એકવાર નવા સત્રના આરંભે બાળકોનાં વેશ-વર્તનમાં અપેક્ષિત ફેરફારો દેખીને આ દંપતી કેવું હરખઘેલું થયું હશે તેનો અંદાજ આવે છે? લેખિકા કહે છે : (એ વખતે) ''જો આટલા બધા શિક્ષકો અને બાળકો ન હોત તો અમે એકબીજાને ભેટી પડત.''

લેખિકાએ અંતર અવલોકન કરતાં નોંધ્યું છે : ''વળી એમના વિચારો અને યોજનાઓ મારા ક્યારે બની જતાં એની મને જ ખબર રહેતી નહીં. અમારાં શરીર જુદાં છતાં પણ મન અને વિચારોમાં સામ્ય અને ઐક્ય કાયમ રહેતું.''

પિતા હરભાઈએ પણ એકવાર પરિતોષપૂર્વક કહેલું : ''તમારા કાર્યક્ષેત્રમાં પતિ-પત્ની એકબીજાને સમજી શકે એ મારે મન ગૌરવરૂપ છે. તમે સુખી જ રહેવાના છો.''

આગંતુકનું સ્વાગત કરવા સદા તત્પર આ દંપતીનું એકત્વ જોઈને કવિ પ્રિયકાંત મણિયારની કવિતા સાંભરી આવે : ''આ ચાલ્યા ચરણ તે કાનજી ને પગલી પડે તે રાધા રે.''

રઘુભાઈ-જશીબેને કંડારવા માંડેલી કેડી પર સમયાંતરે એક ત્રીજા નવયુવાને પગલાં પાડવા માંડ્યા. તે હતા શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા. ગામડેથી ધોતિયું-ટોપી પહેરીને મામા સાથે 'સરસ્વતી' માં પ્રવેશ મેળવવા આવેલ એ તરુણે, જોતજોતામાં, પોતાનાં સુંદર હસ્તાક્ષરો અને અંગ્રેજી પરના પ્રભુત્વ થકી નાયક-દંપતીનું ધ્યાન ખેંચ્યું. આગળ જતાં એ વિદ્યાર્થી 'સરસ્વતી'ને સમર્પિત થઈ જાય છે. એના એ સમર્પણને દેશમાં ને પરદેશમાં ભારે પગાર સાથેના ઊંચા હોદ્દાઓની દરખાસ્તો અટકાવી શકી નહીં.

ગરીબીને લીધે આગળ ભણવા માટે નિરુપાય વિદ્યાર્થી વિઠ્ઠલભાઈને રઘુભાઈએ શિક્ષણકાર્ય સોંપ્યું. પછી તો એમને એસ.ટી.સી. કરાવ્યું. બી.એડ્. કરવા દિલ્હી મોકલ્યા.

આ નીવડેલા શિક્ષકને બીજે જવાની છૂટ આપવામાં આવી ત્યારે તે બોલી ઊઠ્યા ''મને જે દિવસે 'સરસ્વતી' કાઢી મૂકશે ત્યારે જોયું જશે. આજે તો મારા વિચારોમાં કોઈ ફેરફાર નથી. આ વખતે રઘુભાઈ એમને મૂલ્યવાન પ્રમાણપત્ર આપે છે : ''વિઠ્ઠલભાઈ, તમે સરસ્વતીના સાચા દીકરા છો.''

જશીબેનનું પણ એમના વિશેનું અવલોકન આવું રહ્યું : ''સરસ્વતી વિદ્યાલયમાં દંપતીને સંદેશો મોકલ્યો : ''તમે કઈ ટ્રેનમાં આવો છો? અમને તો એમ લાગે છે કે અમારો આત્મા અહીં આવી રહ્યો

છે.'' આ તો તત્કાળ હરખની હેલી, બાકી પોતાની અસલ અનુભૂતિ વ્યક્ત કરતાં વિઠ્ઠલભાઈએ શ્રી એચ. એમ. પટેલને કહેલું : ''સરસ્વતીનો' આત્મ (નાયક દંપતી) સદેહે ભલે દિલ્હીથી આવ્યો પણ અમારી સાથે એ કાયમ સરસ્વતીનાં મકાનમાં હરતો ફરતો રહ્યો છે.''

વીર હનુમાનને જેવી સીતા-રામ માટે ભક્તિ હતી તેવી વિદ્યાર્થી વિઠ્ઠલભાઈને જશીબેન-રઘુભાઈ માટે ઉત્કૃત ભક્તિ રહ્યા કરી છે. તેના પ્રમાણ 'સ્મરણયાત્રા' માંથી સહજમાં મળી રહે છે.

આ પુસ્તક 'સ્મરણયાત્રા' એ લેખિકા જશીબેનનું આત્મકથાનક નથી, પરંતુ સ્વરૂપમાં 'સરસ્વતી'ની વિકાસગાથાનો ઈતિહાસ છે. આથી તેમાં શિક્ષણ સંદર્ભે પ્રેરક કહી શકાય તેવી ઘણી સામગ્રી સહજમાં પ્રાપ્ત થાય છે.

કેળવણીને ગ્રામ-અભિમુખ કરવાની જરૂરિયાતનો સ્વીકાર કરવાની સાથે ગંદકી અને ગરીબાઈથી ગ્રસ્ત નગરના છેવાડાના વિસ્તારના ઉત્થાન માટે થયેલ નાયકના નગર-પ્રસ્થાનનું ગૌરવ ગ્રામ પ્રસ્થાન કરતાં જરાય ઊતરતું જણાતું નથી.

સામાન્ય સંચાલકો શિક્ષક-શિક્ષક વચ્ચે ભાગલા કરાવીને 'રાજ' કરતા હોય છે. જ્યારે અહીં તો તેમની વચ્ચે સંવાદ સાધવાના સફળ પ્રયાસ થયેલ છે. ડિવાઈડ એન્ડ રુલની નીતિ શૈક્ષણિક સંસ્થાના હિતમાં હોઈ શકે નહીં. સંસ્થાનો સંઘભાવ (ટીમ સ્પિરિટ) જ તેની કાર્યલક્ષી ચેતના હોવાનું આ પુસ્તકમાંથી સમજાઈ રહે છે.

અભ્યાસક્રમરચના, પરીક્ષા સુધારણા, શૈક્ષણિક પ્રકલ્પોને પ્રયોગો, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ વગેરે જેવા શાળા-સંસ્થાને લગતાં તમામ પાસાંઓના નિર્દેશો કે નિર્દેશનો આ પુસ્તકમાં એક યા બીજી રીતે આવરી લેવાયેલા છે. પહેલાં શિક્ષકસંઘ, પછી વાલી અને તે પછી વિદ્યાર્થીસંઘની સ્થાપના તો વામનનાં ત્રણ વિરાટ પગલાં જેવાં અહીં સિદ્ધ થયેલા જણાઈ આવે છે.

શિક્ષણક્ષેત્રે કશુંક રચનાત્મક કાર્ય કરવા ઈચ્છતા યુવાનોને આ 'સ્મરણયાત્રા' કઠોર વાસ્તવિકતાઓનો પણ અંદાજ આપે છે. સમગ્રતયા માનવીય સ્પર્શ (હ્યુમન ટચ) જ મહદ્ અંશે 'સરસ્વતી'ની ગતિ-પ્રગતિનું ચાલકબળ હોવાનું જણાઈ આવે છે.

'સરસ્વતી'ના શૈક્ષણિક વિકાસની સામગ્રી ધરાવતું આ પુસ્તક 'સ્મરણયાત્રા' એક વિશિષ્ટ સાહિત્ય-કૃતિ તરીકે પણ કેટલીક વિશેષતાઓ ધરાવે છે.

પ્રસંગ, પ્રકૃતિનું વર્ણન કે સંવાદ દ્વારા આરંભના પ્રત્યેક પ્રકરણો તેમાં પ્રવેશવા માટે વાચકને આકર્ષે છે. સંવાદો તો એટલા સહજ છે કે તે વસ્તુવિકાસમાં સહાયક થવાની સાથે 'સ્મરણયાત્રા'ને મૂંગી થવામાંથી બચાવી લે છે. કેટલાક સંવાદોની વ્યંજના માણવા જેવી છે : જેમ કે,

લક્ષ્મણ : ''ના, સાહેબ, આવી અંધારી ઓરડીમાં તો હું પણ ન રહું, પછી તમે?''

રઘુભાઈ : ''લક્ષ્મણ, એ અંધારી ઓરડીમાં અજવાળું કરવું એ તો આપણું કામ છે ને?''

લેખિકાએ લેખનમાં ફ્લેસબેકની પ્રયુક્તિનો ચારેક વખત ઉપયોગ કરીને પોતાનું લેખન-કૌશલ્ય સિદ્ધ કરી બતાવ્યું છે.

પ્રસંગોનું નિખાલસ, પ્રામાણિક અને તાદૃશ વર્ણન વાચકને 'સરસ્વતી'નો સહજમાં સભ્ય બનાવી દે છે. રોટલીનો ટુકડો ઝડપવા ભિખારીનું દોડવું, મધરાતે ચૂપકે ચૂપકે દીવાલ તોડવી, શાળાનો ઘંટારવ બંધ કરાવવા મજૂરોનું આવવું, સરકાર દ્વારા 'સરસ્વતી'ની જમીન ખરીદી લેવાની કાર્યવાહી થવી, સુવર્ણ ઉત્સવ વગેરે જેવા કેટલાય પ્રસંગોનું આલેખન એવું પ્રભાવક થયું છે કે વાચક જાણે જે તે સમયે હાજર હોવાનું અનુભવે.

કેટલાંક વિધાનો પણ વાંચીને થોભી જવા માટે મજબૂર કરે તેવાં ચોટદાર છે : (દીવાલ તૂટી ગયા પછી) વર્ગમાં અજવાળું થઈ ગયું. (જીવનનું ઝંઝાવતી પ્રકરણ સંભારીને રઘુભાઈ શાંત થાય ત્યારે) 'જાણે કોઈ નાનકડી આંધીમાંથી પસાર થઈને પાછા મારી નજીક આવીને બેઠા, 'છોડવાં વાવવાનું કામ રઘુભાઈએ જાતે કર્યું, કોઈથી કદાચ મૂળ તૂટી જાય તો?', 'અમારો સુવર્ણ-જયંતી ઉત્સવનો એ દિવસ દસ દિવાળી ભેગી ઉજવાતી હોય તેવો લાગતો હતો.'

દેશ ને નગરની યુદ્ધોતર પરિસ્થિતિ, આઝાદી મળ્યા અગાઉ, દરમિયાન અને પછીની ભાગલા જેવી ઘટનાઓનું લેખિકાનું અદ્‌ભૂત વર્ણન 'સ્મરણયાત્રા'નું ઈતિહાસ સંદર્ભે મૂલ્ય વધારે છે.

લેખિકા જશીબેને કથા-આરંભ સમયની પોતાની અપક્વ સમજ, ગૃહિણી સહજ આર્થિક અપેક્ષા, માતૃસહજ આસક્તિ જેવી વાતો નિખાલસપણે વ્યક્ત કરી છે, પોતાના વ્યક્તિત્વને પ્રયાસપૂર્વક 'હાઈલાઈટ' કરેલ નથી. ખાસ તો કેવળ સુખના સાથીમિત્રો માટે, ઉપેક્ષા અને આક્ષેપો કરતા કેટલાક વાલીઓ માટે, શાળા છોડી ગયેલા શિક્ષકો માટે, કોઈને માટે પણ પુસ્તકમાં કટુતા દેખાતી નથી. લેખિકાનું ગુણાનુરાગી વ્યક્તિત્વ અહીં બરાબર કલમે ચડ્યું છે. 'સ્મરણયાત્રા'માં ઠેરઠેર વીણાવાદનનો અહેસાસ કરાવતી ગીત-કાવ્યોની પંક્તિઓ પ્રસન્નકારી છે. ત્યાંસી વરસને આરે બેઠેલાં લેખિકાની તરોતાજા સ્મૃતિ થકી આવું રસાળ ગ્રંથ-ફળ આપણને પ્રાપ્ત થયું છે.

ભારતીય સાહિત્યની પરંપરા પ્રમાણે 'સ્મરણયાત્રા' સુખાંત કૃતિ બની છે. અંતભાગે વાચકને ઉત્સવ અને માંગલ્યના માહોલમાં મૂકી દેવાયેલ છે. વાચકના હાથમાં ને હૈયામાં મજબૂત સંકલ્પનો મશાલ છાપ દીવો મૂકી દેવાયો છે કે જે સાર્થક કરવા ધારેલાં જીવનમાં આવતા તોફાનોમાં પણ અવિચળ રહીને મથ્યા રહેવાને પ્રેરતાં રહે છે.

શિક્ષણ તેમજ સાહિત્યક્ષેત્રે યાદગાર કહી શકાય તેવી આ 'સ્મરણયાત્રા'માં સહભાગી થવા દરમિયાન મને તો સાથોસાથ આ સિને-ગીત પણ અનુભવાયા કર્યું છે.

*'નિર્બલ સે લડાઈ બલવાન કી*
*યહ કહાની હૈ દીયે કી ઔર તુફાન કી!'*

## સાચી શ્રદ્ધાંજલી

- ડૉ. ઉર્મિલા શાહ
૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી ક્લબની સામે,
સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫

''અંતર મમ વિકસિત કરો,
અંતર મમ હે....''

પૂ. જશીબેનનાં અવસાનના સમાચારે આખાય શિક્ષણક્ષેત્રે એક ઘેરો આંચકો અનુભવ્યો. આજીવન કેળવણીકાર, કેટકેટલા માણસોને તેમણે ઘડી ઘડી જીવંત માનવ બનાવ્યા છે!... શિલ્પી પથ્થરમાંથી મૂર્તિ કંડારે અને પછી ધર્મગુરુ પાસે એમાં પ્રાણપ્રતિષ્ઠા કરાવીએ ત્યારે આપણે એને દેવ તરીકે સ્થાપિત કરીએ છીએ ત્યારે પૂ. જશીબેન તો જીવનપર્યંત ઈશ્વરે સર્જેલા, દેવના દેવદૂત જેવાં બાળકોનું ઘડતર કરી કરીને એમને માનવમાંથી દેવ બનાવ્યા છે. અને એવા માનવોને ક્યારેક અચાનક મળવાનું થયું છે ત્યારથી મારા હૃદયમાં પૂ. જશીબેન માટે અહોભાવ જાગ્યો છે. પહેલીવાર મળી ત્યારથી સતત એમની છાયા નીચે જ રહી છું. ક્યારેક હૃદયના એન્ટેનાની શક્તિ ટી.વી.ના એન્ટેના કરતાંય વધુ શક્તિશાળી પુરવાર થાય છે. અને ભાવવાહી રીતે આ પ્રાર્થના શરુ થઈ અને મારુ હૃદય લાગણીથી ભર્યું ભર્યું બની

ગયું. બે ચાર પ્રસંગો નજર આગળ કલ્પના સૃષ્ટિ સમક્ષ તરવરવા માંડ્યા.

અમે સૌ ત્યારે આબુ જઈ રહ્યા હતા. આવી રીતે જવાનું હોય ત્યારે અમે લગભગ ભાડાની ટેક્સી જ કરવાનું પસંદ કરીએ. કારણ કે લાંબે સુધી જાતે ગાડી ચલાવવી એ પણ મુશ્કેલ બની જાય છે. ક્યારેક મનમાં એવું થયા કરે કે આપણે કુટુંબીજનો સાથે નજદીકતાનો લાભ મળે એ માટે આવો પ્રવાસ યોજીએ અને ત્યારે ડ્રાઈવરની હાજરી મનની મોકળાશને થોડીક રૂંધે ય ખરી, પણ ઉંમર વધે તેમ જીવનના જુદા જુદા તબક્કે કેટલીક બાંધછોડ સ્વીકારવી પણ પડે. મનની આ બધી મૂંઝવણ છતાં આબુ ગયા. ત્યારનો એ ટેક્સીનો ડ્રાઈવર સ્મરણ પટ પર અંકિત થઈ ગયો છે. કારણ કે કલ્પિ ન શકાય એવી સંસ્કારિતા મને એના વર્તનમાં, વાણીમાં દર્શન થયાં. મનમાં સતત દ્વિધા ચાલતી હતી 'શું આ ખરેખર ટેક્સી ડ્રાઈવર જ છે'! કે પછી...'' ને મારાથી સાહજિક જ પૂછાઈ ગયું. 'ભાઈ કેટલુંક ભણ્યા છો?...'

''બેન! બાર ચોપડી. પણ પછી તો કામે લાગવું જ પડે એવું હતું.''

''કઈ સ્કૂલમાં ભણ્યા હતાં?'' બારમા જ ધોરણ સુધી ભણેલા એ ડ્રાઈવરમાં જે સંસ્કારિતા હતી તે જોઈ મારી કુતુહલવૃત્તિ વધી. આવા સ્તરમાંથી આવતાં માણસને ઘરમાંય એવું શું વાતાવરણ મળે! તો એનું આવું ઘડતર કેવી રીતે થયું હશે! મારા પ્રશ્નનો એણે ગૌરવથી જવાબ આપ્યો.

''બેન! સરસ્વતી વિદ્યામંડળની શાળામાં ભણ્યો છું'' અને પૂ. રઘુભાઈ, પૂ. જશીબેન, પૂ. વિઠ્ઠલભાઈ વગેરે માટે એણે જે અહોભાવ વ્યક્ત કર્યો, અને ત્યારે મારું હૃદય એ સૌ માટે અહોભાવથી ભર્યું ભર્યું બની ગયું. મને થયું, ઉજળા વર્ગની મોટી ગણાતી શાળાઓમાં તૈયાર થયેલા લોકોમાં જે સંસ્કારિતા હોય છે મને એ ડ્રાઈવરમાં જણાઈ અને મને કવિ દલપતરામનું તે કાવ્યની પંક્તિ યાદ આવી ગઈ.

'સાંબેલું વગાડે તો હું જાણું કે તું સાણો છે.'

એક કવિએ ખૂબ સરસ લખ્યું છે...

''જંગલથી દૂર જતો જાઉં છું
તેમ તેમ મને જંગલિયત
વધુને વધુ દેખાતી જાય છે.''

Civilization નાં ઓઠા હેઠળ આપણે વધુને વધુ uncivilized થતા જઈએ છીએ એવા યુગમાં સાવ નીચલા સ્તરનાં એ બાળકમાં આવા સંસ્કારનું સિંચન કરવું એ સાંબેલું વગાડવા જેવું જ કપરુ કામ છે ને!

અને મારું હૃદય પૂ. જશીબેન પ્રત્યેના અહોભાવથી પ્રસન્નતાથી છલકાઈ ગયું.

એવો જ એક બીજો પ્રસંગ યાદ આવે છે આવા જ સ્તરની એક લગભગ સાતમા કે એવા ધોરણની એક છોકરી કિશોરાવસ્થાને ઉંબરે પગ મૂકે એટલે એને સારા દેખાવાનો શોખ જાગે. એટલે વારંવાર અરીસામાં જુએ. વાળ સરખા કરે, અને એટલે ગરીબી અને અતિવિકટ પરિસ્થિતિમાં બાળકોને ઉછેરી રહેલી એ માંથી વારંવાર ગુસ્સો થઈ જાય. આમ વેશ્યાની જેમ શું વારંવાર અરીસામાં જોઈ વાળ ઓળ્યા કરે છે!'' અને એ છોકરીને એનો એવો તો આઘાત લાગ્યો. સ્કુલમાં આવી એણે એના શિક્ષિકાબેનને કહ્યું, ''બેન! આજે હું ઘેર જવાની નથી. મારી મા મને વેશ્યા જેવી કહે છે. બેન! તમને પગે પડું છું. તમે મને તમારા ઘેર લઈ જાવ, હું તમે કહેશો એ બધું જ કામ કરીશ. સાથે અહીં ભણવા આવીશ. પણ મને મારી મા ના આવા શબ્દો સહન નથી થતાં બેન!' અને એ ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડી. નાદાન મા બાપના સંતાનોય ક્યારેય કેવા સંસ્કારી અને સમજણા નીવડે છે. તેમાં સરસ્વતી વિદ્યામંડળના એ શિક્ષક ભાઈબહેનોનો સિંહફાળો છે એમ કહ્યા વિના કેમ ચાલે! આવા તો કેટકેટલા વિદ્યાર્થીઓના જીવનને આ સંસ્થાએ સાચો રાહ ચીંધ્યો છે!

પહેલાનાં વખતમાં એવી માન્યતા હતી કે શ્રી અને સરસ્વતી બે સાથે જોવા મળે પણ આજે હવે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે બહુ શ્રી છે ત્યાં કદાચ સરસ્વતી હશે પણ સંસ્કારિતાને તો લોપ જ થવા માંડ્યો છે. કારણ પૈસો કમાવો સહેલો છે પણ જીરવવો અઘરો છે. અને ત્યારે મને પૂ. રઘુભાઈ ઘણાં આદ્યદ્રશ્ય લાગે છે. તેમણે વર્ષો પહેલા ઉજળિયતા વર્ગમાં શિક્ષણકાર્ય કરવાની તકો હોવા છતાં આવા સ્તરનાં બાળકોનાં ઘડતરનું કપરું કામ ઉપાડ્યું. અને એ લેખ તેમણે જીવનપર્યંત ધૂણી ધખાવી જારી રાખ્યો. કથીરમાંથી કંચન પેદા કર્યું. પૂજ્ય જશીબેન એટલે પારસમણીનો સ્પર્શ નહીં તો બીજું શું! ઈશ્વર સદ્‌ગતનાં આત્માને ચિર શાંતિ સાથે અને આપણને માનવમાંથી જીવતા જાગતાં દેવોનું સર્જન કરવાનું શક્તિ આપે એવી પ્રાર્થના.

પૂ. જશીબેને પાડેલી કેડી પર સતત આગળ વધી એમના કર્મયોગને પુષ્ટિ આપીએ એ જ આપણી એમને સાચી શ્રદ્ધાંજલિ.

'હું માનવી માનવ થાઉં તોય ઘણું.'

## 'ઘરશાળા'નો ભાવનગરમાં જન્મ

- જશીબહેન નાયક
૧૩, મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ

૧૯૩૮ના, સૌરાષ્ટ્ર રાજ્યની આ વાત.

સૌરાષ્ટ્રનાં મુખ્ય શહેર ભાવનગરની સીમે હિલ ડ્રાઈવ નામના રસ્તા ઉપરના એક સમૃદ્ધ નાગરિક શ્રી મસ્તરામ પંડ્યાના નિવાસ સ્થાને બે મિત્રો મળવા માટે ભેગા થયા. ઘરની પાછળ એક સ્વીમિંગ પૂલ હતો. તેની એક બાજુએ એક વિશાળ મંડપ બન્યો હતો. જેમાં ત્રણ ઓરડા હતા. તેમાંથી એક ઓરડામાંની ત્રણ વ્યક્તિઓની ઓળખાણ કરીએ.

શ્રી મસ્તરામભાઈ ભાવનગરના એક જાણીતા અને સફળ બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર હતા. સાથે ભાવનગર રાજ્યના મુખ્ય એન્જિનિયર ઉપેન્દ્રભાઈ અને ત્રીજી વ્યક્તિ તે ભાવનગરના નવયુવાન કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદી. ત્રણેય જણના ભેગા થવાનું કારણ હતું દક્ષિણામૂર્તિ સંસ્થાનું વિસર્જન!

દક્ષિણામૂર્તિ ભાવનગરની પ્રખ્યાત રાષ્ટ્રીય શાળા. ૧૯૧૮માં રાષ્ટ્રપિતા ગાંધીજીના આશીર્વાદ સાથે બનેલી આ શાળા ભારત રાષ્ટ્રના ભવિષ્યના નાગરિકોને ઘડવા માટે બનેલી સંસ્થા. આ શાળા એક પ્રયોગ મંદિર હતી. એમાં વર્ગ પદ્ધતિને બદલે સ્વાધ્યાય પદ્ધતિથી શાળા ચલાવવામાં આવતી. પરીક્ષાવિહીન સંસ્થામાં આખા વર્ષ દરમિયાન કરેલા કામના આધારે વિદ્યાર્થીઓને પ્રમોશન અપાતું. આ સંસ્થા ચલાવનાર અનેક ખમતીધર શિક્ષકો હતા. જે સૌએ સંસ્થા શરૂ થઈ ત્યારે તેને વીસ વર્ષ સેવા આપવાનો ભેખ ધર્યો હતો. ૧૯૩૮માં એ વીસ વર્ષ પૂરાં થયાં ત્યારે એ બધા શિક્ષકોએ જુદી જુદી દિશામાં નવાં શૈક્ષણિક કાર્યો કરવા જુદા થવાનું નક્કી કર્યું અને દક્ષિણામૂર્તિ જેવી પ્રસિદ્ધ સંસ્થા બંધ થઈ.

એ ખમતીધર બાળ શિક્ષણકારોમાંના એક તે શ્રી હરભાઈ ત્રિવેદી. વીસ વર્ષ સુધી દક્ષિણામૂર્તિ દ્વારા ભાવનગરમાં સેવા આપી હવે કઈ દિશામાં શિક્ષણ કાર્ય આગળ વધારવું એની દ્વિધામાં હરભાઈ પડ્યા હતા.

દક્ષિણામૂર્તિનું વિસર્જ થયું ત્યારે હરભાઈ પાસે પણ આગળ કામ કરવા માટે મુંબઈ, કલકત્તા અને સુરત જેવાં શહેરોમાંથી આમંત્રણ આવ્યા હતા. હરભાઈના મનમાં ઘણી ઊંડી દ્વિધા હતી કે આગળ જતાં ક્યાં જઈ શિક્ષણકામ આગળ વધારવું.

હરભાઈના પરમ મિત્ર મસ્તરામભાઈએ આ દ્વિધા એમના મિત્રના ચહેરા ઉપર જોઈ હતી. એ જ

કારણે એમણે આ સાંજે મળવાનું ગોઠવ્યું હતું. હિલ ડ્રાઈવમાં સ્થિત એ મંડપમાં મળેલી ત્રિપુટી પાસે આપણે ફરી પાછા જઈએ.

મસ્તરામભાઈએ હરભાઈના ખભા ઉપર હાથ મૂકી પૂછ્યું કે, ''તમારા મોઢા ઉપરથી હાસ્ય ક્યાં જતું રહ્યું છે? કેમ એ હાસ્યની જગ્યા દ્વિધાએ લઈ લીધી છે ?'' જવાબમાં હરભાઈએ કહ્યું કે દક્ષિણામૂર્તિ બંધ થઈ એ પછી મને ભાવનગર છોડી બીજે કામ કરવા જવાનું છે. જુદા જુદા શહેરોમાંથી આવેલાં નિમંત્રણો તો સારાં છે. ક્યાં જવાનું પસંદ કરવું એની ગડમથલ મનમાં છે અને ભાવનગર છોડવાનું પણ મન થતું નથી.

''પણ તારે ભાવનગર છોડવાની જરૂર જ શું છે? આ તારી કર્મભૂમિ છે. તું વીસ વર્ષથી અહીંયા જ નવી શાળા ઊભી કરને.'' મસ્તરામભાઈ બોલ્યા.

હરભાઈએ કહ્યું, ''એ તો ઠીક પણ એ માટે પૈસાની જરૂર પડે ને.''

''તો હવે તું ગડમથલ છોડી દે. તું સંસ્થા ઊભી કર. આવતા પાંચ વર્ષ એ શાળાની આર્થિક જવાબદારી અમે સંભાળી લઈશું.'' ઉપેન્દ્રભાઈએ પણ એ વાતને મજબૂત ટેકો આપ્યો.

''ચાલો ત્યારે હવે નક્કી. તું અહીં જ શાળા શરૂ કર.'' અમે સૌ તને પૂરી મદદ કરીશું.

ત્યાં સ્વીમિંગ પૂલમાં તરતાં છોકરાઓને જોઈ ઉપેન્દ્રભાઈએ એમને બૂમ પાડી બોલાવ્યા. ''જુઓ, છોકરાઓ, હરભાઈ હવે અહીંયા જ નવી શાળા શરૂ કરવાના છે. તો તમે સૌ એમાં ભણવા આવશો ને?''

છોકરાઓએ સૌએ આનંદપૂર્વક હા પાડી. સૌએ ખુશીથી પોતાનાં નામ નોંધાવ્યા. ઈન્દુ, બિન્દુ, અરૂણા, જયા પટેલ એ સૌએ પોતાના નામ લખાવ્યા.

'પણ એ શાળાનું નામ શું હશે?' કોઈક બોલ્યું, ''જો એ શાળા હરભાઈ ચલાવે તો તો એ ઘર જેવી જ શાળા હશે ને? તો આપણે તેને ''ઘરશાળા'' કહીએ તો કેવું? એક બાળકે કહ્યું. અને એ રીતે એ નાની ઘરશાળા સંસ્થાએ એ ત્રણ રૂમના મંડપમાં જન્મ લીધો.''

જાહેરમાં પ્રતિષ્ઠા મળવાથી ધીમે ધીમે ઘરશાળા લોકોમાં સારી નામના પામવા લાગી. શહેરની બહાર હિલ ડ્રાઈવ પર સ્થિત આ ત્રણ રૂમ ઘણા લોકોને દૂર લાગતા હતા. એટલે સંસ્થાને પાછી ભાવનગર લાવવા પ્રયત્નો શરૂ થયા. એ વખતે ભાવનગરના એક પ્રતિષ્ઠિત નાગરિક શ્રી કામદારની માલિકીના એક ખાલી મકાનમાં શાળાને લઈ આવવાનું નક્કી થયું. જેનાથી શહેરમાં રહેનારા કુટુંબો પણ પોતાનાં બાળકોને અહીં મોકલી શકે. અને ઘરશાળા પાછી ભાવનગર શહેરમાં આવી.

જોતજોતામાં નવા મકાનમાં પણ સંકડાશનો અનુભવ થવા લાગ્યો. એટલે પછી હરભાઈને વિચાર આવ્યો કે જૂની દક્ષિણામૂર્તિનું મકાન તો સાવ ખાલી પડ્યું છે. આ જૂનું દક્ષિણામૂર્તિનું મકાન મળે તો સંકડાશનો પ્રશ્ન હલ થઈ શકે. હરભાઈના અથાક અને સતત પ્રયત્નોથી દક્ષિણામૂર્તિનું મકાન મળ્યું. એ જ વિશાળ મકાન અને એ જ વિશાળ મેદાન ઘરશાળાનું નવું ઘર બન્યું.

હવે જે મકાનમાં હરભાઈએ ઘણા શૈક્ષણિક પ્રયોગો કર્યા હતા તે જ દક્ષિણામૂર્તિના મકાનમાં પાછા આવી જવાથી એમને ઘણો આનંદ થયો. પોતાના મિત્ર મસ્તરામભાઈને એક વખત એમ કહેતા હતા કે, ''દોસ્ત, તે મને કહેલું કે ભાવનગર તમારી કર્મભૂમિ છે. પણ તું તો મને એ જ મકાન અને એ જ જગ્યાએ પાછો લઈ આવ્યો જ્યાં હું પહેલાં કામ કરતો હતો.''

કોઈકોઈવાર ઑફિસની બહાર આવીને એ વિશાળ મેદાનમાં રમતાં વિદ્યાર્થીઓને જોઈ એમના મનમાં ઘણો આનંદ ઉદ્ભવતો. એ પછી આજીવન શિક્ષણકાર્ય એમણે આ જ કર્મભૂમિ પર કરવાનું ચાલુ રાખ્યું.

પછી તો ''ઘરશાળા સંસ્થા'' વિકાસ પામતી ગઈ. પ્રાથમિક શાળા, બાલમંદિર, બાલ અધ્યાપન મંદિર એવા અનેક વિભાગો શરૂ થયા. અને તેમને ઘણા સારા સહકાર્યકર્તાઓ મળતાં રહ્યા.

શાળાના એક શિક્ષક જેમને સંસ્થા માટે ખૂબ પ્રેમ હતો. તેમણે ઘરશાળાનું એક સંસ્થા ગીત લખ્યું. જેમાં એમણે સંસ્થાના સ્થાપક શ્રી હરભાઈને એક વડલા સમાન ગણ્યા છે. એ ગીત જોઈ ઘરશાળાને કદાચ વધુ સમજી શકાશે.

''હર હર હર.... મહાદેસમી,
લઈ જટા ઘટા અદ્‌ભુત છટા,
એક ઊભા છે વડ દાદા,
જાણે ઊભા છે વડ દાદા...
મારી એવી છે ઘરશાળા(૨)...ટેક
સ્વતંત્ર સૃષ્ટિ સર્જી એણે,
શીતળતા પ્રસરાવી,
કિલ્લોલી ઊઠે જ્યાં પંખી,
ગણના પ્રત્યેક વિભાગો,
સમાનતા સૌ માન તણા,
સિદ્ધાંતે સૌના માળા,
મારી એવી છે ઘરશાળા(૨) હર હર (૧)
ધીર ગંભીર વડ દાદા કેરી,
ડાળો-ડગલાં...ભરતી,
જટા ઘટા જોઈ ઝંઝાવાતો,
દૂરથી સલામ ભરતી,
બીજ પડે જ્યાં જ્યાં,
ત્યાં સર્જે નવી નવી વનરાજી
જાણે શાખા પર ઉપશાખા
મારી એવી છે ઘરશાળા(૨) હર હર (૨)
બાલ મંદિર એ કીડી મકોડા,
બુનિયાદી એ ચકલી ચકલા,
વિનય મંદિરએ હંસ-હંસલા,
અધ્યાપનમાં ઢેલ-મોરલા,
મારી એવી છે ઘરશાળા(૨) હર હર (૩)

## *પિતા પુત્રી સંબંધ*

- શ્રી મનોજ શુક્લા

'બેટા, તેં જે આપણી જ્ઞાતિ બહારનો છોકરો પસંદ કર્યો છે તે અંગે મને વાંધો નથી પણ હું એવું ઇચ્છું છું કે તું આ અંગે તારી બાને પણ સમજાવ અને રાજી કર.'

'બેટા, તેં જે છોકરો પસંદ કર્યો છે તે જર્મનીમાં પાંચ વર્ષ રહી આવ્યો છે એટલે ત્યાં તેને કોઈ પ્રેમસંબંધ હતો કે નહીં તે જરા પૂછી-ચકાસી લેજે.'

કેમ કેવા લાગ્યા ઉપરના વાક્યો ? આ વાક્ય જાણે હજુ આજ-કાલમાં જ બોલાયા હોય તેવું લાગે છે ને?

જો આ વાક્યો આજ-કાલમાં જ બોલાયા હોય તેવું લાગતું હોય તો તે માન્યતા સાવ ખોટી છે. તે સૌ પ્રથમ સર્વે વાચકોના ધ્યાન ઉપર નમ્રતાસહ મૂકવાનું અત્રે ઉચિત જણાય છે.

આ વાક્યો આજથી આશરે ૬૦ વર્ષ પહેલાંના છે. એટલે કે ૧૯૪૦-૪૧ના છે. બોલનાર પિતાનું નામ છે હરભાઈ ત્રિવેદી અને સાંભળનાર પુત્રીનું નામ છે જશીબહેન રઘુભાઈ નાયક. ગુજરાતનાં શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા (હજુ આજે પણ) ભાગ્યે જ કોઈ એવા હશે જેમણે આ નામ નહીં સાંભળ્યા હોય.

રઘુભાઈ નાયક અનાવિલ જ્ઞાતિના (સંદર્ભ : મોરારજીભાઈ દેસાઈની જ્ઞાતિના) અને જશીબહેન મોઢ બ્રાહ્મણ જ્ઞાતિના. હરભાઈએ ભાવનગરમાં

'ઘરશાળા' નામની એક ચીલો ચાતરનાર શાળા સ્થાપેલી. તેમાં સામેલ થવા રઘુભાઈ ભાવનગર આવેલા અને જશીબહેન પણ તેમાં જોડાયા. સાથે કામ કરતાં કરતાં બંને એકબીજાને ગમવા માંડ્યા. વળી, હરભાઈના ઘરમાં વાતાવરણ એવું કે દીકરીઓ પણ બાપને મિત્ર તુલ્ય ગણે અને એટલે જશીબહેને કશી જ હિચકિચાહટ વગર હરભાઈને કહ્યું કે મને રઘુભાઈ ગમે છે અને એ પણ મને પસંદ કરે છે. તેના જવાબમાં હરભાઈએ જે કહ્યું તે આપણે મથાળે જોઈ ગયા. વિચાર તો કરો, કેવી હશે એ યુગના યુવાનોની વિચારધારા. બધું સમુસૂતરું પાર પડી ગયા પછી રઘુભાઈએ કહ્યું કે હું કન્યાદાનમાં માનતો નથી. તેથી એવી કોઈ વિધિથી લગ્ન નહીં કરું. એટલે ગુજરાતના ઉત્તમ ગૃહપતિ ગણાયેલા સ્વ. મૂળશંકર મો. ભટ્ટે 'સબ સે ઊંચી પ્રેમસગાઈ' એ ગીત ગાયું અને જાણીતા હાસ્યકાર સ્વ. પ્રા. ન. પ્ર. બૂચે કેટલીક તોફાની પ્રતિજ્ઞાઓ મનોરંજન અર્થે જશીબહેનને લેવડાવી જેવી કે - રઘુભાઈ પહેલાં જમી લઈશ જેથી મારી રસોઈમાં રહેલી કચાશ હું તેમને જમાડતા પહેલાં સુધારી શકું. લગ્નના ૪ વર્ષ પછી આ દંપતીએ સરસ્વતી વિદ્યામંડળ નામની શિક્ષણ સંસ્થા માધુભાઈ મિલ કમ્પાઉન્ડમાં અને સરસપુર જેવા પછાત વિસ્તારમાં સ્થાપીને શિક્ષણનું જે કામ કર્યું છે તે તો એક ઈતિહાસ છે.

અહીં એક અંગત કિસ્સો પૂરો કરીએ પણ તેમાંથી સમજવાનું છે તેનો પ્રારંભ કરીએ. સૌ પ્રથમ તો એક અદ્‌ભુત પિતા તરીકે હરભાઈને વંદન કરવા છે. જે જમાનામાં જ્ઞાતિના પેટા વિચાર કે જુદા ગોળમાં પણ દીકરી કે દીકરો પરણાવો તો હાહાકારનો વિષય હતો ત્યારે હરભાઈની સ્વસ્થતા સૂચવે છે કે તેઓ તેમના જમાનાથી ૧૦૦ વર્ષ આગળ જીવતા હતા.

આ કિસ્સા સાથે ચિંતા એ કરવાની છે કે હજુ આજે પણ દીકરીને સાંજે છ વાગ્યા પછી (ઉનાળામાં ૭ પછી) બહાર નીકળવા પર પ્રતિબંધ લાદતા મા-બાપો છે. દીકરી બાપ સાથે પોતાની કોઈપણ અંગત વાત પોતાના પિતા, ભાઈ, કાકા, મામા કે દાદા સાથે વહેંચી ન શકે તેવી સ્થિતિ આજે પણ છે. શાળા-કોલેજની કોઈપણ પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે દીકરીને હરખભેર અનુમતિ આપતા મા-બાપોની સંખ્યા હજુ આજે પણ રાજી થવાય તેવી તો નથી જ. જુવાન દીકરી પર હાથ ઉપાડનાર જંગલી મા-બાપો હજુ પણ આ સમાજમાં વિચરે છે. દીકરી પોતાના મિત્ર વર્તુળ સાથે ફિલ્મ જોવા જાય તે વાત ખમી ન શકનારા વાલીઓ આજે પણ છે.

વિચારવાનું એ છે કે અનેક બાપને દીકરીઓ હોય છે પણ દરેક દીકરીને બાપ હોય છે ખરો? આ પ્રશ્નને ઝીણવટથી જોઈએ તો જવાબમાં જે દૃશ્ય દેખાય તે જોઈને રાજી થવા જેવું નથી. આપણે ત્યાં તો એવી સ્થિતિ છે કે દીકરીથી દૂર રહેતો બાપ તેના વર્તન માટે ગૌરવ અનુભવતો હોય છે અને વટથી કહેતો હોય છે કે 'દીકરીની દરેક બાબત તેની મા કુટી લે, આપણને એવા બૈરાંવેડામાં પડવું ફાવે નહીં.' વિકસવું એ પુરુષનો ધર્મ છે. ઉદારતા એ પુરુષનું અનિવાર્ય અંગ છે, પણ આ વાત સમજવાની કે સમજાવવાની તસ્દી કોઈએ લીધી હોય તેમ જણાતું નથી.

આપણે મહાભારતમાં દ્રૌપદીના વસ્ત્રાહરણ અને ભગવાન શ્રીકૃષ્ણના દ્વારા ચીર પૂરવાની ઘટનાને ગાઈ વગાડીને સંભળાવીએ છીએ, સાંભળીએ છીએ. આપણે વાર્તાપ્રિય લોકો છીએ એટલે રસપ્રદ ઘટનામાં રહેલી વાર્તા સિવાયની કોઈ વાતમાં આપણને રસ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

પડતો નથી પણ તેના તત્ત્વો તરફ જોતાં પણ શીખવું તો પડશે જ. ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા જે ચીર દ્રૌપદીને અપાયા તેનો બોધ એ છે કે જ્યારે જ્યારે પણ સ્ત્રી (ઉર્ફે દીકરી, બહેન, ભત્રીજી, પત્ની) નિરાધારપણું અનુભવે (સાદી ભાષામાં કહીએ તો મુશ્કેલી અનુભવે કે મૂંઝાય) ત્યારે તેના નિકટના કોઈપણ પૂરુષની ફરજ છે કે તેનું મન, વચન અને કર્મથી રક્ષણ કરવું.

દીકરીના પિતા માટે તો આ બાબત ફરજિયાત ગણી શકાય. ગાંધીયુગના એક પિતાએ તેની યૌવનમાં ડગ માંડતી દીકરીને માથે લાગણીપૂર્વક હાથ મૂકી ને કહેલું કે, બેટા તું જે જગતમાં જાય છે તે જગત કાંટાળુ છે. ખાસ યાદ રાખજે કે મારા પિતા મારા મિત્ર છે અને કોઇ તને દબાવે તો તરત એને કહેજે કે આ વાત મારા પિતાને કહી દઇશ. આટલી વાતથી જ મોટાભાગના તારા પ્રશ્નો ઉકલી જશે. કારણ કે જગતમાં જ્યારે લોકોને ખબર પડે કે આ દીકરી તેના બાપથી દબાય છે ત્યારે આખું જગત તેના દબાવવા તત્પર થઇ જાય છે.

દરેક દીકરીના બાપે દીકરીના મિત્ર થતા શીખવાનું છે. આમ કરતાં જીવનમાં કોઇ કસોટી આવે તો તે સ્વીકારવાની છે. ઉપર જે હરભાઈ ત્રિવેદીનો દાખલો આપ્યો છે તે કિસ્સામાં પણ સમાજના રુઢિચુસ્તો હરભાઈની ઉપર હુમલો કરવા આવેલા પણ ઘરશાળાના વિદ્યાર્થીઓએ હરભાઈનું રક્ષણ કરેલું.

આ હરભાઈ એટલે કોણ? તેનો જવાબ એ છે કે ગુજરાતમાં કેળવણી ક્ષેત્રે શાંત ક્રાંતિ કરનાર નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ બધેકા અને હરભાઈ ત્રિવેદીની ત્રિપુટી એ જમાના ખ્યાતનામ હતી. ભાવનગરને જ કર્મભૂમિ બનાવનાર આ શિક્ષણકારો સાચા અર્થમાં શિક્ષકો હતા. 'પારકાનાને જતિ કરવા'ની પરંપરામાં માનનાર ન હતા. જશીબહેન તો આજે પણ હરભાઈને યાદ કરતા કહે છે કે તેમણે અમને શબ્દોથી કશું જ નથી કહ્યું કે નથી શીખવ્યું. તેમનું વર્તન જ અમારી કેળવણીનું શ્રેષ્ઠ માધ્યમ હતું.

દીકરીના બાપ બનવા માટે માનવમાત્રએ મુઠ્ઠી ઉંચેરા બનવું પડે છે. સાબિત થવું પડે છે. બાણશૈયા પર સૂવું અને દીકરીના સફળ બાપ થવું એ બંને એક સરખી શક્તિ માંગી લેતું કાર્ય છે. અહીં સફળતાનો માપદંડ ભૌતિક નથી. દીકરીને વસ્તુ કે વસ્ત્રથી સમૃદ્ધ કર્યેથી પાર નહીં આવે. તમે દરેક રીતે તેની સાથે છો તેવી પ્રતીતિથી તેને સમૃદ્ધિ બક્ષી તે સફળ બાપ થવાની પૂર્વશરત છે. અહીં સફળ બાપનો રબ્બરસ્ટેમ્પ નથી મારવાનો પણ જે કરવાનું છે તે અંદરથી કરવાનું છે.

૬૦-૭૦ વર્ષ પહેલાંના એ જમાનામાં એક આધુનિક બાપની વાત કરતી વખતે અહીં દીકરી ધરાવતા દરેક બાપનું કહેવું છે કે દીકરીના બાપ થવું તે સદ્ભાગ્ય તો છે પણ સાથે સાથે તે એક જવાબદારી છે જે ઇશ્વરે તમારી કક્ષા જોઇને તમને આપી છે. તેને સાબિત કરવાની જવાબદારી તમારી પોતાની છે. એ કરવું તે જીવનનું સર્વશ્રેષ્ઠ સુખ છે.

૯૨ વર્ષના જશીબહેનને પૂછ્યું કે હરભાઈએ જે બીજું વાક્ય કહેલું કે નાયકસાહેબ કોઇના પ્રેમમાં તો નહોતા ને? એનો જવાબ આપે શું આપેલો? ત્યારે પોતાના બોખા મોં પર ભરપુર હાસ્ય લાવીને જશીબહેને કહ્યું, 'મેં કહેલું કે એ પણ પ્રેમમાં હતા અને હું પણ હતી! એટલે બીજી ફિટાઉસ!' (આજની પેઢીની ટીકા કરતાં ચોખલિયા વડીલોને આ વાક્ય ફરીવાર વાંચવા વિનંતી).

**ઇતિ સિદ્ધમ :** 'અજીબ હૈ દર્દ ઔર ખુશી કા રિશ્તા મિલે જો છાંવ તો બસ કહીં ધૂપ મેં મિલેંગી.'

- ગુલઝાર

## પિતા રાષ્ટ્રના

- શ્રી જશીબેન નાયક

પિતા રાષ્ટ્રના,
જન્મદિન આજે તમારો,
નજરે ચઢે અનેક સમારંભો.
માનેલા પ્રતિષ્ઠિતો,
પ્રધાનો, ઉપપ્રધાનો,
વંદન કરે,
સંબોધન કરે,
તમે છો પિતા રાષ્ટ્રના ને!
ઓ! રાષ્ટ્રના પિતા!!
ઉભરે છે પ્રશ્નો અનેક મનમાં,
વસ્ત્રહીન ભૂખ્યાં નિરક્ષર બાળકો આ દેશનાં,
જોઈને રડતો હતો તમારો આત્મા,
રચ્યા તમે કાર્યક્રમો ગરીબી દેશની ટાળવા;
છતાં ટળવળે શાને! રોટી વિના
બાળબચ્ચાં આ રાષ્ટ્રનાં?
ચઢાવ્યું શિક્ષણ તમે કસોટીએ
રચી ‘‘બુનિયાદી તાલીમ’’ને,
સંદેશ માનવીય વાસ્તવદર્શી શિક્ષણનો
બાપુ!!
ભૂલાયો એ સંદેશ આપનો
જૂનવાણી શિક્ષણના આધુનિક સ્વાંગમાં!
મહા-સાગરે ઊભો યુવાન દીન મુખે,
જ્યાં જ્યાં જવા મથ્યો એ યુવાન
જઈ જઈ ને વળે પાછો
જાણે ભૂલભૂલામણીના પ્રદેશોમાં,
મોટો થતાં થતાં તો,
અપમાનિત થયો એ - જીવનપથ પર
ગયું હણાઈ વ્યક્તિત્વ એનુ
બન્યો ‘‘અકાળે વૃદ્ધ’’ આત્મવિશ્વાસહીણો
બાપુ!!
જ્યાં જ્યાં જઈને વસી લક્ષ્મી
એના સ્વામીને કહ્યું, ‘‘તમે-’’
ટ્રસ્ટી બનો, લક્ષ્મીપતિ નહિ.
બની બેઠા એ લક્ષ્મીપતિઓ, નવા રાજ્યોનાં ખરીદદારો!
બાપુ!!
અંધકાર ખૂણે બેઠી; દીઠી ભારતીય નારીને
મંત્ર આપ્યો સ્વતંત્રતાનો, સ્વાવલંબી કરી તેને,
નારી બની માનિની
મેળવીને પ્રેરણા તમારી
પરંતુ બાપુ!!
ઊલટું દીસે, સઘળું આજે,
ચડીને દહેજની ચિતાએ
વેચાય છે માનિની આજે,
લૂંટાય લાજ માનિનીની
સૂર્યની સાક્ષીએ.
બાપુ!!
સમજાવ્યું હતું સૌને,
જેણે આપ્યો હતો સાથ તમને.
‘‘આત્મા’’ આ દેશનો વસે છે ગામડે.
બાપુ! આત્મા ગયો છે
મુરઝાઈ આજે-
દીસે તેથી રાષ્ટ્ર નિસ્તેજ સાચે.
બાપુ!!
શિખવેલ મંત્ર એક અનેરો
‘‘ધર્મ નથી શિખવતો કદી
આપસમાં વેર કરતાં’’
ભૂલીને એ મંત્ર તમારો
લડ્યા કાપ્યા, માર્યા પરસ્પરને
એજ મઝહબનું નામ લઈને.
‘‘પિતા રાષ્ટ્રના!!
‘‘મન અનુભવે છે આજે આશા-નિરાશા હીનતા વારંવાર
દિવસ છતાંયે
અંધકાર શાને?’’


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ઊઠે-પ્રશ્ન રાષ્ટ્રના યુવાન હૈયે.
બાપુ
બાપુ તણો એ!!
ધીરે-ગંભીર અવાજ સાંભળ્યો યુવાને
શાંત-નીલ ગગનની વિશાળતાએ
દૃઢ અવાજે આવ્યો ફરી ફરી પ્રતિધ્વનિ!
''યુવાન બેટા!!
સત્ય એ જ પરમેશ્વર!!
એ જ વાત શું ગઈ, ભુલાઈ!!
''યુવાન!!
ચડાવ સત્યને કસોટીએ
રાષ્ટ્રહિત જો જાય ભૂલા યે.
જ્યાં જ્યાં જુવે અનેક અન્યાય
તારા હિંમતે; ઊંચું હજો મસ્તક સદાય.
કહી દેજે; જે સત્ય છે તે
વિના વિલંબયુવાન યુવે રાષ્ટ્ર કાજે
કરશે મજાક તારી સ્વાર્થીઓ અનેક
ગણીને મૂર્ખ તને.
કરીશના દૃષ્ટિએ દિશાએ
બલિદાન દેવા ભસ્મ થવું પડે તારે
થરથરીશ નહીં મનમાં જરાએ.''
મરવું પડે જો તારે!!
જાગી ઊઠશે-યુવાન સપૂતો હજારો
તારી ભસ્મમાંથી
અંગડાઈ લઈને.
છોડ ઉદાસીનતા આજે''
''બાપુ! બોલ્યો યુવાન-
કર્યું મસ્તક નીલગગનની વિશાળતાએ
સાંભળીને બાપુ તણો ધીર ગંભીર અવાજ
''બાપુ!'' બોલ્યો યુવાન-
કર્યું મસ્તક નીલગગનની વિશાળતાએ
સાંભળીને બાપુ તણો ધીર ગંભીર અવાજ
''બાપુ!! એકલો પડી ગયો છું,
અન્યાય અને જૂઠાણાની પરંપરાએ
વચનો દીસે છે-અધૂરાં, પોલમ પોલં
રાષ્ટ્રની વિરુદ્ધનાં.
''સ્વ''ના નાનકડા એ વર્તુળથી
નીકળી શક્યો નથી કોઈ''
''યુવાન! બેસ! ફરી સાંભળ્યો બાપુ તણો અવાજ એણે.
''હતો હું એકલો
જ્યારે હતો તારી જેવો યુવાન હું.
પરદેશી મજાકે સત્તાના અવાજે
અપમાનીત કર્યો હતો મને
ધુત્કારેલો મને;
''બ્રાઉના સ્વપ્ન ઘેલો કહીને મને.''
પરંતુ બાપુ!!
રાષ્ટ્ર ઊમટ્યું હતું તમારી સાથે
ઊમટ્યો'તો માનવ-મહાસાગર દેશનો
એ ''સ્વપ્ન ઘેલા બ્રાઉન' સાથે,
પિતા રાષ્ટ્રના!!
સ્વાતંત્ર્ય પછીની એ વેદનાઓ
ઊભી કરે છે ભયની ભૂતાવળો
મારા જ ભાઈભાંડુઓ
નથી રહ્યા સ્વજનો આજે બાપુ!!
વ્યક્તિ બનીને ચૂંથાય રાષ્ટ્ર આજે.''
''યુવાન બેટા જાઉં છું.
એ વેદનાઓ તારી
વલોવે અંતર તારું
દિન રાત એ તો.
પણ તાર જ હૃદયે સાંભળું હું,
રાષ્ટ્રહિત વેદનાઓને.
જાણજે બેટા!! આજે
માતાની હાકલ પડી છે ફરી આજે
બની જા અર્જુન; યુવાન તું.
સારથી બનીને વિનવું હું.
ચડાવ કસોટીએ સત્યને
તું છો આજે ધર્મક્ષેત્રે.
ઓ-યુવાન- બની જા
રાષ્ટ્રપિતાનો પિતા તું.''

તા. ૨-૧૦-૧૯૯૩

# યશસ્વી જશીબેન

- શ્રી રણછોડ શાહ
મેનેજિંગ ટ્રસ્ટી, એમિટી અને એમિકસ સ્કૂલ્સ,
ભરૂચ સંપર્ક : ૯૯૭૯૮૬૧૬૩૧

*કૈંક મોટું કામ કર, ચંદ્રમાં જઈ બાંધ ઘર,*
*ભૂલ મા કે ત્યાંય પણ બાંધવી પડશે કબર.*
*થા ઊભો ! તપ ન કર, જોગી ન બન,*
*જીવનો રોગી ન બન,*
*થા ઊભો ! કૈં કામ કર,*
*ચાલ નિરુપયોગી ન બન.*

- શેખાદમ આબુવાલા

સમગ્ર જિંદગી શિક્ષણને સમર્પિત હોય તેવા શિક્ષકો જવલ્લે જ જોવા મળે છે. આજથી લગભગ આઠ દસકા અગાઉ જ્યારે બહેનોમાં ભણતરનું પ્રમાણ અત્યંત નજીવું હતું ત્યારે એક દીકરી ઉત્તમ શિક્ષક બનવાની કલ્પનાઓમાં રાચતી હોય તે આનંદ ઘટના ગણી શકાય. મુ.શ્રી. જશીબહેનનો જન્મ મહાન કેળવણીકાર પિતા હરભાઈ ત્રિવેદીને ત્યાં થયો. આજીવન શિક્ષક જ નહીં પરંતુ એક ખ્યાતનામ કેળવણીકાર કેવા હોય તેનો તેઓએ એક આદર્શ પૂરો પાડ્યો.

પ્રાથમિક શિક્ષણની સંસ્થા એક વિદ્યાર્થીના જીવનનું કેવું ઉત્તમ ઘડતર કરી શકે તે જોવું અને જાણવું હોય તો શ્રી જશીબહેનની શાળા, ઘરનું વાતાવરણ અને વાલીનો રોલ સમજવો પડે. ભાવનગરના ભવ્ય દક્ષિણામૂર્તિ સંકુલે શિક્ષણને સમર્પિત હોય તેવા શિક્ષકો અત્યંત મોટી સંખ્યામાં તૈયાર કર્યા છે.

પૂર્વ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષક થવાની તાલીમ લીધા બાદ શિક્ષણમાં અનુસ્નાતકની ઉપાધિ પણ પ્રાપ્ત કરી. તે સમયની ગુજરાતની ઉત્તમ શૈક્ષણિક સંસ્થાઓમાં અનુભવ પ્રાપ્ત કરવાનો નિશ્ચય કર્યો હતો. તેથી ૧૯૪૦-૪૧ના વર્ષમાં નડિયાદની ખ્યાતનામ વિઠ્ઠલ કન્યા વિદ્યા મંદિરમાં શિક્ષિકા તરીકેની સેવા પણ આપી.

*એ જ સરવાળે સરે છે જિંદગી,*
*દીપ તારી યાદના હરદમ બળે.*

- ફિલીપ ક્લાર્ક

૧૯૪૦માં શ્રી રઘુભાઈ નાયક ઘરશાળા ભાવનગરમાં આચાર્ય તરીકે જોડાયા. જશીબહેન તેમની સાથે વિશેષ પરિચયમાં આવતાં બંને લગ્નગ્રંથિથી જોડાયા. વિચારોનો મેળ મળતાં તેઓએ અમદાવાદમાં મજૂર વિસ્તારની બંધ થતી એક શાળાનું સંચાલન સામેથી માંગીને સ્વીકારી સરસ્વતી વિદ્યામંડળની સ્થાપના ૧૯૪૪માં કરી. આ સમયે તેમને એક નાનકડું સંતાન હતું. તેઓએ માત્ર પોતાના સંતાનને જ કેન્દ્રમાં રાખવાના બદલે શાળાના તમામ સંતાનો માટે જે કાંઈ કરી શકાય તે કરવા દંપતિ તૈયાર થયું. અત્યંત અભાવો વચ્ચે પણ પોતાની શાળાને પ્રગતિના પંથે લઈ ગયા. સમર્પિત શિક્ષક દંપતિ શિક્ષણમાં કેવું પરિવર્તન લાવી શકે તેનું જીવંત ઉદાહરણ મુ. શ્રી. જશીબહેન અને ડૉ. રઘુભાઈ બની રહ્યા. અનેક આચાર્યો અને સંચાલકોના તેઓ આદર્શ બની રહ્યા.

આ દંપતિની ખ્યાતિ કેવી પ્રસરી ચૂકી હતી તેનું ઉત્તમ ઉદાહરણ દિલ્હીમાં ગુજરાતી સમાજે જ્યારે શાળા સરદાર પટેલ વિદ્યાલય શરૂ કરી ત્યારે ત્યાંની જવાબદારી સંભાળવા તેમને આમંત્રણ આપવામાં આવ્યું. અમદાવાદની શાળા અત્યંત અભાવો વચ્ચે જીવતા વિદ્યાર્થીઓની હતી. જ્યારે દિલ્હીની શાળા બીજા છેડાની હતી. બંને શાળાના બાળકો વચ્ચે સામાજિક અને આર્થિક તફાવત બહુ જ મોટો હતો. છતાં આ શાળાઓને ઉત્તમ બનાવવામાં તેઓએ પાછું વળીને જોયું નથી. તે સમયના દિલ્હી અને


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

અમદાવાદ વચ્ચે પણ આર્થિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિ વચ્ચે પણ કેટલું બધું અંતર હોવા છતાં તેઓએ તે બાબતો સંભાળી લીધી. બંને શાળાના વાલીઓ, વિદ્યાર્થી અને શિક્ષકોને સાથે રાખી કામ કર્યું જે તેમની ઉચ્ચત્તમ સફળતાની નિશાની ચોક્કસ જ કહી શકાય.

*હવે તો શ્વાસમાં નિસાસા લાવી નથી શકતા,*
*સ્વચ્છ છે મન તેને સમજાવી નથી શકતા.*
*કેટલાય સાધુ-મહાત્મા આવીને ચાલ્યા ગયા,*
*નિયતિ અમારી કોઈ પલટાવી નથી શકતા.*

- અર્જુનસિંહ રાઉલજી

સરસ્વતી વિદ્યા મંડળ એક સંસ્થા તરીકે સમગ્ર ગુજરાતમાં એક આગવી પરંપરા સ્થાપિત કરતી શાળા રહી છે. મૂલ્યો અને નિષ્ઠાને ઉજાગર કરતા વિદ્યાર્થીઓ સમાજને આપવામાં તેને સફળતાના શિખરો સર કર્યા છે. શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ સદાય શીરમોર રહી છે. આ શાળામાં શિક્ષણ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓ હંમેશા સમાજમાં અલગ તરી આવ્યા છે. આ તમામનો યશ શ્રી જશીબહેન તથા શાળા પરિવારને ફાળે જાય છે. લાંબા સમયથી 'ઘરશાળા' સામાયિક સતત પ્રકાશિત થતું રહ્યું છે. શિક્ષણના અનેક સામાયિક પ્રકાશિત થતાં રહ્યા છે. પરંતુ આટલા લાંબા સમય સુધી સાતત્યપૂર્ણ અને ઉચ્ચત્તમ ગુણવત્તાયુક્ત પ્રકાશિત થતાં રહ્યાં તેવા શિક્ષણના સામાયિકો અત્યંત જૂજ છે.

મુ. જશીબહેનના તમામ કાર્યોમાં સૌથી વધુ આકર્ષક કામ હોય તો તેઓએ સદાય બીજી પેઢી તૈયાર કરવાના પ્રયત્નો કર્યા છે. તેમાં તેઓ સફળ થયા છે. આપણા દેશમાં ઓક્સફર્ડ અથવા કેમ્બ્રીજ જેવી સંસ્થાઓ નથી. તેનું મુખ્ય કારણ તત્કાલીન વહીવટકર્તાઓ ભાગ્યે જ નવી પેઢી તૈયાર કરવા બાબતે જાગૃત કે ચિંતીત હોય છે. પરંતુ સરસ્વતી વિદ્યામંડળ તેમાં અપવાદ રહ્યું છે તેનો અવર્ણીય આનંદ છે.

આજના યુવાનો જો ડૉ. રઘુભાઈ અને શ્રી જશીબહેનના ચાતરેલ ચીલા પર ચાલે તો ચોક્કસ જ સફળ શિક્ષક અને સંચાલક બની જ શકે. મુ. જશીબહેનને મારી શ્રદ્ધાંજલિ....

આગમન : કદી એકાંત સેવ્યું ને કદી સહવાસ લીધો છે;

*અમે સંસારમાં રહીને પરમ સંન્યાસ લીધો છે.*
*ગણીને ઈશ્વરે આપ્યા સતત એનું જતન કીધું;*
*મૂકી વણજોઈતું સઘળું જરૂરી શ્વાસ લીધો છે.*

- દિનેશ ડોંગરે નાદાન

## *મઘમઘતા રહેશો... આપ*

- શ્રી મૃણાલ ઓઝા

એ હરદમ હસતો ચહેરો,
નિર્મળ વ્યક્તિત્વ ધરાવતા આપ,
એ સંવેદનાનું ઝરણું વહાવતા આપ,
ભણતર સાથે ઘડતર થકી અસંખ્ય ને તારનાર આપ,
સહાનુભૂતિ અને ધીરજની મૂર્તિ સમા આપ,
બાળકો-સૌ પર વ્હાલનો અભિષેક કરતા આપ,
સરસ્વતીના સૂર્ય શિખર સ્વરૂપા,
હવે, સ્મરણયાત્રા સ્મૃતિના અસવારમાં,
અરે! હે સરસ્વતીના કણે કણમાં,
આપણા સૌ માં મઘમઘતા (મહેકતા) રહેશો...
યુગો યુગો થકી વ્હાલા જશીબા આપ.

## તખ્તેશ્વર મંદિર

- શ્રી જશીબેન નાયક

ભાવનગર એક નાનકડું શહેર હતું. અમે ગામની બહાર રહેતા હતા. શાંતિ ખૂબ રહેતી. અમારા ઘરની સામે સરસ ટેકરી હતી અને ટેકરી ઉપર સફેદ આરસપહાણનું એક મહાદેવનું મંદિર હતું. નાનકડી ટેકરી ઉપરનું આ મંદિર આસપાસની જગ્યાને શોભાવતું હતું. મંદિરનું નામ હતું તખ્તેશ્વર મહાદેવ. આમ તો થોડાક લોકો મંદિરે દર્શન કરવા આવતા. પરંતુ સોમવાર આવે એટલે ઘણી બહેનો મંદિરે દર્શન કરવા આવતી. હું એક વખતે નાની હતી. પણ રંગબેરંગી કપડાવાળા લોકોને મંદિરમાં હરતા ફરતા જોવાની મઝા પડતી. આ ટેકરો જૂનો હતો. તેનો રંગ ઘઉંવર્ણો હતો. કોઈ કોઈ વાર તો પગથિયાં ચડીને મંદિરમાં જવાને બદલે દોડીને જવાની ખૂબ મઝા પડતી. વહેલી સવારે અને સાંજે સૂર્યાસ્ત વખતે મહાદેવની પૂજા કરવા પૂજારી આવતા. સરસ મઝાનો ઘંટારવ થાય અને એ ઘંટારવના સ્વરો આખાય વાતાવરણમાં પ્રસરી જાય. મહાદેવની પાસે ધૂપસળી લઈ પૂજારીભાઈ મંદિરની આસપાસ ફરે. આ પૂજામાં શંકર ભગવાનની સ્તુતિ થાય. પૂજા શરૂ થાય અને મંદિરમાં આવેલાં નાનાં-મોટાં સૌ પલાઠીવાળી આંખ બંધ કરીને બેસી જાય. તે વખતનું એ ચિત્ર તો હજી જાણે સ્મરણની સાથે આંખ સામે ખડું થાય છે. ઘંટારવ બંધ થાય એટલે હરહર મહાદેવ પૂજારી બોલે. અને અમે પણ બધાની સાથે બોલીએ. બેઠેલાં સૌ પોતાની આંખો ખોલે એટલે પૂજારી અમને બીલીપત્ર આપે. તે અમારે આંખે અને માથે અડાડવાનું હોય. આવું બધું પૂજારી કેમ કરાવતો હશે એ સમજાતું નહીં પરંતુ પૂજારીભાઈ કહે એ પ્રમાણે કરવાની ખૂબ મઝા પડતી. અમે પૂજારી પાસે જઈને કહીએ કે ''એક બીલીપત્ર વધારે આપોને, મારી બા માટે.'' એ હસતાં હસતાં એકને બદલે બે પાંદડાં અમને આપતા. અમે કહેતા, ''પૂજારીભાઈ, મારાં બા પણ ઘરમાં શંકર ભગવાનની પૂજા કરે છે હોં.'' તમે કોઈકવાર જોવા આવજોને અને તેઓ હસી પડતાં.

રોજરોજ તો અમે આરતીના સમયે નહોતા જતા. પણ મંદિરમાં સવાર-સાંજ આરતી થાય એટલે બા અમને ત્રણેય ભાઈબહેનને સમજાવતી કે શંકર ભગવાનની આરતી પૂરી થાય ત્યાં સુધી સૌએ મૌન પાળવાનું છે અને અમે ત્રણેય ભાઈબહેન બા કહેતી એમ જ કરતાં. આરતી પૂરી થાય પછી, બસ બા હવે બોલીએને. એમ કહેતાં. બા પ્રસાદ અમને આપતી.

આમ આ આરસપહાણના સફેદ મંદિરનું મહત્ત્વ અમારા ઘરમાં ઘણું રહેતું. કોઈ કોઈ વાર તો ચાર-પાંચ દોસ્તો ભેગા થઈને તળેટીથી તે મંદિર સુધી કોણ પહેલું પહોંચી જાય છે એની હરિફાઈ અમે કરતા. મારાં બાને જેમ પૂજામાં રસ એમ અમારા પિતાને (હરભાઈને) આવી નાની નાની હરિફાઈમાં રસ પડતો. એ કહેતા, ''રોજ દોડતા મંદિર સુધી પહોંચી પાછા આવશો તો સરસ કસરત થઈ જશે.'' બા વચ્ચે બોલી પડતી. તારા નાનાભાઈએ તો તમને પાછા દોડતાં દોડતાં આવવાની વાત કરી પણ પાછા ઉતરો એ પહેલા દર્શન કરતાં આવજો પછી પાછા ફરજો. નાનાભાઈ હસતાં હસતાં બાને કહેતા, આ છોકરાંઓ મહાદેવનાં દર્શન કરવા તો જાય છે પણ મહાદેવને શું કહેતાં હશે? આમ તે વખતે તો નહોતું સમજાતું પણ હવે સમજાય છે કે બા અને પિતાની ધર્મની રીતભાતમાં ફરક હતો.

કોણ જાણે કેમ પણ સવારે ઊઠતાંવેંત જેવા બહાર નીકળીએ કે પહેલાં તખ્તેશ્વર મહાદેવનું મંદિર જોવાનું મન બહુ થતું. તખ્તેશ્વર મહાદેવનાં

સોમવારનાં દર્શન વખતે અમને ઘણી પ્રવૃત્તિઓ જોવા મળતી. યુવાન છોકરીઓ સરસ મઝાના ગરબાઓ લેતી. છોકરાઓ દોડતાં દોડતાં મંદિરના કેટલા રાઉન્ડ લીધા તે ગણતા અને મોટી ઉંમરના લોકો દર્શન કર્યા પછી બહાર ઓટલે બેસીને સંસારની વાતો કરતા અને પોતાનાં બાળકોને રમતાં-દોડતાં જોઈને ખુશી થતાં.

આમ આ સરસ મઝાનું સંગેમરમરનું મંદિર ભાવનગરના લોકોના હૃદયમાં એક મહત્ત્વનું સ્થાન ભોગવતું. ટેકરી ઉપર કોઈ કોઈ જગ્યાએ બોરડીનાં અને કેરડાનાં ઝાડ હતાં. બોર અમે ખાતાં અને કેરડાં બાને આપતાં. બા કહેતી ચાલો, ભગવાનના કેરડાંનું આપણે અથાણું કરીશું. દિવાળી આવે એટલે ઘેરઘેર રંગોળી થાય અને કંકુ અને હળદરના સાથિયા લોકોના આંગણે જોવા મળે. એક વખત હરભાઈ કહે, આવતી દિવાળીમાં આપણે જુદી જાતની રંગોળી કરીએ તો કેવું સારું! અમને કહે કે આ મંદિર છે ને એ ટેકરીમાં ભાવનગરના મહારાજાએ લાલ અને સફેદ કપચીઓ ખૂબ નંખાવી છે. એ નાના નાના પથ્થરો તમે ઘરે લઈ આવો અને એમાંથી રંગો બનાવો તો કેવું સારું. અમે તો ખુશ થઈ ગયા. હું મારી બહેનપણીઓ સાથે આ ટેકરીઓ ઉપર લાલ-પીળા-સફેદ પથ્થરો લેવા પહોંચી ગઈ. એક રૂમાલમાં ભરીને તે પથ્થરો લેવા પહોંચી ગઈ. એક રૂમાલમાં ભરીને તે પથ્થરો ઘરે લાવી. પછી તો બા પાસેથી ખાંડણી અને દસ્તો માંગ્યાં. લાલ અને સફેદ પથ્થરોનો ભૂક્કો બનાવ્યો. તેને ચાળીને વધુ ઝીણો બનાવ્યો. દિવાળી આવી એટલે ઘરના આંગણામાં તખ્તેશ્વર મંદિરની ટેકરીમાંથી લાવેલા રંગોથી સાથિયા પૂર્યા. જાતે કરેલા રંગો અમને ખૂબ રૂપાળા લાગતા અને અમે ખૂબ ખુશ થતા. અમારામાંથી એક જણ મંદિર પાસે પૂજારીના આંગણાંમાં પણ એ જ રંગોથી શંકર ભગવાનનું ચિત્ર દોરી આવ્યું. તેઓના ઘરમાં એક નાનકડી આરતી ઉતારી.

આમ આ ઘઉંવર્ણો નાનકડો ટેકરો અને સફેદ સરસ મઝાનું મંદિર અને મંદિર સાથે જોડાયેલા એ વખતના રાજાનું નામ તખ્તસિંહજી હતું. એથી ભગવાન અને રાજાને પ્રજા યાદ કરતી અને હોંશે હોંશે દર્શન કરવા આવતી. મંદિરનાં પગથિયાં અમે ચડતાં ત્યારે ડાબી બાજુએ સફેદ પથ્થરમાં કાળા રંગથી લખાયેલું લખાણ હતું. કયા વર્ષમાં એ મંદિર બંધાયેલું તે અમે જ્યારે જઈએ ત્યારે રોજ વાંચતા. મંદિરની પ્રદક્ષિણા એ અમારા બાળપણના સમય સાથે ગૂંથાઈ ગઈ હતી. જેટલીવાર પ્રદક્ષિણા ફરીએ એટલીવાર જાણે મનની અને શરીરની તાકાત વધતી જતી હતી. વધુને વધુ પ્રદક્ષિણા કરવાની ઈચ્છા થતી રહેતી.

શહેરથી દૂર એવા શાંત વાતાવરણમાં આવેલું આ મહાદેવનું મંદિર ભાવનગર રાજ્યની શોભા બની રહેતું. શ્રાવણ માસનો એકે એક દિવસ મંદિરના પથ્થરે પથ્થરમાં જીવંત બની જતો હતો. ભાવનગરથી અમદાવાદ ગા. પણ તખ્તેશ્વર મંદિરની સાંજની આરતી કદી ભૂલાઈ નહોતી. અમદાવાદથી દિલ્હી ગયા પણ સફેદ મઝાનું મંદિર સાંજ પડે સ્મૃતિમાં જીવંત બની જતું હતું. આજે તો એવું પણ લાગે છે કે અમારા બાળપણને સમૃદ્ધ બનાવવામાં તખ્તેશ્વર મંદિરની સ્મૃતિઓ ઘણી જવાબદાર છે. યૌવનને સમૃદ્ધ બનાવવામાં ભૂતકાળની આ સ્મૃતિ ઘણી તેજસ્વી બની રહેતી. બીજા કોઈ શહેરમાં હું જ્યારે મંદિર જોતી ત્યારે તખ્તેશ્વરનું મંદિર સ્મૃતિમાં આવીને ઊભું રહેતું.

બસ, આજે તો આ જ સ્મરણ છે : એ ઘઉંવર્ણી ટેકરી, તેના ઉપરનાં નાનાં નાનાં લીલાં ઝાડવાંઓ, મંદિર ઉપરનો કળશ. એ બધું યાદ કરું છું ત્યારે એમ લાગે છે કે એ સમય કેવો મઝાનો હતો. ઝગમગતો એ ઘુમ્મટ ઉપરનો કળશ અને ફરફરતી ધજા. ચિત્ર

આંખ સામે આવીને ઊભું રહી જાય છે. આજે પણ કોઈ મંદિરમાં આરતી થાય તો બાનો અવાજ સંભળાય છે. ''બેટા, આરતી પૂરી થાય પછી જ બોલજો હોં.''

આ હતું ભાવનગરનું સંગેમરમરનું તખ્તેશ્વર મંદિર.

અમારી આ મિત્રમંડળીના તથા એ સમયગાળાનાં વર્ષોના વિકાસમાં આ મંદિરની પ્રવૃત્તિનો અનુભવ અમૂલ્ય બની રહ્યો હતો.

મંદિરનાં દર્શન કરીને ઘેર જતાં પહેલાં બહાર ઓટલા ઉપર વિસામો ખાવા અમે બેસતા. ત્યારે એ સફેદ આરસપહાણનો ઠંડો અને મૃદુ સ્પર્શ શરીરના અણુએ અણુમાં એક નવી પ્રેરણા અને તાજગી આપી જતો. ચારે દિશાઓમાંથી આવતી ઠંડી હવા એક નવો સંદેશ આપી જતી. મન અને શરીરની આ તાજગી આજે પણ આ લખું છું ત્યારે જીવંત બની રહે છે. આજે અમારી શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ એક શ્લોક ગાય છે,

સભી દિશાઓસે શુભ સુંદર<br>
ભાવ વિચાર ભરે નિત અંતર

આ શ્લોક જ્યારે જ્યારે ગવાતો સાંભળું છું ત્યારે ત્યારે ભાવનગરના એ તખ્તેશ્વર મંદિરના ઓટલા ઉપર બેસીને સાંભળતી હોઉં એવું લાગે છે. આ ભાવનાભર્યા વિચારો વાગોળવાની કેવી મઝા! તખ્તેશ્વર મહાદેવ તમને અમારા અનેક પ્રણામ.

## સ્મરણીય ભાવાંજલિ શ્રી જશીબહેન

- વનિતાબેન વાઘાણી<br>
જે. એન. બાલિકા (મદદનીશ શિક્ષિકા)

નમ્રતા નદીની જેમ વહેતી<br>
તમારામાં અમે સૌ જોતા,<br>
સંવેદનાની સરવાણી વહેતી<br>
તમારામાં અમે સૌ જોતા,<br>
સંગીતની મીઠાશ વહેતી<br>
તમારામાં અમે સૌ જોતા,<br>
પ્રેરણાના પિયુષ પિવડાવતા,<br>
તમારામાં અમે સૌ જોતા,<br>
સ્નેહનો સૂર્ય-પ્રકાશ પાથરતા<br>
તમારામાં અમે સૌ જોતા,<br>
કરુણાનો સાગર અને મમતાનો મહેરામણ<br>
તમારામાં અમે સૌ જોતા,<br>
આદર્શ શિક્ષિકા, આદર્શ માર્ગદર્શિકા<br>
તમારામાં અમે સૌ જોતા.

# માતૃરૂપેણ

- શ્રી નિખિલ બક્ષી
બોપલ, અમદાવાદ

'વજ્રાદપિ કઠોરણી, મૃદુનિ કુસુમાદપિ' - રઘુભાઈનું પણ કંઈક એવું જ. હૃદયથી કોમળ પણ ચહેરા પર કડકાઈ જણાય. વ્યક્તિત્વ પ્રભાવશાળી પણ ગંભીર. અવાજ પણ સત્તાધારી. જશીબહેન સાવ જુદાં. લગભગ સદા હસતાં, એમની આંખોમાં અમી વરતાય. શિક્ષકો, વિદ્યાર્થીઓ, કર્મચારીગણ કે વાલીઓ-બધાંને એ મિત્ર જેવાં લાગે. એમની સાથે મન મૂકીને વાત કરી શકાય. કોઈ સમસ્યા હોય- વ્યાવસાયિક કે અંગત-તો તેમની પાસેથી સમાધાન મળી રહે.

મારા પિતા લશ્કરમાં અધિકારી હોવાથી તેમની બદલીઓ થયા કરે. પત્ની-બાળકો સંયુક્ત કુટુંબમાં રાજકોટમાં રહેતાં. ૧૯૫૬માં પિતા સાથે પૂના રહેવા ગયાં ત્યાં પણ ગુજરાતી માધ્યમની શાળામાં ભણ્યાં. ૧૯૬૦માં દિલ્હી જવાનું થયું. અમને ભાઈ-બહેનોને અંગ્રેજી તો શું, હિંદી પણ બરાબર ન આવડે. અમારા જેવાં બાળકો માટે દિલ્હીની 'ગુજરાત એજ્યુકેશન સોસાયટી'એ શ્રી એચ.એમ. પટેલની રાહબરી હેઠળ દિલ્હીમાં 'સરદાર પટેલ વિદ્યાલય'ની સ્થાપના કરેલી. જેનું સુકાન શ્રી પટેલે તેમનાં વિશ્વાસુ શિક્ષણવિદ્ બેલડી રઘુભાઈ અને જશીબહેનને સોંપ્યું.

રઘુભાઈ અને જશીબહેને ૧૯૪૫માં અમદાવાદના ગરીબ અને દલિત વિસ્તારનાં શિક્ષણ અને સંસ્કારથી વંચિત બાળકો માટે નાના પાયા પર અને પ્રાયોગિક ધોરણે એક શાળા શરૂ કરી - 'સરસ્વતી વિદ્યાલય' આગળ જતાં એ વિદ્યાલય બહુ વિકાસ પામ્યું, તેનો અલગ ઈતિહાસ લખી શકાય તેમ છે, પરંતુ મુદ્દાની વાત એ કે 'સરસ્વતી'માં શિક્ષણ અને સંસ્કારિકતાનાં ક્ષેત્રે સફળતાપૂર્વક જે પ્રયોગ થયા તેનો દિલ્હીનાં સરદાર પટેલ વિદ્યાલયમાં પણ અમલ શરૂ થયો. મેં સ્વયમ્ છ વર્ષો સુધી એ પ્રયોગો જોયાં અને અનુભવ્યા છે. મારાં ચારિત્ર્યઘડતરમાં સરદાર પટેલ વિદ્યાલયનાં એ છ વર્ષ મહામૂલાં અને અવિસ્મરણીય છે.

શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાલય ધીરે ધીરે કાઠું કાઢી રહ્યું હતું, પણ સાંસ્કૃતિક કાર્યક્રમો એક પછી એક એવા થવા લાગ્યા કે શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેમાં ઉત્સાહપૂર્વક રસ લઈ ભાગ લેવા લાગ્યા. વાર્ષિક ઉત્સવોનો પ્રેરણાસ્રોત ગુરુદેવનું શાંતિનિકેતન કહી શકાય. રઘુભાઈએ પોતે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનાં નિકટ સાંનિધ્ય હેઠળ શાંતિનિકેતનમાં અભ્યાસ કરેલો. શાળાના વાર્ષિક કાર્યક્રમો 'વર્ષામંગલ', 'વસંતદર્શન', 'તાશોં કા દેશ', 'એકલવ્ય', વગેરેમાં રવિબાબુની કળાની છાંટ સ્પષ્ટ દેખાય. આ કાર્યક્રમો શ્રેષ્ઠ રીતે ભજવાય તે હેતુથી રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય (નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા) ના તત્કાલીન મહારથીઓએ શ્રી શાંતા ગાંધી અને શ્રી બી. વી. કારંથનું માર્ગદર્શન મેળવ્યું. શ્રી કારંથ તો પછી શાળામાં હિંદી અને નાટ્યકળાના શિક્ષક તરીકે જોડાયા અને આગળ જતાં રાષ્ટ્રીય કક્ષાએ જબરી નામના મેળવી. 'દૂરદર્શન'ના એક ઈન્ટરવ્યૂમાં તેમણે આપણાં નાટક દંપતિનો ઘણો આભાર માનેલો. જેમણે તેમને પ્રારંભિક વર્ષોમાં ઘણી સહાય કરી હતી.

રઘુભાઈ તથા જશીબહેનને સંગીતનો ભારે શોખ. જશીબહેનનો તો કંઠ પણ સુમધુર અને સૂરીલો. ગીતોનો બંગાળી-ગુજરાતીમાંથી હિંદીમાં અનુવાદ કરે

અમારા હિંદી શિક્ષક અને કવિ શ્રી કમલ શર્મા 'સત્યાર્થી', અને વિવિધ શાસ્ત્રીય રાગો પર આધારિત સંગીતમાં ઢાળે સંગીત શિક્ષકો શ્રી ઉમાશંકર ચંદેલા અને સુશ્રી સુદેશ મહેરા, પણ જશીબહેન એમાં પૂરો રસ લે અને તેમને યોગ્ય લાગે ત્યાં સુધારા-વધારાનાં સૂચનો પણ કરે. હજુ પણ સંગીતના, ખાસ કરીને ભજનોના, કાર્યક્રમો જશીબહેનને ઘેર છાશવારે યોજાય. મારાં પત્ની વિભૂતિ અને મારું ગાયેલું નરસિંહનું પદ ''મહીડાં મથવાને ઊઠ્યાં યશોદારાણી...'' તેમને બહુ પ્રિય અને પ્રસંગોપાત અમને એ ગાવાનું કહે. તેમનાં પુત્રી ઈરા અને હું પણ 'વિદ્યાલય'માં વિદ્યાર્થીકાળમાં ગાયેલાં ગીતો ક્યારેક એમનાં આગ્રહને વશ થઈને ગાઈએ.

જશીબહેનને સાહિત્યનો પણ શોખ. વિદ્યાલયની ભીંતો પર ગુજરાતી અને અન્ય ભાષાઓના ખ્યાતનામ સાહિત્યકારોનાં ફોટા લગાડેલાં. સ્કૂલનું પુસ્તકાલય પણ સમૃદ્ધ. દિલ્હીમાં આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદનાં અધિવેશન માટે સરદાર પટેલ વિદ્યાલય જ યોગ્ય સ્થળ ગણાયું. જશીબહેન તેમની જીવનયાત્રાનાં સંસ્મરણો તથા શિક્ષણ અને અન્ય વિષયો પર લખેલાં પુસ્તકો તેમની સાહિત્યક અભિરુચિનાં પરિચાયક છે.

જેમ સમાજમાં લોકોના તેમ શાળામાં વિદ્યાર્થીઓના અનેક પ્રકાર હોવાના. જુદા જુદા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાંથી આવતા વિદ્યાર્થીઓને કેવી રીતે એકરૂપ કરવા તે જશીબહેન બરાબર જાણે. વિશેષ કરીને તોફાની વિદ્યાર્થીઓને તે પોતાના સ્નેહાળ અને લાગણીશીલ સ્વભાવથી વશ કરી સુમાર્ગે પ્રેરતાં. શિક્ષણમાં અનુસ્નાતક સુધીનો તેમનો અભ્યાસ કેવળ પુસ્તકિયો નહોતો, પણ શિક્ષણના સિદ્ધાંતોને પરિસ્થિતિ અનુસાર પ્રત્યક્ષ અને શ્રેષ્ઠ રીતે અમલમાં મૂકતાં, જેનાં જીવંત ઉદાહરણ આજે પણ જોવાં મળે તેમ છે. શિક્ષણ અને સંસ્કારનો સુભગ સમન્વય તેમને ગળથૂથીમાં જ મળેલો. તેમના પિતાશ્રી હરભાઈ ત્રિવેદી ગુજરાતનાં શિક્ષણજગતમાં ધ્રુવતારક સમા. વળી, ભાવનગર જેવી સંસ્કારનગરીમાં ઉછેર અને રઘુભાઈ જેવા પ્રખર શિક્ષણવિદ્ અને બૌદ્ધિક સાથે પરિણય એટલે જાણે સોનામાં સુગંધ ભળી.

કવિશ્રી રાજેન્દ્ર શાહની આ પંક્તિઓ જાણે જશીબહેન માટે જ લખાઈ છે.

*સહુને મુજ અંતરે ધરું,*<br>*સહુને અંતર હું ય વિસ્તરું*

આજે જ્યારે જશીબહેન તેમનાં શતાબ્દી વર્ષમાં પ્રવેશી રહ્યાં છે ત્યારે આપણે સહુએ, જે તેમની પાસેથી સફળ અને ઉન્નત જીવનના પાઠ શીખ્યાં છીએ, આટલું તો કરવું જ રહ્યું,

- તેમણે લખેલાં પુસ્તકો અને લેખો વાંચીએ, તે પર મનન કરીએ, આપણાં પોતાનાં જીવનમાં તે સિદ્ધાંતોનો નિષ્ઠાપૂર્વક અમલ કરીએ,
- તેમનાં લખેલાં પુસ્તકોનો બહોળો પ્રચાર અને વિક્રય થાય તેવા પ્રયત્નો કરીએ,
- તેમણે સ્થાપેલા સંસ્થાઓમાં આપણાથી બનતું યોગદાન આપીએ,
- 'ઘરશાળા' માસિકનો ફેલાવો થાય તે માટે સઘન પ્રયત્નો કરીએ,
- તેમણે સ્થાપેલા સંસ્થાઓ સાથે સંકળાયેલ સહુ એક એવું સંગઠન સ્થાપીએ જે દ્વારા સમાજને લાભકર્તા પ્રવૃત્તિઓ નિયમિત રીતે યોજાય.

# આ ઊંડી ખાઈને ભરી શકીશું ખરા?

- શ્રી જશીબેન નાયક

પ્રાચીન સમયમાં ચાર વર્ણો પાડવામાં આવ્યા હતા. એ વર્ણો પાછળનો ઉદ્દેશ માત્ર એટલો જ હોવો જોઈએ કે જે વર્ણ જે કામ કરતો હોય એની લોકોને જાણ થાય.જેથી આ ચાર વર્ણો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર - કદાચ વ્યવસ્થા માટે રચાયા હશે. પણ કમનસીબે વર્ણોની વ્યવસ્થા ઊંચનીચમાં બદલાઈ ગઈ. ઊંચનીચમાં બદલાયેલી સમજણ ચાલુ રહી... ચાલુ જ રહી અને વધારે ને વધારે ઊંચનીચના ભેદો વધતા ચાલ્યા. બ્રાહ્મણ વર્ણ ક્ષત્રિયોના બાળકોને શિક્ષણ આપતો રહ્યો. જો કે આ વર્ણમાં મોટા મોટા તેજસ્વી પંડિતો અને સાક્ષરો પણ હતા. કદાચ એમના જ્ઞાનનું સ્તર એટલું તો ઊંચું હતું કે શિક્ષણ પૂરું થતાં એમના શિષ્યો ઘણું બધું જ્ઞાન મેળવીને જતા.

આ વર્ણો એક યા બીજા સ્વરૂપમાં હજી પણ ચાલુ જ છે. યુગોના યુગો પસાર થાય. સમાજ થોડા થોડો બદલાયો પરંતુ વર્ણ વ્યવસ્થા નવા સ્વરૂપે વિકૃતરૂપે દૃઢ થવા લાગી. આથી વર્ણભેદ માનવજાતિને વધારે લાભદાયક થાય એને બદલે અન્યાયભર્યું બનવા લાગ્યો. શુદ્ર વર્ણનાં બાળકોને આ બ્રાહ્મણ વર્ણવાળા સ્વીકારવા ખચકાવા લાગ્યા. અને એવા તો ખચકાયા અને એવો તો અન્યાય થયો તેના બે દાખલાઓ ઈતિહાસમાં જાણીતા છે. એક છે એકલવ્ય. આ ભીલના બાળકનો સ્વીકાર દ્રોણાચાર્ય કરી ન શક્યા. જો કે આ બાળકે એની તેજસ્વિતાનો પરિચય દ્રોણાચાર્યને પોતાની બાણવિદ્યા દ્વારા આપી દીધો હતો. પણ એમણે મનથી એનો સ્વીકાર કર્યો નહીં. એવો બીજો દાખલો કર્ણનો છે. એને ક્ષત્રિયોએ કદી એક તેજસ્વી રાજા તરીકે સ્વીકાર્યો નહીં. કદી એક તેજસ્વી રાજા તરીકે સ્વીકાર્યો નહીં. કારણ કે તે એક સૂતપુત્ર હતો. એ નાના વિસ્તારનો રાજા હતો. આ બંને અર્જુનની બરાબરી કરી શકે તેટલા તેજસ્વી હતા પણ વર્ણવ્યવસ્થા એને અપનાવી ન શકી. આમ વાડાઓ મજબૂત થતા ગયા.

આધુનિક યુગમાં પણ આ જ ભાગલાઓ (વાડાઓ) એક યા બીજા સ્વરૂપે અસ્તિત્વમાં છે. સમાજના સુધારકોએ ઊંચનીચના ભેદોને દૂર કરવા માટે ખૂબ રચનાત્મક કાર્યો કર્યા. ગાંધીજીએ પણ પોતાના આશ્રમનું નામ હરિજન આશ્રમ રાખ્યું. સ્વાતંત્ર્યની લડતના સમયે પણ ગાંધીજી આવા ભેદો માટે જોરશોરથી વિરોધ કરતા રહ્યા. એમના જ આશ્રમમાં બધા એક જ પગંતમાં બેસીને ભોજન લઈ શકતા. એ ઊંચનીચના ભેદોની વાતમાંથી એક વ્યવસ્થા અનાયાસે સ્થપાવા લાગી અને સ્વરાજ્ય પછી એ વ્યવસ્થા અનાયાસે સ્થપાવા લાગી અને સ્વરાજ્ય પછી એ વ્યવસ્થા સારી હોવા છતાં એ પ્રણાલિકા સમાજને માટે વિઘાતક બનવા લાગી. શિક્ષણક્ષેત્રમાં એ વ્યવસ્થાએ અસંખ્યવાડાઓ ઊભા કર્યા. જ્યાં ને ત્યાં લક્ષ્મણરેખાઓ દેખાઈ આવે છે. સ્વતંત્રતા મેળવ્યા પછી પણ શિક્ષણક્ષેત્રમાં આવા વાડાઓ વધતા જ ગયા. કેટલાક વાડાઓ આદર્શને નામે વધ્યા તો કેટલાક બીજી જ્ઞાતિના લોકોને ઉપર લાવવાના વિચારે વધ્યા. પછી તો જ્ઞાતિઓ ઘાંચી, વાઘરી, તરગર આવા અનેક કોમોને મદદરૂપ થવા માટે આ લોકો માટે જુદી જુદી શાળાઓ શરૂ થઈ. આ જોતાં આપણા સમાજમાં આજે કેટલા બધા પ્રકારની શાળાઓ છે! એક પ્રકાર પબ્લિક સ્કૂલ. આ શાળાઓ માત્ર પૈસાદાર વર્ગને માટે જ ચાલે છે. જ્યાં શિક્ષણ ફી આપવા માટે આ પબ્લિક સ્કૂલો જે ધોરણો નક્કી કરે એ પ્રમાણે ફી લેવાય છે. આ પબ્લિક સ્કૂલો સાથે 'હેલ્થ રિસોટ'ની જગ્યાએ 'બોર્ડિંગ સ્કૂલો' પણ જન્મવા લાગી. બીજી બાજુ સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સ્કૂલો ચાલે છે. જ્યાં થોડી ફીએ ભણાવવાનું મળે. આ બધી સરકારી શાળાઓને સરકાર ગ્રાન્ટ આપે અને એ ગ્રાન્ટ આપવાની સાથે જ સરકારી નિયમોની

હારમાળાઓ તૈયાર થાય. એ નિયમો પ્રમાણે જ શાળા ચાલવી જોઈએ. આ પબ્લિક સ્કૂલોમાં શિક્ષણ આપવાનું, કલાના વિષયો શીખવવાનું, વ્યાયામ શીખવવાનું, ઘોડેસવારી શીખવવાનું, લક્ઝુરિયસ પ્રવાસે જવાનું બધું જ મળે. પણ બીજી બાજુ સરકારની ગ્રાન્ટ લેતી શાળાઓને સમયપત્રક પણ ગોઠવવાનાં, બંધનો પણ સ્વીકારવાના, સંગીત અને કલા નહીં. આમ વધારે ને વધારે મર્યાદા સ્વીકારીને સરકારી ગ્રાન્ટ લેતી શાળાઓ ચાલે, ત્યારે ખાનગી શાળાઓમાં પૂરી સ્વતંત્રતા. અહીંયા ખાનગી શાળાઓ અને સરકારી શાળાઓ વચ્ચે એક ઊંડી ખાઈ સર્જાઈ છે.


પછી તો જ્ઞાતિ અને કોમને આધારિત શાળાઓ પણ શરૂ થવા લાગી. એમાં ભણતાં અનેક જાતિનાં બાળકો પણ એક જ ગામમાં રહેતા હોય તોય ઊંચી જ્ઞાતિનાં બાળકો ત્યાં ભણવા ન જાય. પછી વનવાસી શાળાઓ. એ જંગલમાં રહેતા પછાતવર્ગ માટે અસ્તિત્વમાં આવી પછી તો લઘુમતી શાળાઓ આવી. દા.ત. ખ્રિસ્તી, મુસ્લિમ, જૈન.... આ બધી જ્ઞાતિ આધારિત ચાલતી શાળાઓ છે. તો કોર્પોરેશનની શાળાઓ એમાં કેવું શિક્ષણ અપાય છે તે લોકો સૌ જાણે છે. હજી બીજી કેટેગરી જોઈ શકીએ છીએ. કેન્દ્રિય વિદ્યાલયો. એમાં લગભગ ઉચ્ચ કક્ષાના સરકારી અધિકારીઓનાં બાળકોને જ દાખલ કરે. આ પછી સંખ્યામાં વધારો કરતી શાળાઓ ઊભી થઈ. પછી તો આદર્શ નિવાસી શાળાઓ, જવાહર નવોદય વિદ્યાલયો, એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓ શરૂ થઈ. જો કે ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે પણ આ જ હાલત જોવા મળે છે.

આ બધી શૈક્ષણિક સંસ્થાઓ કંઈ સારું કરવાને ઈરાદે શરૂ થઈ છે. એ પ્રણાલિકામાં એક હેતુ રાજકીય પણ છુપાયેલો છે. દરેક નેતાને એમ દેખાડવું છે કે અમે કંઈક કરીએ છીએ. અને બીજો હેતુ અનુકૂળતાએ આ બધા વાડાઓ શરૂ થયા છે. આ બધામાં શિક્ષણક્ષેત્રનું સારું કરવાની ભાવના હોવા છતાં આ અનેક પ્રકારની શાળાઓ સમાજમાં જુદા જુદા વાડાઓ બાંધે છે. એક શાળાનાં બાળકો, બીજી શાળાનાં બાળકોને નીચા માને છે. પણ હવે તો અંગ્રેજી માધ્યમની શાળાઓ વધુને વધુ શરૂ થઈ છે. આ બધી જ જાતની-કેટેગરીની શાળાઓ સમાજના ભાગલા પાડી રહી છે. આવા વાડાઓથી આપણા સમાજમાં ઊંચનીચના ભેદો વધતા જ જાય છે.

સૌથી વધારે દુઃખની વાત તો એ છે કે આ વાડાઓ પાડવાની શરૂઆત અજાગ્રતપણે પણ શિક્ષણક્ષેત્રમાંથી જ શરૂ થાય છે. જે ભાવિ પેઢીને જુદા પાડીને ઊંચનીચના ભેદો ઊભા કરે છે. આ ભેદભાવો ભાવિ પેઢીને ક્યાં લઈ જશે? અખંડ હિન્દુસ્તાનને આપણે કયા માર્ગે લઈ જઈએ છીએ? અને આ વાડાઓની ભયંકરતા ક્યાં સુધી પહોંચશે? જ્ઞાતિભેદોને ભૂંસાવવા માટે કરેલા પ્રયત્નોમાં આપણે નિષ્ફળ જઈ રહ્યાં છીએ. અમુક જ વર્ગને સારામાં સારું શિક્ષણ મળે તો એ દેશ ક્યાં જઈને પહોંચશે?

કોર્પોરેશનની સ્કૂલો અને ગ્રાન્ટ ઈન-એઈડ સ્કૂલોમાં કામ કરનારના કાર્યકરો તો ગૂંચવણભરી પરિસ્થિતિમાં અને ઊંડી અકળામણો અનુભવતા અનુભવતા કામ કરી રહ્યાં છે. આવી શાળાઓ માટે શિક્ષણની પ્રથાઓમાં ઓછામાં ઓછી ગૂંચવણો હોય એવું કામ ક્યારે કરી શકીશું? અખંડ ભારતના માનસિક ભાગલાઓની આ પ્રથાને એટલે કે આવી અનેક જુદી-જુદી કેટેગરીની શાળાઓને ચલાવવામાં ક્યાંક ફેરફારો કરવા પડશે અથવા તો ક્યાંક ક્યાંક 'બ્રેક' મારવી પડશે. આજે આ ચિત્રને લોકો એના ભવિષ્યને સમજી શક્યા નથી. પણ ક્યારે આપણે સમજી શકીશું? આ પરિસ્થિતિને નિભાવી લેવાની નબળાઈ આપણા સમાજમાંથી અને આપણો દેશ ચલાવનાર નેતાઓમાંથી બની શકે એટલી જલદી નિવારી શકીએ તો સારું. 'ઈશ્વર અલ્લાહ તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન.'


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication



















email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication



























email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# મારી ''બા'' - જશીબેન નાયક

- ઈરાબેન ઘોષ નાયક
ભાવાનુવાદ : પાલખીવાલા અમિતા મનુભાઈ
ભૂ.પૂ.મ.શિ., અસારવા વિદ્યાલય

દરેક ભાષામાં માતા માટે એક શબ્દ હોય છે અને અત્યાર સુધી મેં જે શબ્દો સાંભળ્યાં છે, તે મધુર અને પ્રેમાળ લાગ્યા છે. ભારતમાં પણ માતા માટે મધુર અને લાગણીભીની અભિવ્યક્તિ છે. મા, બેન, અમ્મા, આઈ, બેબે, સંસ્કૃત ભાષામાં જનની અથવા અમ્બા તથા આધુનિક સમયમાં મમ્મા અથવા મમ્મી, વગેરે. મારી માતૃભાષા ગુજરાતીમાં તે ''બા'' કહેવાય છે. હું બોલતા શીખી ત્યારે મારા અભ્યાસક્રમનો પ્રથમ શબ્દ ''બા'' હતો. હા! મને ખાતરી છે કે આપણામાંના મોટાભાગના એ બોલવાની શરૂઆત 'મા' કે 'બા' શબ્દથી જ કરી હશે. મા આપણને પોષણ આપવા સાથે આપણા તમામ લટકચાળા અને પગલાં પર સ્નેહ વરસાવે છે. એ જ્યાં જાય ત્યાં આપણને સાથે લઈ જાય છે. અને આપણી ખુશી માટે તે હંમેશાં તત્પર રહે છે. એ આપણને સ્નાન કરાવવું, સાફ રાખવા સાથે આપણી નિંદ્રાધીન રાત્રિ માટે પોતાની રાત્રિઓ નિંદ્રાહીન બનાવે છે. પ્રેમ અને પ્રસન્નતા આપવાના તેના આ વિશાળ કાર્ય ફલક પર પિતાની પણ સમાન ભૂમિકા હોય છે. અને તે મેળવવા માટે અમે સદ્‌ભાગી રહ્યાં. સમગ્ર વિશ્વમાં અને ભારતમાં પણ પિતા શબ્દના ઘણાં પર્યાયવાચી સંબોધનો છે. પરંતુ ગુજરાતી ભાષામાં સામાન્ય રીતે ''બાપુ'' શબ્દ પ્રયોજાય છે. અને અમારા પરિવારમાં અમે પિતાને ''પાપુ'' શબ્દથી પુરસ્કૃત કર્યા.

માતા અને પિતા - અમે જે કંઈ બની શક્યા છીએ તેમાં આ બે વ્યક્તિઓ એવી છે કે જેમણે અમને ઉન્નત કર્યા અને અમારા જીવનને ચોક્કસ સ્વરૂપમાં આકાર આપ્યો. હું કોણ છું ? મારા ''બા'' અને ''પાપુ'' ને કારણે જ હું અલગ અલગ પ્રક્રિયાઓ માટે છું તે હું જાણું છું. મારા પિતા શિક્ષક અને શિક્ષણવિદ્ હતા. આપણા પ્રિય ભારતના એક અંધારિયા ખૂણામાં જ્ઞાનની દિપીકા પ્રકાશિત કરવા માટે તેમણે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું હતું. જો કે ગુરૂદેવ ટાગોરે મારા પિતા રઘુભાઈ નાયકને શિક્ષણવિદ્ બનવાની પ્રેરણા આપી હતી. અને મારી માતા-શિક્ષણવિદ્ જશીબેન નાયક, તેઓના આ જીવનપર્યંત ચાલનારા શિક્ષણયજ્ઞમાં (ધ્યેયમાં)સહયાત્રી બની ગયા. હું દઢપણે માનું છું કે હું મારા આ શિક્ષક માતાપિતાથી પ્રભાવિત થયેલ છું.

''બા'' હંમેશા મારા પિતા દ્વારા નિર્ધારિત ધ્યેયનો હિસ્સો બની રહ્યાં. પણ પિતાની પૃષ્ઠભૂમિ પર તેઓ ક્યારેય તેમનો પડછાયો (છાયાચિત્ર) નહોતા. તેઓ સ્વતંત્ર વિચારધારાવાળા હતા. અને એક શક્તિશાળી, સમર્પિત શિક્ષક હતા કે જેઓ પોતાના ક્ષેત્રમાં પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી બન્યા હતા.

ગુજરાતમાં મહાવિદ્યાલયમાંથી સ્નાતક થનાર મહિલાઓની પ્રથમ બેચમાંથી (batch - જૂથ) તેઓ એક હતા. એક સ્ત્રી તરીકે અને પુત્રી તરીકે તેમના આ વ્યવહાર - અભ્યાસનું મહત્વ મારા માટે મારા માટે ઘણું મોટું છે. સમર્પણ અને સંકલ્પ સાથે આપણે જે કંઈ કામ કરવાનું નક્કી છીએ તે કરી જ શકીએ છીએ. અમારા માતા-પિતાએ અમને આ જ તાલીમ આપી છે, શીખવ્યું છે. ''બા'' એ ઘણી બધી

વિશેષ કાર્યસિદ્ધિઓ હાંસલ કરી. પ્રથમ - અમદાવાદના અસારવા વિસ્તારમાં સૌ પ્રથમ મહિલા આચાર્યપદ પ્રાપ્ત કર્યું. શિક્ષકો સાથે અધિકારીની જેમ નહીં પણ સહકાર્યકરની જેમ વર્તવા છતાં સ્ટાફના પુરુષ શિક્ષકોને દિશા નિર્દેશ કરવામાં તેમને ખૂબ જ મુશ્કેલીનો અનુભવ થતો. પુરુષ શિક્ષકો તેમને વડા તરીકે સ્વીકારે અને તેમની સાથે સહકારથી કામ કરે તે માટે ઘણી જુદી-જુદી પદ્ધતિઓ વિચારવાની તેમને ફરજ પડી હતી. એક વ્યક્તિ તરીકે તે પ્રેમાળ અને દયાળુ હોવા સાથે તે એક શક્તિશાળી, સમર્પિત અને સંવેદનશીલ વ્યક્તિ રહ્યાં.

''બા'' અને ''પાપુ'' એ ક્યારેય ઔપચારિક રીતે અમને કોઈ જ્ઞાન આપ્યું નથી કે, નથી કોઈ તાલીમ આપી, કે નથી કોઈ વસ્તુ શીખવા કે કુશળતા પ્રાપ્ત કરવા માટે સૂચના આપી અથવા કોઈ હેતુ સિદ્ધિ કરવા માટે જીવવું અને પોતાની શક્તિઓ, કુશળતા અને પડકારોને ઓળખી દુનિયા સાથે હકારાત્મક બનીને કઈ રીતે માણસાઈ દાખવવી, સ્નેહાળ વ્યક્તિ બનવું, શિક્ષક તરીકે સમર્પિત થવું અને પોતાના કર્તવ્ય કે વ્યવસાય પ્રત્યે પ્રામાણિકતા દાખવવી, તે અંગે પણ કોઈ માર્ગ ચીંધ્યો નથી.

પણ સુહૃદયતા, સજ્જતા, સદ્વર્તન, સુઘડતા, સ્વચ્છતા, સંવેદના, સ્નેહ, શુદ્ધતા, સર્જનાત્મકતા, શિસ્ત, સમર્પણની ભાવના, માણસાઈ, જીવનના મૂલ્યો, સામાજિક જવાબદારી - આ તમામ લાક્ષણિકતાઓથી તેઓ સંપન્ન હતા. આથી જ અમારામાં પણ તે તમામ ધોરણો સ્વયં રીતે અને કુદરતી રીતે પ્રેરિત થયા અને આ સર્વેમાં અમે હંમેશાં નિષ્ઠાવાન, પ્રામાણિક અને સેવાભાવી બનવાની પ્રેરણા પ્રાપ્ત કરવા સાથે સમાજના અન્ય લોકોની સરખામણીમાં જેઓ પૈસા, પ્રતિષ્ઠા, શિક્ષણના ઓછા લાભો મેળવી શક્યા છે અને તેમાં પણ ખાસ કરીને શિક્ષણક્ષેત્રે અંધકારમાં ધકેલાઈ ગયેલા એવા કમનસીબ લોકોને મદદ કરવાનું શીખ્યા છીએ.

As we, Jashiben and Raghubhai's grandchildren grew up in America and England, our parents told us about our grandparents' mission and work in India. We learned of how Gurudev Tagore told Papu to spread education to the darkest corners, inspiring Baa and Papu to do open schools in neglected areas bringing education, music, dance, art to the Saraswati schools in Ahmedabad. Later they opened Sardar Patel Vidyalaya in New Delhi. We learned of Gandhiji inspiring them to stand up for freedom and equality for all regardless of caste and religion and take part in the independence movement. When we visited them, we learned from how they approached their daily lives and we enjoyed their care and love. We were inspired by their life long love of learning, teaching, reading, writing, their social work, their generosity, their pride in being Indian and being good human beings. Thank you, Baa and Papu for your love, inspiration and blessings.

- **Sujata Reinhardt-Ghosh** (GrandDaughter)
- **Surabhi Ghosh** (GrandDaughter)
- **Alok Nayak** (GrandSon)

# મમતામયી માનું મહાપ્રયાણ

- શ્રી કેશુભાઈ પટેલ
પૂર્વ આચાર્ય, અસારવા વિદ્યાલય

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥

अच्छेद्योऽयमदाह्योऽमक्लेद्योऽशोष्य एव च।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः॥

દેવાધિદેવ ઈન્દ્રનો દરબાર ભરાયો છે. આજથી લગભગ દોઢેક માસ પહેલાંની વાત દેવરાજ ઈન્દ્ર ગાંધર્વ-કન્યાઓ તથા કિન્નર-કન્યાઓના સંગીત સાધના રવીન્દ્ર સંગીત અને શિક્ષણ વિશે છે. ચિંતિત, ચાલી રહ્યો છે. વિચારવિમર્શ દરબારમાં ઉપસ્થિત છે આપણા મુ.શ્રી રઘુદાદા તેઓ કહે છે. "પૃથ્વી ઉપર અમારા અમદાવાદમાં સરસપુરના શ્રમજીવી વિસ્તારમાં આવી એક વ્યક્તિ સંગીત શિક્ષણની અહાલેક જગાવીને બેઠી છે. તેમણે અમારા આ વિસ્તારમાં સંગીત-સાધના અને ખાસ કરીને રવીન્દ્ર સંગીતની સાથે સમગ્ર શિક્ષણ-સજ્જતા માટે મહાપુરુષાર્થ આદર્યો છે. તમારા આ પ્રશ્નને તો આમ ચપટી વગાડતામાં હલ કરી આપે એવા એ ધરખમ કીમિયાગર છે. બોલાવો અહીં અને જુઓ કમાલ" ત્યાં તે ભરાયેલા દરબારના એક ખૂણેથી પૂરી કોઈએ ટાપસી, તદ્દન સાચી વાત, સ્વર્ગનો આ પ્રશ્ન ચોક્કસ હલ થઈ જાય, જો તે કીમિયાગર અહીં આવે તો. અરે! આ તો મુ.શ્રી ભગવતીભાઈ.

બસ મુ.શ્રી રઘુદાદાની આ ચપટી અને મુ.શ્રી ભગવતીભાઈની આ ટાપસી, મુ.શ્રી. જશીબેનને આપણી પાસેથી છીનવી ગઈ. તેથી સ્વર્ગ થયું સમૃદ્ધ અને આપણે બન્યાં રાંક. "નમસ્તે બા, નમસ્તે દાદીમા" એમ કહેતાં સામેથી મળતો લાગણીનો લીલો ટહૂકો ખોયો. વાત્સલ્ય ભર્યું વહાલ ગુમાવ્યું.

મુ.શ્રી. જશીબેન સાથે મારો પરિચય થયો ઈ.સ.૧૯૮૫માં. ૧૯૮૫માં હું શેઠ અ.હ.સરસ્વતી વિદ્યાલયમાં સ્વીકૃત શિક્ષક તરીકે જોડાયો. (આ સ્વીકૃત શિક્ષક શબ્દ તો સરસ્વતી વિદ્યામંડળની દેન છે. વર્ગ ઘટાડાને કારણે શિક્ષણકાર્યથી વેગળા થયેલા શિક્ષકો કાં તો કહેવાતા ફાજલ તો સુપરન્યુમરી સ્વેચ્છાથી અપનાવેલ સ્વીકૃત શિક્ષક તો આપણી સંસ્થામાં જ કહેવાતા.) તે સમય મુ.શ્રી રઘુભાઈ , મુ.શ્રી. જશીબેન વિદેશથી આવેલાં ત્યારે તેમને મળવાનું થયેલું. ઔપચારિક રીતે બહેનને બાલભારતી શાળા, અસારવા એક કાર્યક્રમ માટે જવું હતું. મુ.શ્રી જયંતીભાઈને (જ.ક.પટેલ) કહ્યું, "કોઈ શિક્ષક ફ્રી હોય તો મને બાલભારતી મૂકવા આવશે ?" શિક્ષકખંડમાં હું હતો, મને બાલભારતી મૂકી આવવા કહ્યું. સ્કૂટર ઉપર જતાં જતાં મુ.શ્રી. જશીબેન કહે, "થોડું ઝડપથી ચલાવજો, જેથી અસારવાનું ફાટક બંધ થઈ જાય તે પહેલાં આપણે ગાડીના પાટા ક્રોસ કરી શકીએ." હું હસ્યો તો કહે "આ ફાટક ભૂતકાળમાં મને બહુ નડ્યું છે. આજે બંધ ન હોય તો સારું." અસારવા-સરસપુરને જોડતો ચામુંડા બ્રિજ બની ગયો છે તેની તેમને ખબર જ ન હતી. મને રસ્તામાં બે ત્રણ વખત ટપોર્યા ત્યાં તો મેં સ્કૂટર બાલભારતીના મેદાનમાં ઉભું રાખી કહયું, "બેન, બાલભારતી આવી ગયું." આજુબાજુ નજર ફેરવી કહેવા લાગ્યા, "કઈ બાજુથી લઈ આવ્યા ? હજુ તો ફાટક આવ્યુંય નથી. " મેં ધીરેથી કહ્યું કે એ ફાટક પર તો સરસ મજાનો પુલ બની ગયો છે. હવે ફાટક નડતું નથી. આ સાંભળી મરક મરક હસતાં કહે, "અમદાવાદના પૂર્વ વિસ્તારને એક સારું

નજરાણું મળ્યું."

મુ.શ્રી. જશીબેનના દિવ્યદર્શન અને માર્ગદર્શનમાં તૈયાર થતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તેમની સાથે કામ કરવું તે પણ એક લાહવો હતો. સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિનની "ધ્વજકથા" દેશની સાંપ્રત સમસ્યાઓ, સુવર્ણ જયંતીના વિવિધ કાર્યક્રમો, વર્ષામંગલ, વસંત ઉત્સવ, શરદોત્સવ, હરભાઇ સ્મારક વ્યાખ્યાન માળા, સલામી આ બધા જ કાર્યક્રમોમાં ઉદ્દ્યોષક તરીકે સેવા બજાવ્યાનો લાભ મળ્યો છે.

રિહર્સલ ચાલતું હોય, હું સ્ક્રીપ્ટ વાંચતો હોઉં અને તાસ પૂર્ણ થવાનો ઘંટ વાગે એટલે તરત મુ.શ્રી. જશીબેન પૂછે, "કેશુભાઇ, પીરિયડ ફ્રી ન હોય તો વર્ગમાં જાઓ." વર્ગ-શિક્ષણ બગાડી તમે કાર્યક્રમમાં હાજર રહો તે તેમને જરાય ન ગમે. શિક્ષણ તેમને મન પ્રથમ.

આતિથ્ય ભાવના તો મુ.શ્રી. જશીબેનની મને આજે પણ યાદ છે. એ દિવસ જ્યારે એક રવિવારે તેમના જમાઇ શ્રી ઇન્દ્રજીતભાઇ સાથે અમિયાપુર વિદ્યામંડળે અપનાવેલ ગામની મુલાકાત લઇ અમે બપોરે ૧૨.૩૦ વાગે તેમના નિવાસસ્થાન "મૈત્રી" પર આવ્યા પછી મેં મારા ઘેર જવાની રજા માગી. ત્યાં તો બેન બોલ્યાં, "જમ્યા વિના ના જવાય." મેં કહ્યું "હમણાં ૧૦ જ મિનિટમાં હું ઘેર પહોંચી જઇશ." મુ.શ્રી.જશીબેન તો હસતાં હસતાં ગાવા લાગ્યાં, "મહેમાં જો હમારા હોતા હૈ વો જાનસે પ્યારા હોતા હૈ, ન જવાય." માસ્તરના ઘરમાં (મુ.શ્રી રઘુભાઇ પોતાને હંમેશાં માસ્તર કહેતા, બધા શિક્ષકમિત્રોને માસ્તરથી સંબોધતા ક્યારેક ક્યારેક.) એકાદ વ્યક્તિ જમી શકે તેટલું વધારે રંધાયું જ હોય. આજે તો સાથે બેસીને જ જમીએ. મજા આવશે." આ હતો તેમનો આતિથ્ય સત્કાર.

રાજકોટ મુકામે શ્રી ગુલાબભાઇ-ઉષાબેનની શાળામાં શિક્ષણનો લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ લેવા અમે આચાર્યમિત્રો તેમની સાથે ગયા હતા. સમારંભમાં યોગાનુયોગ મુ.શ્રી. જશીબેને પહેરેલી સાડી અને મેં પહેરેલા ઝભ્ભાનો રંગ સરખો હતો. બેન એ જોઇ ગયાં, મને તેમની પાસે બોલાવી કહે, "મા-દીકરો એક જ રંગે." પછી તરત જ કહે "ટચ વુડ". સમાન રંગના વસ્ત્રોમાં હોવું મહત્વનું નથી. પણ આ "ટચ વુડ"... તે સમયે આ શબ્દો તેમના અંતરમાં અબોલ વહેતું વહાલનું ઝરણું પ્રગટ કરી રહ્યા હતા. અપાર માતૃત્વની નિશ્રાની અનુભૂતિ કરાવતા હતા. મનમાં ભીની માટીનો લેપ ચડતો હોય તેવી ઠંડક વરતાવતા હતા.

"હું જ રહું વિલસી સૌ સંગ ને હું જ રહું અવશેષે." એ ન્યાયે સરસ્વતી સંકુલની છેય સંસ્થાઓનાં કણેકણમાં ધરબાયેલી છે મુ.શ્રી. જશીબેનની અપાર સ્મૃતિઓ. ફક્ત કાન દઇને સાંભળીએ તેટલી જ વાર છે. જરાક જ પ્રયત્ન કરીશું તો મુ.શ્રી. જશીબેન આ પંક્તિઓ ગાતાં સંભળાશે..... અનુભવાશે.

"કામ શરૂ કરતે નહીં ભયસે નીચે લોગ,<br>
મધ્યમ ત્યજતે બીચમેં દેખ વિષમ સંયોગ,<br>
પર ઉત્તમ વહ લોગ જો હર દુર્ગમ પથ ઝેલ,<br>
દૃઢતાસે બઢે ચલે બાધાઓ કો ઠેલ.

આપણા ગુજરાતી ભાષા શિક્ષક મુ.શ્રી જશુભાઇ, મુ.શ્રી રઘુભાઇની વિદાય પછી કહેતા, "આ ગોકુળિયામાં (સરસ્વતી શાળાઓમાં) જશોદા (જશીબેન) તો છે પણ નંદ (રઘુભાઇ) નથી તેથી જ આનંદ નથી." અને હવે તો જશોદા (જશીબેન) પણ નથી. તો શું તો શું શુન્યાવકાશ છવાઇ દેવાનો? જી ના, આપણે તો સરસ્વતીના સિપાઇ છીએ. આપણે વળી આરામ કેવો ! કારણ.... ચલના તેરી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

શાન હૈ અને ચાલતા જ રહીએ -ચાલતા જ રહીએ એ જ સાચાં શ્રદ્ધા સુમન.

એ ગેરહાજરીને આપણે સૌ પથદર્શક બનાવી સરસ્વતી વિદ્યાસંકુલને અમૃત મહોત્સવથી શતાબ્દી મહોત્સવ અને તેથી પણ આગળ અને આગળ પ્રગતિનાં સોપાનો પ્રતિ અગ્રેસર કરતા રહીએ તે જ સાચી સ્મરણાંજલિ......

Really

Jashiben was a great educationist whole life her dignity, compassion, dedication, tireless work ethic, her unwavering commitment to the education and students whom she guided is immemorable.

And
O! Our BELOVED JASHIBEN,
As you begin your last journey,
To join our dear and respected

RAGHUBHAI,
May Flight of Angels lead thee
To the Rest.

મુ. શ્રી. જશીબેનને શત્ શત્ વંદન.

## બાને અલવિદા

- ઈરા નાયક ઘોષ

આજે તને નદીની વચ્ચે જઇ
લાંબુ લાંબુ આવજો કહ્યું
આટલા વર્ષો સામે બેસી
કે બાજુમાં બેસીને વાતો કરી
આજે હું બોલી અને તેં સાંભળ્યું
આખરે તો તું મારી બા ને!
દીકરીની વાતો સાંભળે જ ને!

તું બહુ જ યાદ આવે છે
અને યાદ આવ્યા જ કરીશ
હર હંમેશ યાદ આવીશ
મારા હૃદયમાં તું છો જ
નીચે માથું નમાવીશ કે તરત
પ્રણામ કરીને વાતો માંડીશ

નાનપણથી આજ સુધી
તારી અને પાપુ સાથે ઉછરીને
મોટા થયા, ભણ્યા ગણ્યા
ખૂબ વ્હાલ અને પ્રેમ પામ્યા
ઘણું ઘણું શિખતા જ ગયા
ખબર પણ ન પડી કે અમને
કેટલા પાઠો શિખવા મળ્યા
જશીબેન અને રઘુભાઇ
આ બે નામ સાથે જ બોલાય છે
તમારી વાતો, જીવનભરનું કાર્ય
અને સફળતાઓ ક્યારેય
ન ભૂલાય તેવા છે અને રહેશે
તમે બધાની સાથે જ છો સદા!

મારું અને પ્રશાંતનુ જીવન ઘડાયું
અને તે પછી અમારા બાળકોનું પણ
તેય દેખીતું છે અને રહેશે સદા
નત મસ્તક થઇ તને અલવિદા કહું છું
પ્રણામ કરુ છું, વ્હાલ કરુ છું
સાથે રહેજે અમારી, વહાલ વરસાવજે

તારી વાતો, પાઠો યાદ છે મને
જીવન જીવીશ તેની સાથે...
પ્રણામ બા તને.

# સરસ્વતીના શિક્ષણ સેવાના સવ્યવસાચીની અલવિદા

- શ્રી અમીતાબેન પાલખીવાલા

*ના મૌનમાં સરી જવાનો ડર,*
*ના ઉંબર ઓળંગવાનો ડર,*
*ના અંધકારમાં ડૂબી જવાનો ભય,*
*ના હૃદયને રંજ,*

પણ અજ્ઞાતના અદ્‌ભૂત પ્રદેશમાં સુખ-શાંતિથી વીંટળાઈને, સૌને વ્હાલ ધરીને, હૃદયમાં સૌનો પ્રેમ ભરીને, આ પૃથ્વી, પ્રકૃતિનો આભાર ધરીને અને સરસ્વતીને છેલ્લા પ્રણામ કરીને અંતિમ પળની સુવર્ણ ક્ષણની સંગે ‘પરમ સમીપે’ ચાલી જનાર મુ. શ્રી જશીબેન રઘુભાઈ નાયક. સુવિખ્યાત કેળવણીકાર હરભાઈ ત્રિવેદીના પુત્રી સ્તો. એટલું જ નહીં પણ શિક્ષણક્ષેત્રે નૂતન પ્રયોગશીલતાને આચરનાર પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયકના જીવનસાથી પણ એમ આટલેથી કંઈ એમની ઓળખ પૂરીના થાય. ૧૯૪૪-૪૫ના ગાળામાં ડૉ. રઘુભાઈ નાયક સાથે મૃતઃપ્રાય સરસ્વતી હાઈસ્કૂલને સંજીવની બક્ષવાનું ભગીરથ કાર્ય કરી કરુણ દશામાં જીવતા સરસપુરના પરિવારોના બાળકોની આંખોમાં જેઓએ આશાનું કિરણ જગાવ્યું, આકાંક્ષા અને આત્મવિશ્વાસ જગાવ્યા, સ્વપ્નાઓ કેળવ્યા. ગરીબોનાં બાળકોના શિક્ષણ માટેનો અવાજ બની રહ્યા, તે જશીબેન. શૈક્ષણિક વિશ્વમાં સમર્પણના શિખર પર જેઓ આરૂઢ રહ્યાં તે જશીબેન.

ગરીબ પરિવારના બાળકોને શિક્ષિત અને સ્વાશ્રયી બનાવવા માટે જીવન ખર્ચી નાખનાર આદરણીય શ્રી જશીબેને ૭-૦૯-૨૦૨૩ના રોજ લિવરપુલ (યુ.કે.) ખાતે ૧૦૫ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. ૧૮ નવેમ્બર ૧૯૧૮થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીની એમની જીવનયાત્રા. પણ આટલા લાંબા આયુષ્યમાં પણ તેઓ ક્યારેય અપ્રસ્તુત ના બન્યા. પોતાની ઊર્જા થકી અનુગામી પેઢીઓને તેઓએ પાથેય પૂરું પાડ્યું અને ભવિષ્યમાં આવનારી પેઢીઓને પણ તે પૂરું પાડશે જ પણ હમણાં તો વિશાળ ફલક પર એક યશસ્વી જીવનની થોડીએક વાતો કરવા ઈચ્છું છું.

મુ. શ્રી જશીબેને વીજળી વગરના ગામડાં જોયાં, રોશનીથી ઝગમગતા દેશ-વિદેશના શહેરો જોયા, એમણે મીઠાનો સત્યાગ્રહ પણ જોયો અને દેશની આઝાદી પણ જોઈ. હિન્દુસ્તાનની ગુલામી, આઝાદી અને લોકશાહીનો ઈતિહાસ આ ત્રણેય બાબતોના તેઓ સક્રિય સાક્ષી રહ્યાં. માણસાઈ, સામાજિક જવાબદારી, શિક્ષણ માટે વફાદારી, ખુદ માટે ખુદારી, જીવનની કરુણતા, જીવનના મૂલ્યો, કર્તવ્ય, પ્રત્યેની આગવી સજાગતા, નાગરિક તરીકેની સભાનતા, કાર્યને મૂલવવાની અનોખી સૂઝ, સ્પષ્ટ આચાર-વિચાર, આ લાક્ષણિકતાઓ તેમના જીવનના આધારસ્તંભ સમા રહ્યા.

સરસ્વતી વિદ્યાલયમાં મારી નિમણૂંક થયા પછી જ્યારે તેઓને ઘેર ‘મૈત્રી’ પર પ્રથમ વખત મળવાનું થયું તો ડ્રોઈંગરૂમમાં આવેલા શોકેસ ઉપર નજર સ્થિર થઈ ગઈ. તેમાં રવીન્દ્રનાથ ટાગોરની જતનથી સાચવેલી મૂર્તિ સાથે સ્વામી વિવેકાનંદની મૂર્તિ, રઘુભાઈની ટાગોર સાથેની શાંતિનિકેતનની તસ્વીર, કેટલાંક મેડલ્સ તથા અન્ય વસ્તુઓનો અને ભારતીય કલાકૃતિઓનો સમન્વય હતો. ઝૂલતો હીંચકો અને બાજુમાં પડેલી દીવાન અને ખુરશીઓ પરની ચાદર ગલેફ પર ભાતીગળ ગુજરાતી ડિઝાઈન અને રંગોની જુગલબંધી હજુ પણ યાદ છે. ઘરની એક-એક વસ્તુ પાસે વાર્તાઓ, ઘટનાઓ અને સંકળાયેલી યાદોને

'ઘરશાળા'ની મિટીંગો વચ્ચે કેટલીયવાર માણી છે.

દાયકાઓ સુધી સરસ્વતી વિદ્યામંડળના બૌદ્ધિક લોકો તથા વિદ્યાર્થીઓની દરેક નવી પેઢી સાથે તેઓ સાંસ્કૃતિક, સામાજિક, સાહિત્યિક તથા ટેક્નોલોજિકલ પ્રવાહો સાથે સંકળાયેલા રહ્યા. સાંપ્રત પ્રવાહો અને સમસ્યાઓથી તેઓ હંમેશાં પોતાને માહિતગાર રાખતા. રાષ્ટ્રીય પર્વો પર 'વંદેમાતરમ્' અને 'ભારતમાતાની જય'નો જયજયકાર, શાળા પિકનીક, સત્રાંત, બૃહદ, પ્રોજેક્ટ, સાંસ્કૃતિક કે ઈત્તર પ્રવૃત્તિઓ, વર્ષા મંગલ, ગાંધી-સરદારની નૃત્યનાટિકાઓ, વાર્ષિકોત્સવ, પોષણ સપ્તાહ, સરસ્વતી વંદના, વિદ્યાર્થીઓને ઐતિહાસિક કે હેરીટેજ સ્થળોની કરાવવામાં આવતી મુલાકાતો, શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થીઓના પ્રશ્નો અને તેનો ઉકેલ - આમ સંસ્થાના વિવિધ ફલક પર તેઓનું માર્ગદર્શન અને પ્રોત્સાહન હતું. ઘરશાળાની મિટીંગોમાં ઘર, શાળા, સમાજ અને વિદ્યાર્થીઓ હંમેશાં એમના નભસ્તલ (ફલક-વિતાન)ના આગવા પાસા રહ્યા અને હા, ચ્હા, કોફી, મિઠાઈ અને ગરમ નાસ્તા વિના તો કોઈપણ દિવસ મિટીંગ સમાપ્ત થાય જ નહીં, એટલી પાક્કી 'મૈત્રી', એટલો તો સ્નેહભાવ! પોતાની મર્યાદાઓમાંથી શીખીને નબળાઈથી ઉત્તમ તરફ કઈ રીતે જવાય એ એમની પાસેથી શીખી શકાય. જીવનમૂલ્યો પર અડીખમ રહેવાની પ્રેરણા આપનાર તેઓ હંમેશા કહેતા કે કોઈ રાત એવી નથી જેની સવાર ન હોય, રાત જેટલી અંધારી હશે, સવાર એટલી જ ઉજાસથી ભરપૂર હશે.

તેઓને મળીએ ત્યારે બાળકો પ્રત્યેની સંવેદનાનો સ્પર્શ થયા વગર ના રહે. જશીબેન કહેતાં, શિક્ષકોના હૃદયમાં જો વિદ્યાર્થીઓ માટે સાચો પ્રેમ હોય, સંવેદના હોય અને કેળવણી માટેની પ્રતિબદ્ધતા હોય તો કોઈપણ સમસ્યાનો રસ્તો નીકળતો જ હોય છે. બાળકોનું માનસ સમજ્યા વગર તેની સમસ્યાનો ઉકેલ લાવવાથી બાળકને અન્યાય થાય છે. ઘરમાંથી જ શિક્ષણના સંસ્કાર પામેલા આ શિક્ષણ તપસ્વીને જે દિવસથી રઘુદાદાનો સાથ સાંપડ્યો તે જ દિવસથી તેઓ શિક્ષણને સંપૂર્ણ સમર્પિત થઈ ગયા. તેઓને મન તો વિદ્યાલય એ જ શિવાલય હતું. આથી જ અમૃતપર્વ વર્ષ પણ વ્હીલચેરમાં બેસીને શિક્ષણનું નંદનવન નીરખવા તેઓ સંસ્થામાં આવતા અને સંસ્થા પરત્વે માતૃત્વ વરસાવતા રહેતા.

ઈશ્વરે આપેલી હાથની રેખાઓમાં નહીં પરંતુ પરિશ્રમથી પોતે ઉપસાવેલી કપાળની રેખાઓમાં તેઓને વધુ શ્રદ્ધા હતી. આથી જ તો સંઘર્ષ, સ્વાધ્યાય અને સહૃદયતા શ્રી જશીબેનના જીવનમાં ઓતપ્રોત રહ્યા. વિદ્યાર્થી અવસ્થાથી મેલેરિયાના રોગોમાં સપડાયેલા દર્દીઓ વચ્ચે તેમણે રાહતકાર્ય કર્યું. રચનાત્મક રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં તેમણે શ્રી રઘુદાદાને સાથ આપ્યો. યુનિવર્સિટી વિમેન્સ એસોસિએશનમાં એક્ઝિક્યુટિવ અને ટ્રેઝરર તરીકે લાંબો સમય સેવા આપી. સરસ્વતી વિદ્યાલયમાં સહઆચાર્ય પદ તથા અસારવા વિદ્યાલયમાં સૌ પ્રથમ આચાર્યપદ સંભાળી શાળાના ઘંટનાદ સાથે પોતાનું જીવન જોડ્યું. રઘુદાદાની સાથે તેઓનું શાળાનું સ્વપ્ન અમદાવાદની ધૂમાડો ઓકતી મિલોનું હતું તો શુભ્ર સૂતરના તારની સભ્યતાનુંયે હતું. સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના ઘડતરમાં તેઓનો ફાળો મજબૂત અને અભિન્ન હતો. પોતાની કાર્ય પ્રત્યેની સજ્જતા, સજાગતા, સતર્કતા અને સેવાઓ થકી માત્ર ગુજરાતમાં જ નહીં પણ પાટનગર દિલ્હી મુકામે પણ સરસ્વતી શાળાઓની સુવાસ પહોંચાડી. આથી જ તો તત્કાલીન નાણામંત્રી શ્રી એચ. એમ. પટેલના આગ્રહથી સરસ્વતી વિદ્યાલયને ઊની આંચ પણ પહોંચાડ્યા વિના દિલ્હીના સરદાર પટેલ વિદ્યાલયમાં રઘુભાઈ સાથે સહઆચાર્યપદ સંભાળી જ્ઞાનની ધર્મધજા લહેરાવી અને આજીવન એ શહેર અને

સંસ્થાની ભવ્યતમ સ્મૃતિઓ અને સરદાર પટેલ ઈન્સ્ટીટ્યૂટ પ્રત્યેની અપાર પ્રીતિ એમના સ્મરણોમાં દઢ રાખી. સરસ્વતી વિદ્યામંડળના આ મેધાવી પ્રમુખ ટાગોર, ગાંધી અને સરદારના વિચારોને અનુરૂપ જીવી ગયા છે. તો ગીતો વડે સત્ય અને સૌંદર્યને શોધતા ઋષિ રવીન્દ્રનાથ ટાગોરના ગીતોને પણ જીવનમાં વણી લીધાં. 'ઘરશાળા' શૈક્ષણિક સામયિકના તંત્રીપદે રહીને શિક્ષણની મૂળભૂત સમસ્યાઓ વિશે તેઓએ સમાજને જાગ્રત કર્યા છે.

બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી જશીબેને વિદ્યાર્થીઓના ઉત્થાન માટે અભ્યાસને લંબાઈ-પહોળાઈથી નહીં, પણ ઊંડાણથી માપવા માટે ઘણો વ્યાયામ કર્યો. વિદ્યાર્થીઓને સંસ્કૃતિ અને ચારિત્ર્ય નિર્માણના, શુદ્ધતા અને નૈતિકતાના પાઠો ભણાવ્યા. લલિતકલા, સંગીત, સાહિત્ય જેવી સર્જનાત્મક અભિવ્યક્તિ દ્વારા વિદ્યાર્થીઓની ભાવનાત્મક ઊર્જાને બહાર કાઢી. પછાત ગામડાંને દત્તક લઈને વિદ્યાર્થીઓને પ્રેમ અને શ્રમનો મહિમા શીખવ્યો. વિદ્યાર્થી સંસદ દ્વારા સાચા નાગરિક ઘડતરનો પાયો રોપ્યો, શિક્ષણમાં શિસ્ત અને સુઘડતા જેવા જીવનમૂલ્યો વણી લીધા અને શિક્ષણને સરિતા જેવું પ્રવાહી બનાવ્યું. એટલું જ નહી પણ શાળા-સંસ્થા, શિક્ષક-વિદ્યાર્થી-વાલીની એક સુંદર ગૂંથણી કરી સમગ્ર શિક્ષણની અખિલાઈ સર્જી. તેઓ માનતા કે વિદ્યાર્થીઓને ધન-વૈભવનો નહીં, પરંતુ સદ્‌ગુણોનો વારસો મળે તે વધારે મહત્ત્વનું છે. આથી જ શિક્ષણમાં પ્રયોગશીલતાના રઘુભાઈના તમામ કાર્યોમાં ખભેખભા મિલાવીને અમદાવાદના શિક્ષણના વહેણ અને વમળોને પીછાણીને ઘડીના છઠ્ઠા ભાગમાં શિક્ષણની હવાની દિશા બદલી નાંખી. પોતાની કુશળતાને કારણે કોઈપણ સંજોગોમાં શિક્ષણક્ષેત્રે નવતર કેડી કંડારી બાણાવળી અર્જુન જેટલી ચોકસાઈ અને કુશળતાથી જમણે હાથેથી બાણ ચલાવી શકતો હતો તેટલી જ કુશળતાથી વિકટ સંજોગોમાં જો જરૂર પડે તો ડાબા હાથેથી પણ બાણ ચલાવી શકતો હતો. આથી જ ભગવાન કૃષ્ણે તેને સવ્યસાચી કહ્યો. એ જ રીતે શ્રી જશીબેને પોતાની દીર્ઘદષ્ટિ અને કુશળતાથી અનેક વિકટ સંજોગોનો સામનો કરીને સફળતાના માર્ગમાં આગળ વધતાં રહ્યાં, તેઓનો આત્મવિશ્વાસને કોઈપણ ડગમગાવી શકતું નહિ. તો આવી વ્યક્તિ સવ્યસાચી નહીં તો બીજું શું? તેઓની છત્રછાયા નીચે કેટકેટલાંય વિદ્યાર્થીઓ અને શિક્ષકો પાંગર્યા. જે તેઓના સંપર્કમાં આવ્યા તે એમના તેજવર્તુળમાં ઉજળા થયા.

સ્વ થી સર્વ સુધીની યાત્રા કરનાર આ વંદનીય વિદ્યામણીએ શિક્ષણ સંસ્થા થકી અનેક અભાવગ્રસ્ત કુટુંબોને આત્મનિર્ભર બનાવ્યા છે. અનેક કુટુંબોને સામાજિક સુરક્ષા પ્રદાન કરી છે. તેઓએ વર્ષો સુધી સમાજના વંચિત એવા દરેક વર્ગના ઉત્થાન માટે કામ કર્યું છે. આમ તેઓ વર્ષોથી નહીં, શ્વાસોચ્છવાસથી નહીં, ધબકારાથી નહીં, પરંતુ કર્મથી, વિચારોથી, હૃદયની ઊર્મિઓથી ખરા અર્થમાં જીવ્યા. જે અનેક શિક્ષણવિદો માટે પ્રેરણાસ્ત્રોત બની રહશે.

વિદ્યા, સેવા, સાહિત્ય અને સંગીતના સંસ્કારોથી વિભૂષિત આ સ્વપ્ન દ્રષ્ટા સારસ્વતને શિક્ષણક્ષેત્રે ઉત્તમ કાર્યો કરવા બદલ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ તરફથી શ્રીમતી ઈન્દુબા ભોગીન્દ્રરાવ દિવેટીયા એવોર્ડ પ્રદાન થયો. ૧૯૯૨માં સિસ્ટર નિવેદિતા સંસ્થા તરફથી જીવનસાથી ડૉ. રઘુભાઈ નાયક સાથે 'આજીવન ઉન્નત શિક્ષણ સાધના એવોર્ડ' મેળવનાર જશીબેનને ભારત સરકારે માલદીવ ટાપુઓની મોન્ટેસરી શાળાઓના માર્ગદર્શક તરીકે નિયુક્ત કર્યા હતા.

સહેજસાજ જો તેઓના પુસ્તકોની વાત કરીએ તો વિદ્યાની જંગમ વિદ્યાપીઠ જેવા તેઓએ શાહીનો વાદળી રંગ તેમના પુસ્તકોમાં ઢોળ્યો છે. વર્તમાનપત્રો

અને ચ્હા સાથે સવાર પડે અને લખવાની શરૂઆત થાય. તેઓ લખતા ત્યારે તેમની સમગ્ર પંચેન્દ્રિયો પણ જોડાઈ જાય. તેવા આ શિક્ષણશિલ્પી શબ્દકોષ કરતા અનુભવ કોશના ઉદ્‌ગાતા છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પુરસ્કૃત થયેલ તેમનું પુસ્તક 'સ્મરણયાત્રા'માં એમની આગવી જીવનદૃષ્ટિ મૂર્ત થયેલી દેખાય છે. કાળી વાદળી ઊજળી કોર વાર્તાસંગ્રહમાં તેઓએ માનવીય સંઘર્ષોમાંથી પરિણમતા મધુર માનવપ્રેમનો પરિચય આપ્યો. જ્યારે 'સ્મૃતિના અસવાર' પુસ્તકમાં તેઓએ જુદા જુદા પ્રસંગો દ્વારા શ્રમજીવનમાં છુપાયેલા રત્નોની કથાઓનું આલેખન કર્યું.

મુ. શ્રી જશીબેનની વાર્તાઓ સરળતાથી પહોંચે તેવી છે. સંવાદોમાં સહજતા, ચોટદાર વિદ્યાના પ્રસંગો અને પ્રકૃતિનું પ્રભાવક, નિખાલસ અને તાદૃશ્ય આલેખન કરતાં તેમના પુસ્તકો શિક્ષણક્ષેત્રે એક અનોખું નજરાણું છે. તેઓના હાથેથી જૈફ વયે કલમ ના ઉપડે તો શું થયું? એમ રોકાઈ જાય તો જશીબેન શાના? શ્રી અશોકભાઈ સોમપુરા, શ્રી સ્વાતિબેન પંડ્યા જેવા નિષ્ઠાવાન સારસ્વતોની મદદથી લખવાનું અને છપાવવાનું ચાલુ જ રહ્યું. કારણ કે શિક્ષણને જ શ્વસનાર શ્રી જશીબેન માટે લખવું એ શ્વાસ લેવા જેવી ઘટના હતી અને એ રીતે કાગળ, પેન અને શાહીના વિસ્તરેલા વિશ્વમાં તેઓએ જિંદગીના અનુભવોના રંગ ઉતાર્યા.

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના ઘડતરમાં તેઓનો ફાળો મજબૂત અને અભિન્ન હતો. તેઓનો સંસ્કાર સંસાર માત્ર નાયક કુટુંબ અંતર્ગત પેઢીઓ પૂરતો ન હતો પણ સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત તમામ શાળાઓના પ્રાંગણમાં અંકુરિત દરેક અભિપ્સુ બાળહૃદયમાં વહેંચાયેલ, વસેલ રહ્યો છે. એ અજોડ યાદશક્તિ, અદ્‌ભુત વ્યવસ્થાશક્તિ અને અણનમ સ્વાધિનતાને આધારે તેઓ સમગ્ર નાયક પરિવારપ અને સરસ્વતી વિદ્યામંડળ પરિવારના માતૃતુલ્ય બની રહ્યાં. ત્વરિત નિર્ણયશક્તિ અને નિર્ભિક જીવનશૈલીની છત્રછાયામાં સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓની અગણિત પેઢીઓ અને કુટુંબની ચાર ચાર પેઢીઓ પાંગરી. એ ભર્યો-ભર્યો લીલો છાંયો આપ્યાનો આનંદ લઈ અને શિક્ષણ માટેની પ્રતિબદ્ધતા કરીને તેઓ મા સરસ્વતીની કૃપાશક્તિમાં સમાઈ ગયા.

વિશ્વભરમાં વસતા સરસ્વતી વિદ્યામંડળના હજારો વિદ્યાર્થીઓની આંખો આજે અશ્રુભીની થઈ હશે. અનેકોના ડૂસકા હવામાં સંભળાતા હશે. કંઈકોના હૃદય જખ્મી થયા હશે. જાણે કે પોતાના જ ઘરનું એક સભ્ય ચાલી ગયું હોય તેવી અનુભૂતિ સૌની આંખોમાં, ચહેરા પર અને હૃદયમાં અનુભવાતી હશે. અને એ સ્વાભાવિક પણ છે. કારણ કે ટાંકણા વગરના આ શિલ્પકારે લાખો વિદ્યાર્થીઓના અંતરમનમાં સ્થાન મેળવ્યું છે અને લાખો વિદ્યાર્થીઓના જીવનં કંડાર્યા છે.

તેઓની વિદાયથી સરસ્વતી પરિવારે એક આત્મીય સ્વજન અને માર્ગદર્શક ગુમાવ્યા છે. આજે આંસુ, દુ:ખ, વેદના, પીડા, આંખોનો ખાલીપો કઈ રીતે શબ્દોમાં વર્ણવવો? આવા નખશીખ કેળવણીકાર, જે હવે આપણી પાસે નથી તે ગુમાવ્યાનો રંજ છે. હૃદય ભારે છે, આંખો ભીની છે અને એવું અનુભવાય છે કે હવે સંસ્થાના દરેક સભ્યના ખભા ઉપરથી જવાબદારી વધી છે, તેઓના રાહ પર ચાલવા માટે! તેઓના વિના સરસ્વતીનું પ્રાંગણ તો રાંકડું લાગશે જ, પણ વયના લય અનુસાર આ વિલયને સ્વીકારીએ, તેઓની સ્મૃતિઓની મૂડીને સાચવીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ.

૧૦૫ મે વર્ષે પણ જેઓની વિદાય માત્ર તેઓના પરિવારજનો જ નહીં, પણ શિક્ષણજગત માટે પણ દુ:ખદાયક બની જાય એવા સદગત મુ. શ્રી જશીબેને

જીવતરનો આખરી ઘંટ વાગ્યો ત્યાં સુધી જીવન નામનો ક્લાસ કદી ખતમ ના થવા દીધો. શિક્ષણના આ ભેખધારીનું નામ શિક્ષણ જગતમાં તેઓના આંગણામાં રોપેલી મધુમાલતીના છોડની જેમ લીલુંછમ અને મહેંકતું રહેશે એમાં કોઈ શંકા નથી.

પરમવંદનીય શ્રી જશીબેનના દિવંગત આત્માને પ્રભુ પરમશાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના સાથે તેઓના પરિવારજનો અને શુભેચ્છકો પ્રત્યે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરતાં સરસ્વતીના શિક્ષણ સેવાના આ સવ્યસાચીને માનવંદના સાથે કોટિ કોટિ પ્રણામ.

અને અંતે કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ગાયુ તેમ, ‘‘આ દુનિયાની મહેફિલમાં મને આમંત્રણ મળ્યું, એ રીતે મારું જીવન ધન્ય બન્યું છે.

મારું કામ તો આ મહેફિલમાં મારું વાજિંત્ર વગાડવાનું હતું અને મેં યથાશક્તિ કર્યું છે.’’

## *મારા મનનાં જશીબેન*

- આશા વૈદ્ય
પૂર્વ આચાર્ય, જે. એન. બાલિકા વિદ્યાલય

ઇ.સ. ૧૯૭૭ અને ઓગષ્ટ મહિનો. શિક્ષક તરીકે પસંદગી પામી અને સંસ્થાના વડાને તેમના ઘરે મળવા જવાનું થયું.

વિશાળ બંગલો અને વિશાળ ડ્રોઇંગ રૂમ અને તેનાથી પણ વિશાળ વ્યક્તિત્વ ધરાવતું દંપતિ. ડ્રોઇંગ રૂમની મધ્યમાં બાંધેલો હિંચકો અને ધીમી ઠેસે હિંચકાને ઠેલતાં નાયક દંપતિ. જશીબેનને પ્રથમ જોયાનું યાદ આજે પણ એવું જ તરબતર છે. સફાઈદાર રીતે પહેરેલી કોટન સાડી, કપાળની મધ્યમાં મોટો ચાંલ્લો, આકર્ષક વ્યક્તિત્વ અને હૃદયના ઉમળકાથી આવકારવાની રીત. જાણે કાઠિયાવાડનાં કોઇ નેહડામાં મહેમાનગતિ માણતાં હોઈએ એવું લાગે. ચા-બિસ્કીટ સાથે લાંબી મજલ કાપવાના અણલિખીત કરાર.

મારા ‘‘મને’’ કહ્યું ‘‘તને તો લોટરી લાગી. જે શાળામાં કામ કરવાની છું તેનાં ટ્રસ્ટી (ફાઉન્ડર)’’ આટલા સરળ, સાલસ, સહૃદયી અને પ્રેમાળ ! બસ, હૃદયમાં જાણે બત્રીસ કોઠે દીવા પ્રગટ્યા.

મુ. શ્રી રઘુભાઈ અને જશીબેન સાથેનો પહેલો પરિચય. બંનેનું આગવું વ્યક્તિત્વ. કાર્ય પદ્ધતિ, કાર્ય શૈલી, કાર્ય પસંદગી અલગ. પરંતુ બંને વચ્ચેનું સાયુજ્ય અલગ લેવલનું. શોખ જુદા પણ વિચારો સરખા. હેતુ એક, કેન્દ્રબિંદુ એક, ડેસ્ટીનેશન એક એટલે જ રઘુભાઈ વિના જશીબેન અને જશીબેન વિનાના રઘુભાઈની કલ્પના કરવી અશક્ય છે.

ઇ.સ. ૧૯૭૭ થી ફિલ્મની પટ્ટીની રીલ આજે ૨૦૨૩માં પૂરી થઇ ગઇ. મુ શ્રી જશી બેન, જેમને જશી બેને તેમનાં નિર્મળ હાસ્યથી આપણને ભીના કર્યા છે. તેમને ભીની આંખે વિદાય આપવી પડે છે. પરંતુ તેમણે જ આપણને શીખવાડેલું ગીત.........

અમર ભયે અમર ભયે
અમર ભયે ના મરેંગે
અબ હમ અમર ભયે ના મરેંગે......

બેન હંમેશા આપણી વચ્ચે હતા, છે અને રહેશે.

કેમ ? કહું ?

તેમનાં વ્યક્તિત્વની બે બાબત કહું જેમાં મારી હૃદયથી આપેલી શ્રદ્ધાંજલિ સામેલ છે.

- બાહર ભીતર એક હી જાને
  યહ ગુરુ જ્ઞાન બતાઈ.......
- પાની રે પાની તેરા રંગ કૈસા
  જીસમેં મિલાદો લગે ઉસ જૈસા.....

આમ પાણી જેવી જ શ્રેષ્ઠતા અને કર્મઠતાને મારા હૃદયનાં આખરી સલામ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

## પ્રાતઃસ્મરણીય શ્રી જશીબેન

- શ્રી નંદુભાઈ રાવલ

મારા ગામ રળોલની શાળામાં એક જ મોટો ઓરડો. આ ઓરડાની બહાર લાંબી લોબી અને સૌથી આગળ નાનકડો ચોક. પહેલા ધોરણના છોકરાઓ ચોકમાં, બીજા અને ત્રીજાના લોબીમાં બે છેડા પર. અને ઓરડાના ચાર ખૂણે ચાર વર્ગો. આખો દિવસ આંક ગોખાવે. મોપાઢ બોલાવે. ક્યારેક ઊભા કરી કોઈ પાઠ વંચાવે આને ભણાવ્યું કહેવાય. આચાર્ય સહિત ૩ થી ૪ શિક્ષકો વચ્ચે બધા ધોરણના થઈ ૭૦-૮૦ બાળકો. ન ઘંટ, ન પિરિયડ બદલાય. ન ટાઈમ ટેબલ. નીચે બેસીને ભણવાનું. શાળાને બધા છોકરાઓએ વાળવાની. પંખાની તો કલ્પના ન હોય. એક શિક્ષક પાસે બે ધોરણ. આ સિવાય કોઈ જ પ્રવૃત્તિ નહીં. હા, બહેનના છોકરાઓને રમાડવાના. સાહેબના ઘરે જઈ કાંઈ ઘરકામ હોય તો તેમાં મદદ કરવાની. શાળા છૂટે ત્યારે કિકિયારી કરતા દોડતા ઘરે જતા રહેવાનું.

ગામમાં આગળ અભ્યાસની વ્યવસ્થા ન હોવાથી હું મારા બેનના ત્યાં રહી અમદાવાદ ભણવા આવ્યો. ૧૯૫૯ના જૂન માસમાં સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત અસારવા વિદ્યાલયમાં હું આઠમા ધોરણમાં દાખલ થયો. શ્રી છોટુભાઈ પટેલ અમારા આચાર્ય. રળોલ અને લીંબડીની પ્રાથમિક શાળામાંથી હું અમદાવાદ ભણવા આવેલો. આ શાળામાં મને બધું નવું નવું લાગે. સવારે મેદાનમાં સૌ વિદ્યાર્થીઓ-શિક્ષકો શિસ્તબદ્ધ ઊભા રહી પ્રાર્થના કરે. સંગીતની પ્રાર્થના-તબલા, હાર્મોનિયમ, મંજીરા, ખંજરી સાથે સુંદર રાગમાં રોજ જુદી જુદી પ્રાર્થના. જેમાં પ્રકૃતિગીત, રાષ્ટ્રભક્તિના ગીત, ભક્તિ ગીત વગેરે હોય. પછી શિક્ષક અથવા આચાર્ય થોડું બૌદ્ધિક આપે. અગાઉ નક્કી કર્યો હોય તે કોઈ એક વિદ્યાર્થી દેશવિદેશના સમાચાર વાંચી સંભળાવે. પછી શાંતિમંત્ર બોલી લાઈનસર સૌ પોતપોતાના વર્ગમાં જાય. અગાઉની શાળામાં મેં ન તો પ્રાર્થના સાંભળી ન શિસ્તબદ્ધ વર્ગમાં ગયા. બેલ પડે, સાહેબ આવે અને ભણાવવા મંડે.

સમય જતા મને ખબર પડી કે આ શાળાના પહેલા આચાર્યાબહેન શ્રીમતી જશીબહેન નાયક હતા. તેમણે અને તેમના પતિ ડૉ. રઘુભાઈ નાયકે આ ઈત્તરપ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપતી શાળા ઊભી કરી છે. જ્યાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે મુખ્ય હેતુ હતો. મુખપાઠ હરિફાઈ, વકતૃત્વ સ્પર્ધા, શ્લોકગાન સ્પર્ધા, દર શુક્રવારે છેલ્લા બે તાસ ઈત્તરપ્રવૃત્તિના જેમાં કેટલીકવાર બહારથી આવેલા મહેમાનો કોઈને કોઈ વિષય પર ઉદબોધન કરે. વર્ષમાં દસેક દિવસ નાટકો ભજવાય. દરેક વર્ગનું એક નાટક, આનું નામ રંગ માધુકરી. દિવસ દરમ્યાન પોતાના વર્ગમાં ટેલેન્ટ પ્રમાણે વિદ્યાર્થીઓએ બનાવેલી વિવિધ કૃતિઓ, લેખો, વિવિધતાસભર અંક, કવિતાઓ, વર્ગનું પરિણામ ડિટેઈલ સાથે બોર્ડ પર મૂકેલું હોય. પ્રયોગપોથી, નિબંધની નોટો, ચિત્રો વગેરેને ખુલ્લા કરી મૂકેલા હોય. અને રાત્રે તે જ વર્ગનું નાટક. દર મહિને ઘડતર બહાર પડે. જેમાં શાળાના વિવિધ સમાચારો હોય. વર્ષમાં બે પર્યટન થાય. બે સત્રમાં બે પર્યટન. જ્યાં શિક્ષક પોતાના વર્ગના વિદ્યાર્થીઓને લઈને કુદરતને ખોળે જાય. ઘરેથી નાનકડું ટિફિન લઈ જવાનું. સમૂહમાં જમવાનું અને રમતગમત મોજમસ્તી કરી સાંજે ઘરે પરત થવાનું, ડૉક્ટરને બોલાવી બાળકોની શારીરિક તપાસ થાય. વળી વાલીદિન થાય. આ દિવસે વાલીને લઈ શાળાએ જવાનું. આપણું પરિણામ વાલીને અપાય.

ક્યાં કચાશ છે તે સમજાવાય. બાળકના શારીરિક રિપોર્ટ-શારીરિક કચાશ અંગે ડૉક્ટરના સૂચનો જણાવાય અને તેનો ઈલાજ કરવા કહેવાય.

દરેક વિદ્યાર્થીને શાળાના આખા વર્ષના કાર્યક્રમો, પરીક્ષા, રજાઓ, વેકેશન, વાલીદિન, વિવિધ પ્રવૃત્તિ, પર્યટન, પરિણામ આવી અનેક બાબતો સાથેનું સ્મરણિકા-કેલેન્ડર અપાય. આ ઉપરાંત અભ્યાસપત્રક કે જેમાં ઘણી બધી બાળકને લગતી માહિતી હોય જેમ કે રોજેરોજ શું લેસન અપાયું. ક્યારે રજા પર રહ્યો, કેમ રહ્યો, પરિણામ, વાલી નોંધ, શિક્ષકની નોંધ અનેક બાબતો અભ્યાસપત્રકમાં સમાયેલી હોય. મહિનામાં એકવાર અસારવાના જુદા જુદા વિસ્તારમાં રાત્રે એકાદ કલાક શિક્ષકવાલી સભા થાય. તેમાં શાળાની પ્રવૃત્તિઓ. બાળક પ્રત્યે વાલીએ કેવું ધ્યાન રાખવું વગેરેની ચર્ચા થાય.

મેં જાણ્યું કે ગરીબ વિસ્તાર સરસપુર-અસારવામાં સુંદર શાળાઓ સ્થાપનાર તથા નવા-નવા વિચારો શિક્ષણમાં લાવનાર, મને આ બધું નવું-નવું જશીબહેનને શ્રી એચ. એમ. પટેલ સાહેબ સરદાર પટેલ વિદ્યાલય દિલ્હીમાં આચાર્ય તરીકે લઈ ગયા છે અને તેઓના માર્ગદર્શન નીચે અત્યારે આ શાળાઓ ચાલે છે. ત્યારે મને તેઓ પ્રત્યે બહુ અહોભાવ થયો. આ સંસ્થા જેવી એકપણ સંસ્થા ગુજરાતમાં ન હતી. આ કોઈ સામાન્ય માણસનું કામ નહિ. અસાધારણ વ્યક્તિ જ આવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી શકે.

બોલો રળોલની પ્રાથમિક શાળા અને અસારવા વિદ્યાલય બે વચ્ચેનો તફાવત જોઈને મને નવું નવું ન લાગે તો શું લાગે?

શાળા જીવન પૂરું કરી કૉલેજમાં જોડાયો. તો પાછું નવું પ્રોફેસરનો પિરિયડ ભરો કે ન ભરો, બે-ચાર દિવસ લેજ જાવ કે ન જાવ કોઈ ન પૂછે. ચાલુ તાસે લોબીમાં રખડતા હોવ તો પણ બોલનાર કોઈ નહીં. નહીં પ્રાર્થના, નહીં અન્ય પ્રવૃત્તિ.

**મુ. શ્રી જશીબહેનનો પ્રત્યક્ષ પરિચય**

એમ.એસસી., બી.એડ્. કરી પાછો વિજ્ઞાન શિક્ષક તરીકે જોડાયો. સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલયમાં. ખોવાયેલું જૂનું પાછું આવ્યું.

શિક્ષક થયા પછી હું આ નાયક દંપતીના સંપર્કમાં આવ્યો. ડૉ. રઘુભાઈ જરાક કડક સ્વભાવના પણ ગેરશિસ્ત, થાય તો જ. બાકી માયાળુ અને શ્રીમતી જશીબહેન તો વાત્સલ્યમૂર્તિ જ હતા.

જશીબહેનને તો પછી અવારનવાર મળવાનું થયું, મેં જોયું કે બહેનને શિક્ષણ ઉપરાંત નાટક, ગીત, સંગીત, નૃત્ય વગેરેમાં પણ ખૂબ જ રુચિ છે. ૧૫ ઓગસ્ટ કે ૨૬ જાન્યુઆરી બંને દિવસે માત્ર ધ્વજવંદન જ ન થાય. સાથે એક નૃત્યનાટિકા હોય જ. વાલીઓને આમંત્રણપત્ર મોકલવામાં આવે. વાલી અને બાળકો આ કાર્યક્રમમાં આવે. શાળાના પચાસ-સાઈઠ બાળકો ભાગ લઈ શકે તેવી નાટિકા તૈયાર કરી પોતે આખો દિવસ શાળામાં રોકાય અને એક્ટિંગ શીખવાડે. આ બધા વિદ્યાર્થીઓ માટે ભાડે ડ્રેસ લાવવાનો ખર્ચ શાળા ઉપાડતી-વાલીઓ નહિ. જ્યારે બીજે તો વેપારની હાટડીઓમાં તો, વિદ્યાર્થી પાસે વિદ્યાર્થીના ખર્ચે આ બધું મંગાવવામાં આવે.

ત્રણ પ્રાથમિક શાળા અને ત્રણ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ. પણ આ બધી શાળામાં શ્રીમતી જશીબહેન અઠવાડિયામાં ઓછામાં ઓછું બે વાર તો જાય જ. શિક્ષકોને મળે, શું કરો છો અને શું હજુ વધુ કરી શકાય તે સમજાવે. દર શનિવારે શાળા છૂટ્યા પછી બધી શાળાઓના આચાર્યો, આ સંસ્થાના ડિવેટેડ વિદ્યાર્થી કમ આચાર્ય કમ મંત્રી શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા પણ આ સભામાં હોય જ. બેન અને સાહેબ જ્યારે દિલ્હી હતા ત્યારે સમગ્ર શાળાના ભાર શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા સંભાળતા હતા અને એમની જ તર્જ પર શાળાને તેમણે આગળ ધપાવી. વાલીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચેનો

સંબંધ કઈ રીતે વધુ ગાઢ થાય તે રીતે તેમણે ઘણા પ્રયાસો કર્યા અને સુંદર સફળતા મેળવી.

સંસ્થાની રજત જયંતિ અને સુવર્ણ જયંતિ વખતે ખૂબ સુંદર કાર્યક્રમો કર્યા. ગાંધીનગર પાસે અમિયાપુર નામનું એક પછાત ગામ દત્તક લીધું અને દર અઠવાડિયે શનિ-રવિ બે દિવસ એક શિક્ષક પોતાના વર્ગને લઈને અમિયાપુર તળાવને ખોદી ઊંડું બનાવે. ત્રણ ચાર ઓરડા, સ્ટેજ વગેરે બનાવાયું. ગામના છોકરા અહીં વોલીબોલ રમે, ઘોડિયાઘર બનાવ્યું. મજૂરીએ જતી બહેનો પોતાના બાળકને આ કેન્દ્રમાં મૂકી જાય. સાંજે લઈ જાય. છાશ કેન્દ્ર બનાવાયું. ગામના અન્ય પ્રશ્નોને પણ સુલઝાવ્યા. કોઈપણ કામ હાથમાં લે તે પુરું ન કરે - સંપૂર્ણ ન કરે તો જશીબહેન શાના? આવા દુરંદેશી જશીબહેન છે.

સુવર્ણજયંતિ વખતે એક નાટક કરવું અને તે પણ ટાઉનહોલમાં આવું નક્કી થયું. સંપૂર્ણ જવાબદારી જશીબહેન લીધી. નાટકની તૈયારીઓ થવા માંડી. પણ કલાકારો જલ્દી એક્ટિંગ સમજતા ન હતા. પૂરતો રિસ્પોન્સ મળતો ન હતો. જશીબહેને મને કહ્યું કે તમે વિઠ્ઠલભાઈની જેમ વિદ્યાર્થી સંપર્ક બહુ જ ધરાવો છો. આપણો કોઈ એવો કલાકાર વિદ્યાર્થી નથી? તમે ગમે ત્યાંથી શોધી કાઢો.

પ્રવીણ પટેલ નામનો એક વિદ્યાર્થી ભૂતકાળમાં મારા વર્ગમાં ભણતો હતો. તે ટીવી કલાકાર હતો. હું તેને મળ્યો. આખો કાર્યક્રમ સમજાવ્યો. કહ્યું તારે બે એક માસ સેવા આપવાની છે. અને તેણે પોતાની વ્યસ્તતામાંથી સમય કાઢી આખાયે નાટકનું દિગ્દર્શન જશીબહેન સાથે મળીને કર્યું. વડલો નાટક ખૂબ જ સફળ રહ્યું. આ ઉપરાંત મશાલ સરઘસ પણ કાઢ્યું જે સરસપુરથી અસારવા સુધીનું હતું.

આ દિવસોમાં એક રેલી કાઢી જેમાં રઘુભાઈ જશીબહેન ખુલ્લી જીપમાં હતા. ચાર રસ્તા આગળ ગામલોકોએ રઘુભાઈને ખભે ઊચકી લીધા અને થોડાક સમય તેમને ઊંચકીને ચાલ્યા. હૃદયની કેટકેટલી લાગણીઓ તેમની સાથે જોડાયેલી હશે! અસારવા રેલી પહોંચી. અસારવા વાસીઓએ રઘુભાઈ જશીબહેનને ગુલાલ ગુલાલ કરી નાંખ્યા. જાણે ગુલાલથી તેમને નવડાવ્યા ના હોય!

છ શાળાઓ ઉપરાંત જશીબહેનના પ્રયત્નથી સંગીતશાળા પણ શરૂ થઈ. જેમાં શાળા કે અન્ય વિદ્યાર્થીઓને તબલાવાદન, હારમોનિયમ, બંસરી, સિતાર આદિ શીખવાતું.

શાળામાં વિદ્યાર્થી સ્વયં શિસ્ત શીકે તે હેતુથી ચૂંટણી થતી. જેમાં દરેક વર્ગમાં છ પ્રતિનિધિ ચુંટાતા. તેઓને વિવિધ કામો સોંપાતા અને બાળકો તે કામો ખૂબ જ આનંદપૂર્વક - જવાબદારીપૂર્વક ઉપાડતા. શાળાના પ્રશ્નોની પ્રતિનિધિ સભામાં ચર્ચા થતી. તેના ઉકેલનો વિચાર થતો અને સર્વાનુમતે પ્રશ્નો ઉકેલાતા. આ ઉપરાંત શિક્ષકોને ચેકથી પગાર, નિમણૂક વખતે કોઈ કર્મચારી પાસેથી એક પૈસોય નહીં લેવાનો, નાના-મોટા પ્રશ્નોની ચર્ચા માટે દર મહિને બૃહદ્ સભા રાખવી, ઉનાળાના વેકેશનમાં બે-ત્રણ દિવસ બહારગામ જઈ આયોજનસભા થતી જેનો ભોજન સહિત ભાડા ભથ્થાનો ખર્ચ સંસ્થા ઉપાડતી.

લંડન અને અમેરિકામાં તેમનો દીકરો અને દીકરી જમાઈ રહેતા. તેઓ પણ આ શાળામાં ભણેલા. તેમણે ત્યાં અહીં ભણી ગયેલા વિદ્યાર્થીઓનું એક મંડળ બનાવ્યું છે. અવારનવાર તેઓ મળે છે. અને શાળાજીવનને યાદ કરે છે. રઘુભાઈ-જશીબહેન ઘણી વખત પરદેશ જાય છે અને પરિવાર સાથે રહે છે.

શાળાના માજી આચાર્ય સ્વ. જ. કા. પટેલ સાહેબને ૯૧-૯૨માં નિવૃત્ત થવાનું હતું, મને પટેલ સાહેબે કહ્યું કે રઘુભાઈ-જશીબહેને તમને બોલાવ્યા છે. આપણે તેમના ઘરે જવાનું છે. મેં પૂછ્યું કેમ? સાહેબે કહ્યું કે કેમ મારા પછી તમારે આચાર્ય નથી બનવું? મેં કહ્યું કે સાહેબ મને શિક્ષક જ રહેવા દો.

મારે આચાર્ય બની શિક્ષક મિત્રોમાંથી કેટલાક મિત્રો સાથે મનદુ:ખ ઊભું કરવું નથી. બધાને જોખીને કામ સોંપી ન શકાય. થોડું વધુ ઓછું તો થાય જ. મોડા આવે કે સમયસર વર્ગમાં ન જાય અને કહેવું પડે તો તરત ખોટું લગાડી દે. એટલે જે છું તે રહેવા દો.

જ.કા. સાહેબ પછી આચાર્ય તરીકે આવેલા જોગાણી સાહેબે મને સુપરવાઈઝર બનવા કહ્યું. મેં લખીને આપી દીધું કે મારે સુપરવાઈઝર નથી થવું શિક્ષક જ રહેવું છે.

શ્રી જોગાણી સાહેબ લૉ સોસાયટીમાં ગયા અને આચાર્યની જગ્યા ખાલી પડી. શ્રી વિઠ્ઠલભાઈએ બોલાવ્યો કે મંડળ ઈચ્છે છે કે તમે આચાર્ય બનો. ક્યાં સુધી જવાબદારીથી ભાગતા રહેશો? મંડળ તમારી સાથે છે. ખોટું થાય તો વિઠ્ઠલભાઈએ કર્યું અને સારું થાય તો નંદુભાઈએ કર્યું. ચિંતા ન કરો. અરજી કરી દો અને મેં અરજી કરી. ગુણોની ગણતરી મુજબ મારું નામ પહેલું જ આવતું હતું. પીછેહઠ ન જ કરાય. જશીબહેને મારામાં આચાર્ય તરીકેના કેટલાક ગુણો જોયા હશે તો જ મને અરજી કરવા કહ્યું હશે. નવું નવું જોઈ ચકાચોંધ થયેલો વિદ્યાર્થી છેવટે તે જ સંસ્થાનો આચાર્ય બની ગયો.

આચાર્ય બન્યા પછી મારે ઘણીવાર જશીબહેનને બંગલે જવાનું થતું. મળવાનું થતું. તેમની આતિથ્યભાવના જબ્બર હતી. ના પાડો તો પણ ચા-નાસ્તો તો કરવો જ પડે. ઘણીવાર બેઠા હોય ત્યારે તેમના પરિવારની, ભાવનગરની, ભાવનગરના રાજવી, દીવાન પ્રભાકર પટણી વગેરેની વાતો કરે.

**તેમણે કહેલી કેટલીક અંતરંગ વાતો**

''મારા બાપુજી હરભાઈ-હરિશંકર ત્રિવેદી બી.એ. થયા. નોકરીની સોધ માટે મુંબઈ ગયા. આર્થિક સંકડામણને કારણે સામાન્ય નોકરી કરવા પણ તૈયાર થતા. એકવાર એક લલ્મ્બરની દુકાવાળાએ હરભાઈને ઈન્ટરવ્યૂમાં બોલાવ્યા. તેમના પહેલા એક ભાઈ ઈન્ટરવ્યૂ આપીને બહાર આવ્યા. શૂટેડ-બૂટેડ થઈને આવેલા એ ભાઈએ કહ્યું કે મને સાંઈઠ રૂપિયાની ઓફર કરી છે. શ્રી હરભાઈને હવે ઈન્ટરવ્યૂમાં બોલાવ્યા. વાતચીતને અંતે શેઠે કહ્યું કે પેલા ભાઈને સાંઈઠ અને મને પિસ્તાલીસ કેમ? શેઠે કહ્યું તે શૂટેડ-બૂટેડ છે અને તમે ધોતિયું પહેર્યું છે. એટલે તમારા કરતા તેને વધારે પગાર આપવો પડે. હરભાઈને કોટું લાગ્યું અને કહ્યું કે તો આ નોકરી શૂટેડ-બૂટેડને જ આપી દો.''

''અમે છ ભાઈ બહેન. ચાર બહેનો અને બે ભાઈ. બાનું નામ સંતોકબહેન. એક અક્ષરેય ભણેલા નહિ પણ કોઠાસૂઝ ખૂબ. કુટુંબના પરિવારજનો માટે પૂછ્યા ઠેકાણું હતા. દિવસ આખો કામ-કામ અને કામ. મારા પિતાજી કહેતા કે તમે થાકી જાવ એટલું કામ ન કરો. હું તમને મદદ કરાવું અને બાપુ બા ને ઘરના ઘણા કામોમાં મદદ કરાવતા. બા રૂઢિચુસ્ત બ્રાહ્મણ હતા. જ્યારે મારા બાપુજી થોડા આસ્તિક પણ સમાજની દૃષ્ટિએ વધારે નાસ્તિક. બે વાર તો એમને નાત બહાર મૂકેલા પણ ગભરાયા નહિ.''

''જશીબહેન એ હરભાઈના સૌથી મોટા પુત્ર. હજુપણ તેઓના ભાઈબહેન તેમને ''મોટી'' કહીને બોલાવે છે. તેમનું સાચું નામ યશોધરા પણ લાડકું નામ જશીબહેન. તેમણે પૂર્વ પ્રાથમિક શિક્ષણ ''મૂછાળી મા'' તરીકે ઓળખાતા ગિજુભાઈ બધેકા પાસે લીધું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ દક્ષિણામૂર્તિ ભાવનગરમાંથી મેળવ્યું. જશીબહેને સ્વાધ્યાય અને સહકારની ભાવના, સ્વતંત્ર મિજાજ, શિસ્ત, સ્ફૂર્તિ વગેરે ગુણો આ સંસ્થામાંથી મેળવ્યા.

''રઘુભાઈ જર્મનીથી પી.એચડી. કરીને ભાવનગર આવ્યા. મારા બાપુજીને મળ્યા. તેમણે શિક્ષક તરીકે રહેવા તૈયારી બતાવી. બાપુજીએ રઘુભાઈને સીધા આચાર્ય જ બનાવી દીધા અને પોતે સંસ્થાના વહીવટકર્તા-પ્રમુખ બની રહ્યા. રઘુભાઈએ સંસ્થાનો

સમગ્ર ભાર પોતાના પર ઉપાડી લીધો.''

અમદાવાદની એસ.એલ.યુ. મહિલા કૉલેજ અને મુંબઈની કર્વે યુનિવર્સિટી માંથી તેઓ ગ્રેજ્યુએટ થયા. નડિયાદની વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં શિક્ષિકા બન્યા. પણ અહીં તેમને બધું નવું નવું લાગવા માંડ્યું. ક્યાં દક્ષિણામૂર્તિ અને ક્યાં  આ કન્યા વિદ્યાલય અહીં કડક શિસ્ત, રૂઢિચુસ્ત માનસવાળા આચાર્ય-શિક્ષકો. શિક્ષણ પદ્ધતિ અલગ, શિસ્ત અને વ્યક્તિત્વ વિકાસના ખ્યાલોનો અભાવ. વાલી અને શાળા હંમેશાં છોકરીઓને શંકાની નજરે જુએ. સાપનો ભારો સમજે. આવા વાતાવરણમાં તેઓ સેટ ન થઈ શક્યા અને ભાવનગર ઘરશાળામાં શિક્ષિકા તરીકે જોડાયા.

'ઘરશાળાના વિદ્યાર્થીઓ મેટ્રીકની પરીક્ષા આપવા મુંબઈ યુનિવર્સિટી સાથે જોડાયેલા હોવા જોઈએ. તેથી રઘુભાઈએ આચાર્ય તરીકે મુંબઈ યુનિવર્સિટીને આ જોડાણ માટે અરજી કરી. ત્યાંથી, શાળાની તપાસ માટે એક પંચ ત્રણ દિવસ માટે આવ્યું. પણ અહીંની વિવિધ પ્રવૃત્તિઓ, એસાઈન્મેન્ટ પદ્ધતિ, ગ્રેડેશનથી મૂલ્યાંકન, કોઈને નાપાસ નહીં કરવાના વગેરે જાણી તપાસપંચ નેગેટિવ રિપોર્ટ આપી મુંબઈ ભેગા થઈ ગયા અને ઘરશાળાને માન્યતા ન મળી. રઘુભાઈ નિરાશ ન થયા. જાતે મુંબઈ જઈ સિન્ડીકેટના સભ્યોને મળ્યા. સભ્યો તથા રજિસ્ટ્રારને સમજાવ્યા કે અમારી પદ્ધતિ ઘણી રીતે અલગ હશે. પણ નવી પદ્ધતિ કામ આવશે. છેવટે સિન્ડીકેટે એક શરતે માન્યતા આપવાની તૈયારી બતાવી. જો રઘુભાઈ સિન્ડીકેટને રૂ. ૧૦,૦૦૦/- ડિપોઝીટ આપે અને તેમના પરીક્ષામાં બેસેલા વિદ્યાર્થીમાંથી ૪૦% પાસ થાય તો સંસ્થાને માન્યતા મળશે અને ડિપોઝીટ પાછી મળશે. પરીક્ષા લેવાઈ અને સૌરાષ્ટ્રની અન્ય શાળાઓ કરતા ઘરશાળાનું પરિણામ સૌથી ઊંચું હતું. એટલું જ નહિ પણ એક વિદ્યાર્થી પ્રથમ પણ આવ્યો.'

જૂન ૧૯૪૧માં જશીબહેને રઘુભાઈ સાથે લગ્ન કરી લીધા. બાપુજીને લગ્નની વાતનો વાંધો ન હતો. બા રૂઢિચુસ્ત હોવા છતાં તેમણે પણ મંજૂરી આપી. અમે કુલ ચાર જણ આ લગ્ન માટે સંમત હતા. પણ સમાજ વિરોધમાં હતો. પણ સમાજને અવગણ્યો. પછી સમાજે પણ સ્વીકારી લીધા. તેમના લગ્ન તદ્દન સાદાઈથી થયેલા. ફક્ત બાર આના ખર્ચ. આમ જશીબહેનની સાદગી, સમાજ સામે લડવાની શક્તિ, લગ્ન માટે માતાપિતાને સમજાવ્યા અને તેમની મંજૂરી બાદ લગ્ન કર્યા. આના પરથી તેઓ નમ્ર અને આજ્ઞાંકિત છે તેનો ખ્યાલ આવે.

''ડૉ. રઘુભાઈનો સ્વભાવ બહુ કડક. શિસ્ત અને સમયના જબરા આગ્રહી. એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાવનગરના એક મંત્રીને મહેમાન તરીકે આમંત્રાયા. તે મોડા આવ્યા. રઘુભાઈએ એકપણ મિનિટ બગાડ્યા વગર અપમાનની ટીકા કરી પણ રઘુભાઈએ તેને ન ગણકારી.''

''ભાવનગરના એક સદ્‌ગૃહસ્થનો દીકરો નાપાસ થાય તેમ હતો. આ સદગૃહસ્થને આફ્રિકામાં મોટો વેપાર, રઘુભાઈએ તેમને પત્ર લખી જણાવ્યું કે આપના દીકરાના અભ્યાસ બાબતે આપ આચાર્યને મળી જાવ. તે ન આવ્યા પણ તેમના એક કર્મચારીને મોકલ્યો. રઘુભાઈએ તેની સાથે ચર્ચા ન કરી. આથી શેઠે તેમના મુનીમને મોકલ્યા. રઘુભાઈએ સદ્‌ગૃહસ્થને જણાવ્યું કે તમારા બાળકના અભ્યાસ બાબત વિચારવાનો પણ તમને સમય નથી. તમે મને રૂબરૂ મળશો તો આનંદ થશે. છેવટે કચવાતા મને તેઓ આવ્યા. કદાચ એમ માનતા હશે કે માસ્તરને મારે મળવાનું હોતું હશે! સ્ટેટસનો સવાલ હતો. રઘુભાઈએ તેમને બાળક પર અંગત ધ્યાન આપવાની જરૂરિયાત સમજાવી. ઘરે પણ તેના અભ્યાસમાં અંગત ધ્યાન આપવાની જરૂરિયાત સમજાવી. ઘરે

પણ તેના અભ્યાસમાં ધ્યાન આપો. આજે એ છોકરો મેટ્રીક પાસ થઈ લંડનમાં સફળ વેપારી છે.'' આવા રઘુભાઈને સ્વભાવથી હરભાઈ સાથે ઓછું બનવા લાગ્યું. અને તેમણે ૧૯૪૪માં નાના દીકરાને લઈ ભાવનગર છોડી અમદાવાદના સરસપુરમાં સરસ્વતી વિદ્યાલય શરૂ કર્યું.

સરસપુરની એક બંધ મિલના કમ્પાઉન્ડમાં ચાલતી શાળા ખરીદી. કચરા, કોલસીના ઢગલા અને પતરાનો શેડ. આ શેડને સાફ કરી રસોડું બનાવ્યું. વીજળીને બદલે ફાનસ. ખાવામાં જવના રોટલા અને રીંગણનું શાક. દીકરાને આમાં શરીરે મચ્છર કરડ્યા. ફોલ્લી ફોલ્લી થયું ડૉક્ટર પાસે લઈ ગયા કે ઓરી-અછબડા તો નથી ને. ડૉક્ટરે કહ્યું કે ''આ તો મચ્છરોની લીલા છે.'' આવા વાતાવરણમાં કમાવા નહીં પણ ગરીબ બાળકોને શિક્ષણ આપવા સ્કૂલ ખોલી. રાતદિવસ મહેનત કરી. શાળાના ઓરડા, રસોડા વગેરેને જાતે ચૂનો કરી સામાન્ય શાળા જેવું લાગે તેવું મકાન હવે બન્યું. શાળા વિકસતી ગઈ. અસારવા, સરસપુરમાં સંપર્ક વધતા ગયા. રઘુભાઈની સાથે ખભેખભો મિલાવી સહેજપણ અણગમો કે દુઃખ મોં પર આવવા દીધા વગર શિક્ષણસેવા કાર્યમાં લાગી ગયા.

૧૯૫૨-૫૩માં રઘુભાઈ એક વર્ષ માટે અમેરિકા ગયા. જશીબહેને સંસ્થાની સંપૂર્ણ જવાબદારી પોતાના શીરે લીધી. આ દરમ્યાન અસારવાના વાલીઓએ જશીબહેનને અસારવામાં એક શાળા શરૂ કરવા જણાવ્યું. જશીબહેને રઘુભાઈને વાત કરી - સમજાવ્યા અને અસારવામાં અસારવા વિદ્યાલય શરૂ કર્યું. તેના પહેલા આચાર્યા શ્રીમતી જશીબહેન નાયક હતા. ચાર વર્ષ આચાર્ય રહ્યા અને એક નૂતન દૃષ્ટિ અને અભિગમ ધરાવતી એક શાળા તેમણે ઊભી કરી.

જશીબહેન કહ્યું, ''હું સાઇકલ લઈ સ્કૂલે જતી, સરસપુર, અસારવા વચ્ચેના નળીયામાંથી પસાર થતા બીક લાગે. લોકોને નવાઈ લાગે કે આ સ્ત્રી સાઇકલ ચલાવે છે? કોઈ અહોભાવથી તો કોઈ વિચિત્રભાવથી જુએ. કોમેન્ટ કરે. પણ હું ડર બતાવું નહીં. રઘુભાઈને કહું તો કહે આ વિસ્તાર હજુ બૌધિક, આર્થિક અને સામાજિક બધી રીતે પછાત છે. આપણે એમને સુધારવાના છે. અકળાઈને કામ છોડી દઈશું તો કેમ ચાલશે. અને બીજે દિવસે હું સાઈકલ સવાર થઈ નિશાળે જવા નીકળી પડતી.''

''આ દરમ્યાન દિલ્હીમાં સરદાર પટેલ વિદ્યાલયમાં એક સારા શાળા સંચાલક કમ આચાર્યની જરૂર હતી. નમાણામંત્રીશ્રી એચ.એમ. પટેલ સાહેબે તેમના સેક્રેટરી શ્રી મૂળશંકરભાઈ ભટ્ટને ગુજરાતમાંથી કોઈ સારા આચાર્ય શોધી લાવવા કહ્યું. તેઓ હરભાઈને મળ્યા. અને હરભાઈએ અમને બંનેને દિલ્હી મોકલ્યા.'' ત્યાં પ્રાથમિક વિભાગ બહેન સંભાળતા અને હાઈ સ્કૂલ વિભાગ રઘુભાઈ. બંનેયે ટૂંક જ સમયમાં આ શાળાને ભારતની એ ગ્રેડ સ્કૂલમાં નામના અપાવી.

એકવાર જશીબહેને મને કહ્યું, ''નંદુભાઈ ત્યાં શ્રી મોરારજી દેસાઈના નજીકના સંબંધી સરદાર પટેલ વિદ્યાલય-દિલ્હીમાં નોકરી કરતા હતા - શિક્ષિકા હતા. કોઈ વધુ પડતી ગેરશિસ્ત આચરતા અમે તેમને સસ્પેન્ડ કરી દીધા. એ બહેન ગયા મોરારજીભાઈ પાસે. શ્રી મોરારજીભાઈનો અમારા પર ફોન આવ્યો કે આ બેનને કયા કારણસર સસ્પેન્ડ કરવામાં આવ્યા છે? અમે જણાવ્યું કે વધુ પડતી ગેરશિસ્ત આચરી છે અને તેઓ જણાવે છે કે હું મોરારજીભાઈની સગી છું. મને કોઈ કાંઈ ન કરી શકે. આ ગેરશિસ્ત અને અહમ્‌ને કારણે એ બહેનને સસ્પેન્ડ કર્યા છે. જો તેમને પાછા લઈ લેવા માટે આપે ફોન કર્યો હોય તો અમે અમારા રાજીનામા મોકલી આપીએ છીએ. મોરારજીબાઈએ કહ્યું કે મારી જેમ તમે પણ આટલા બધા શિસ્તના આગ્રહી છો તેનો મન આનંદ થયો છે. કોઈપણ ક્ષેત્રમાં ગેરશિસ્ત તો ન જ ચાલે. હું એ

બહેનને પાછા લઈ લેવાનું કહેતો નથી. અને અમે એ બહેનને પાછા ન લીધા.'' દેશના નાણાંપ્રધાન અને એક સમયે નાયબ વડાપ્રધાન અને વડાપ્રધાન રહી ચૂકેલા વ્યક્તિને પણ જો આવા જવાબો આપી શકતા હોય તો બહેનમાં અને સાહેબમાં કેટલું ડેરિંગ હશે. કેટલી પ્રામાણિકતા, કેટલી શિસ્તના આગ્રહી! બીજું કોઈ હોય તો મોરારજીભાઈ પર આ કામ એક અહેસાન કર્યા જેવું. ઉપર હાથ રાખવા જેવું હતું પણ શિક્ષણને ભોગે કોઈ સંબંધ તેઓને સ્વીકાર્ય ન હતો. આવા વિરલા ભાગ્યે જ કોઈ હોઈ શકે.

શ્રીમતી જશીબહેન દ્વારા મને મળેલ આચાર્ય તરીકેનું માર્ગદર્શન

તેઓ કેટલોક સમય પરદેશમાં રહેતા તો કેટલોક અમદાવાદમાં. જ્યાં પણ હોય મને આચાર્યનું માર્ગદર્શન આપતા. નિયમિત પત્રો જરૂર લખે. હું પણ શાળામાં થયેલી પ્રવૃત્તિઓ, પરિણામ, નબળા વિદ્યાર્થીઓ સારું પરિણામ અને હોંશિયાર વિદ્યાર્થીઓ વધારે સારું પરિણામ લાવી શકે તે માટે હું શું કરું છું અને શાળાની અન્ય બાબતો જણાવતો રહેતો. તેમાં તેઓ થોડા સુધારાવધારા સૂચવતા. અને તે પ્રમાણે હું સુધારા કરતો.

મેં સ્કૂલમાં ''ખોયાપાયા'' એક વિભાગ શરૂ કર્યો. તેમાં જશીબહેનનું માર્ગદર્શન તો હોય જ. કોઈપણ વસ્તુ જડે તો તેને સુપરવાઈઝર શ્રી રમણભાઈ શાહ કે શ્રી નવીનભાઈ બ્રહ્મભટ્ટ પાસે જમા કરાવી દે. બીજે દિવસે જેની વસ્તુ ખોવાઈ હોય તેની ફરિયાદ આવી હોય તેને તે વસ્તુ બધાના દેખતા જ વિદ્યાર્થીને જડી હોય તે વિદ્યાર્થી જ તેને પાછી આપે. સૌ તાળીઓથી તેને વધાવે. ચોરીઓ થવાનો તો સવાલ જ ન રહ્યો.

પ્રાર્થનાના અંતે મેં સૌ વિદ્યાર્થીઓ પાસે વંદે માતરમ્ ગીત ગવડાવવાનું શરૂ કર્યું. શરૂઆતમાં મુસ્લિમ વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો પરંતુ મેં ગણકાર્યો નહિ. તેમની સામે મેં વંદે માતરમ્ પર એક બૌધિક આપ્યું. કહ્યું કે આ સામે મેં વંદે માતરમ્ પર એક બૌધિક આપ્યું. કહ્યું કે આ નારાએ જ આપણને આઝાદી અપાવી છે. આ પછી તેમનો વિરોધ શાંત થઈ ગયો. શહીદો, મહાન નેતાઓ, પ્રાસંગિક પ્રસંગો, સાંપ્રત સમાજના પ્રશ્નો વિશે પ્રાર્થનામાં બાળકોને રોજ નવી માહિતી આપવી શરૂ કરી. દર શુક્રવારે ઈત્તરપ્રવૃત્તિના બે તાસમાં મહેમાનને બોલાવી તેમનું ઉદ્‌બોધન બાળકો સામે થતું. બાળકોની ડૉક્ટરી તપાસ, સ્કૂલમાં પ્રતિનિધિઓની ચૂંટણી, સ્મરણિકા, પંદર ઓગસ્ટ, છવ્વીસ જાન્યુઆરી, ધ્વજવંદન, નૃત્યનાટિકા. ટૂંકમાં ભૂતકાળમાં જે જે કાર્યક્રમો-પ્રવૃત્તિઓ થતી તે બધી જ પ્રવૃત્તિ જશીબહેનના માર્ગદર્શન નીચે ચાલુ રાખેલી. દર ગુરુવારે એક વર્ષ (૨૦૦૧-૦૨) સુધી રામાયણના ક્રમબદ્ધ પ્રસંગો, બીજા વર્ષે (૨૦૦૨-૦૩) મહાભારતના પ્રસંગો અને ૨૦૦૩ના ઓક્ટોબર સુધી શ્રીમદ્ ભાગવત ગીતાના અઢાર અધ્યાય ક્રમશઃ બાળકો આગળ શ્રી અનિલભાઈ ભટ્ટે રજૂ કર્યા. આમ આ નવીનતાને પણ બહેને સ્વીકારી મને પ્રોત્સાહિત કર્યો. પહેલી નવેમ્બરે ૨૦૦૩માં હું રિટાયર્ડ થયો. આમ મારા કાર્યકાળના છેલ્લા અઢી વર્ષ સુધી બાળકોને આપણા પ્રાચીન ગ્રંથો વિશે માહિતી આપવા મેં વિનમ્ર પ્રયત્નો કર્યા.

આજે મારામાં લખવા-બોલવાની શક્તિ આવી હોય. કોઈપણ અજાણ્યા સાથે પણ વાત કરવા લાગી જવું-અતડા ન રહેવું, મિક્સિંગ નેચર, વિદ્યાર્થીઓને સ્નેહ આપવો અને વિદ્યાર્થીઓનો અપાર સ્નેહ પ્રાપ્ત કરવો વગેરે જે કંઈ આજે મારામાં હોય તો તેને સંપૂર્ણ યશ હું ડૉ. રઘુભાઈ, શ્રીમતી જશીબહેન અને મારા પર જેના ચાર હાથ હતા એવા શ્રી વિઠ્ઠલભાઈને આપું છું.

ટૂંકમાં શ્રીમતી જશીબહેન ખૂબ જ માયાળુ, આતિથ્ય ભાવનાવાળા, વિદ્યાર્થીઓ પ્રત્યે પોતાના

બાળક જેટલો પ્રેમ રાખનાર, ડૉ. રઘુભાઈ કોઈ બાળક કે શિક્ષક પર ગરમ થયા હોય તો તેમના આ પૂર્વાધનો ઉત્તરાર્ધ જશીબહેન ખૂબ સારી રીતે કરતા. ''એમનો સ્વભાવ તેજ છે એ તમે ક્યાં નથી જાણતા? ઘડીક પછી એમના મનમાં કશું નહિ હોય-ખોટું ન લગાડશો. ચાલ્યા કરે.'' આમ આવી રીતે જશીબહેનને વાતને વાળી લેતા સારું આવડતું. તેઓ શિક્ષણમાં નીતનવા પ્રયોગો કરતા. તેનું ફૉલોઅપ અને સતત મૂલ્યાંકન કરતા, કોઈપણ કાર્ય કે કાર્યક્રમ સુપેરે-સુંદર રીતે થાય તેનો આગ્રહ રાખતા અને એમ થતું જ ડૉ. રઘુભાઈને ભારત સરકારનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળ્યો હોય કે પદ્મશ્રીનો ખિતાબ મળ્યો હોય તો તેમાં જશીબહેનનો ફાળો નાનોસૂનો નથી. તેઓ હંમેશાં રઘુભાઈ સાથે એક પડછાયાની જેમ જ રહ્યા છે.

આવા નમ્ર, શિક્ષણપ્રેમી, નિતિમત્તાવાળા, પ્રામાણિક, નિઃસ્વાર્થ ભાવનાવાળા, સેવાભાવી, ઊંડી કોઠા સૂઝ ધરાવનાર. નૂતન શિક્ષણના પાયાના કાર્યકર્તા. શિક્ષણમાં સતત પ્રયોગશીલ રહેનાર. નવાનવા સુધારાને આવકારનાર અને સ્વીકારનાર. શિક્ષણમાં નવીનવી કેડીઓ કંડારનાર... કેટકેટલું લખવું!!!

આદરણીય શ્રીમતી જશીબહેનને નંદુભાઈ રાવલના શત્ શત્ નમસ્કાર.

## મુ. શ્રી જશીબહેન નાયકને ૧૦૦ સલામ સાથે

- અશોક સોમપુરા
કાર્યકર, ઘરશાળા માસિક, સરસ્વતી વિદ્યામંડળ

વિદ્યા કે વાચસ્પતિ તુમ
તુમ મેં હૈ સરસ્વતી સરસ્વતી
હરભાઈ કે વિચારોં સે જુડકર
દિખાઈ શિક્ષણ મેં ક્રાંતિ ક્રાંતિ
લગાઈ ધૂન લેખન યજ્ઞ કી
જગાઈ માનવતા કી જ્યોતિ જ્યોતિ
પાયા રઘુભાઈ કા સાથ આપકો
અમૃત બન ગઈ શિક્ષણ પ્રકૃતિ પ્રકૃતિ
શતમ્ શિવમ્ શરદમ્ કો સાર્થક કિયા
મુસ્કુરા ઊઠી ૨૧મી સદી સદી
પ્રેમ ઔર વાત્સલ્ય કે પર્યાય બને
સબ કે મનમેં બસી ખુશી ખુશી
આનંદ સે અશોક હુઆ ઉપકૃત
હૃદય કી વાચા જાગી જાગી
જુગ જુગ જીઓ જશીબહેન
દિલ કી દુનિયા ગાતી ગાતી
શુભ હુઆ ઔર હોતા હી રહેગા
જબ તક હૈ રઘુકુલ કી સંગતિ સંગતિ

સમય પરિવર્તનશીલ છે. જે આજે નવું છે તે કાલે જૂનું થવાનું છે. ફરી કંઈક નવું આવે છે તો વળી જૂનું નવા વાઘા સજી બનવું બનીને આવે છે. કેટલાક સમય એક આગવી સચ્ચાઈ લઈને આવે છે. એ સચ્ચાઈ માણસને સદાય તરોતાજાં રાખે છે.

સમય ક્યાંક પોંખાય છે તો વળી ક્યાંક ટોકાય છે. કેટલાક ઉત્તમ સમયના ગર્ભમાં ઉત્તમ સર્જન થતાં હોય છે. ઉત્તમ માનવીના અવતરણ પણ થતાં હોય છે. આવા ઉત્તમ માનવીઓ સદીને રૂપાળી બનાવે છે. પોતાની કાર્યની રીતિ નીતિ દ્વારા એ આ સદીને સદાય અજવાળું આપતા હોય છે.

વીસમી અને એકવીસમી સદીને ગૌરવ આપતી એક ઉત્તમ સન્નારી છે. ગુજરાતના આર્ષદૃષ્ટા પ્રખ્યાત શિક્ષણવિદ્ અને મહાન કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદીના પુત્રી શ્રી જશીબહેન નાયક.

મુ. શ્રી. જશીબહેન બાળકો, યુવાનો અને સમાજ માટે સહદાય હકારાત્મક રહ્યા. તેમની આ હકારાત્મક દૃષ્ટિ માણસને જીવન જીવવાની ચોક્કસ દિશા


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

આપતી રહી. તેમની આ સાપેક્ષ વિચારસરણી માણસને સત્ય તરફ અને જીવનલક્ષી વિચારધારાને સ્વીકારવા માટે આગ્રહ કરતી રહી.

તેમની આ ઉત્તમ વિચારધારા આપણને તેમના લેખનમાંથી મળી આવે છે. જશીબહેને તેમના લેખોમાં અને વાર્તાઓમાં માનવતાને ઉજાગર કરી બતાવી. તેમનો વાર્તા પ્રવાહ માણસને મનથી રાજી કરી નાંખે તેવો રહ્યો છે. બહેનની કલમ વાર્તાના એવા ભાગમાં લઈ જાય છે કે માણસને વાંચતા વાંચતા તેમણે નિરૂપેલી ઘટનાઓ પ્રત્યે અહોભાવ જાગ્યા વિના રહેતો નથી.

આ એક એવી ઉત્તમ સન્નારી છે કે એણે પોતાનું સમગ્ર વ્યક્તિત્વ ગમા-અણગમા અને જીવનના રાજીપોને પોતાના પતિ રઘુભાઈના જીવન સાથે સાંકળી લીધો.

માનવલક્ષી અને કેળવણી ક્ષેત્રે મોભાદાર જીવનના સ્વામી મુ. શ્રી જશીબહેન નાયકના જીવનમાં એક ડોકિયું કરવાનો આ લેખમાં એક સાદો અને નમ્ર પ્રયાસ છે અને જીવનમાં પ્રેરણા મળે તેવા એક નાના પ્રસંગની વાત આજે કરવી છે. આજનો માણસ બાલ્યાવસ્થાથી માંડી યુવાન થાય ત્યાં સુધીના વર્ષો શાળા-કૉલેજમાં ભણવામાં પસાર કરે છે. અને જેવો તે સમાજમાં પ્રવેશ કરે છે ત્યારે અનેક મૂંઝવણો તેને ઘેરી વળે છે અને જીવન જીવવામાં ભૂલો પડી જતો હોય એવા અનેક દાખલાઓ આપણને જોવા મળે છે. મુ.શ્રી જશીબહેનનું જીવન આવા માણસો યુવાનો માટે દર્પણ સમાન છે. તેમના જીવનમાંથી ઘણો બોધપાઠ મેળવી શકે છે.

અને વાત ભણીગણીને ઠરીઠામ થયા પછી પણ પોતાની ફરજ સાથે આંખ આડા કાન કરનારાઓનો આપણા સમાજમાં તોટો નથી. આ સાથેનો એક નાનકડો પ્રસંગ આપણા જીવનને અને ફરજને સાંકળી આપણી કાર્યની રીતિ નીતિને કેવો ઝંકૃત કરી કેવો સંતોષ આપે છે તે બહુ ખૂબી પૂર્વક સમજાવી જાય છે.

મારો રોજના નિત્યક્રમ મુજબ હું મુ. શ્રી જશીબહેનના નિવાસ સ્થાને લેખનકાર્ય માટે જતો. આવી જ રીતે એક દિવસ હું જઈ રહ્યો હતો. ત્યારે મને રસ્તામાં મારા એક મિત્ર મળ્યા. તેમને જોઈને મને થોડી નવાઈ લાગી. મેં સ્વાભાવિક રીતે તેમને પૂછ્યું, ''કેમ મિત્ર, આજે આ બાજુ ક્યાં જવા નીકળ્યા?'' અત્યારે તો તમારા આફિસ જવાનો સમય છે? એ ભાઈ થોડા ડઘાઈ ગયા. તેઓ હસ્યા અને બોલ્યા, ''અરે, ભાઈ અમારે તો સરકારી નોકરી વહેલા-મોડા જઈએ કામ વધારે ઓછું કરીએ બધું જ અમારે ચાલે. પણ! તમે ક્યાં જવા નીકળ્યા છો?'' મેં જવાબ આપ્યો, અરે ભાઈ હું મુ. શ્રી જશીબહેનના ઘેર લેખનકાર્ય માટે જાઉં છું. મુ. શ્રી. જશીબહેનનું નામ આ રીતે સાંભળી તે ભાઈને તેમના ઘેર આવવાની ઈચ્છા થઈ. તેમણે થોડા સંકોચ સાથે મને પૂછ્યું, હું જશીબહેનના ઘેર આવી શકું?''

''મેં નિઃસંકોચ પ્રમાણે જવાબ આપ્યો કે જરૂર. તમે મારી સાથે મુ. શ્રી. જશીબહેનના ઘેર આવી શકો છો?''

આટલી વાત થયા પછી અમે બન્ને મુ. શ્રી. જશીબહેનના ઘેર જવ ઉપડ્યા. થોડીવાર પછી બહેનનું ઘર આવી ગયું. મેં ડોરબેલ વગાડ્યો. પણ મારા ભારે આશ્ચર્ય વચ્ચે મને ''આવો, અશોકભાઈ, એવો આવકાર મળ્યો નહિ.''

મેં ધીરે રહી દરવાજો ખોલ્યો. અમે બન્ને ભાઈઓએ મુ. શ્રી. જશીબહેનના ઘરમાં પ્રવેશ કર્યો. હું મુ. શ્રી. જશીબહેન પાસે ગયો ત્યારે તેઓને સખત તાવ હતો. તેઓ બોલી પણ શકતા ન હતા. આવી સ્થિતિમાં મને લાગ્યું કે આજે બહેન મને લેખનકાર્ય કરાવી શકશે નહિ.

થોડીવાર સુધી અમે તેમની પાસે મૌન બેસી રહ્યા. મેં મનોમન વિચાર કર્યો કે આજે બહેનની તબિયત સારી નથી. વળી તેમને આરામની ખાસ જરૂર છે. આથી આજે લેખનકાર્ય બંધ રાખું અને

તેમને આરામ કરવા દઉં. હું આવું વિચારતો હતો ત્યાં જ બહેને મારું મૌન તોડ્યું. અશોકભાઈ થોડીવાર પછી આપણે લેખનકાર્ય શરૂ કરીએ. બરાબર ને? અને હા, આ ભાઈ તમારી સાથે આવ્યા છે તે કોણ છે? મેં તેમનો ટૂંકમાં પરિચય આપ્યો અને વિશેષમાં કહ્યું કે આ ભાઈ આપણી શાળાના જૂના વિદ્યાર્થી છે. સરકારી આફિસમાં ફરજ બજાવે છે. તેઓ મને રસ્તમાં મળી ગયા. તેમણે તમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી અને હું તેમને અહીં લઈ આવ્યો છું.''

ખૂબ સારું કર્યું. થોડી વાતચીત થઈ ચા-પાણી પૂરા થયા અને બહેને ખૂબ જ ધીમા અને બીમાર અવાજે મને ફરીથી કહ્યું કે અશોકભાઈ ચાલો આપણે લખવાનું કામ શરૂ કરીએ. મેં તેમને વિનંતીપૂર્વક ''ના'' પાડી કે બહેન, આજે તમારી તબિયત સારી નથી આપણે આજે કામ બંધ રાખીએ.

અમારા બંન્નેના આશ્ચર્ય વચ્ચે મુ. શ્રી. જશીબહેન બોલ્યા કે, ના, ના અશોકભાઈ. તમને મેં આજે બોલાવ્યા છે એટલે હું મારી ફરજથી દૂર નહિ ભાગું કે કામ પણ અધૂરું નહિ રાખું. કામ શરૂ કરીશું એટલે આપોઆપ મને સારું લાગવા માંડશે.

આપણે ક્યારેય ફરજથી દૂર ભાગવું નહિ કે ફરજના આપણા કામના કલાકમાં કાપકૂપ કરવો નહિ. સરસ રીતે અને સમયસર ફરજ આપણે બજાવવી જ જોઈએ. એમ જશીબહેન બોલ્યા.

મારી સાથે આવેલા ભાઈ જશીબહેનની આ વાત સાંભળી દંગ રહી ગયા. તેમણે બહેનને પ્રણામ કર્યા. તમને આટલો બધો તાવ હોવા છતાં તમે કામને પ્રિય ગણો છો અને અમે? કામચોરીમાં રચ્યા પચ્યા રહીએ છીએ. ગુણવત્તાવાળું કામ થાય તેની ચિંતા જ કરતા નથી.

''મુ. શ્રી. જશીબહેન, આજથી હું નિયમ લઉં છું કે હું સમયસર ઑફિસમાં જઈશ અને મારી ફરજ નિષ્ઠાપૂર્વક બજાવીશ. એટલું જ નહિ, મારા આખા વિભાગને તેમ કરવા હું પ્રેરીશ. પગાર લઈ કામ ન કરવું તે બહુ મોટો ગુનો છે.''

આજે આ ભાઈ ખૂબ જ સુખદ પળો સાથે એના કાર્યાલયમાં કામને આનંદ માને છે અને પોતાની સેવા બજાવે છે અને તેનો વિભાગ પણ તેના આવા વર્તનથી પ્રભાવિત થઈ પૂરેપરા કામને સમર્પિત થઈ નોકરી કરે છે.

અમારા બંનેની આંખમાં આંસુ હતા. એ ભાઈએ પૂરી પ્રસન્નતાથી અને જીવનમાં કંઈક મેળવ્યાના આનંદ સાથે ત્યાંથી વિદાય લીધી.

તેમના ગયા પછી અમે અમારું લેખ લખવાનું કામ સંપૂર્ણ કર્યું.

## સરસ્વતીના ઉપાસક (એક વિરલ વ્યકિતત્વ)

- શ્રી વિકાસભાઈ પટેલ
આચાર્ય, શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય

ગુજરાતના અગ્રણ્ય કેળવણીકાર, મુ. શ્રી હરભાઈ ત્રિવેદીના દીકરી, સરસ્વતી વિદ્યામંડળના પ્રમુખ, મુ. શ્રી રઘુભાઈના ધર્મપત્ની એટલે આપણા સૌના પૂજ્ય બા મુ. શ્રી જશીબેન. આપણી વચ્ચે રહ્યા નથી. ૧૦૫ વર્ષની ઉંમરે ૦૭-૦૯-૨૦૨૩ના રોજ લિવરપુલ ખાતે અંતિમ શ્વાસ લઈ અનંત યાત્રાએ નીકળી ચૂક્યા છે.

ગરીબ બાળકો માટે જ કામ કરવાનો મુ. શ્રી રઘુભાઈ નાયકનો નિર્ણય જાણ્યો એ દિવસથી જ સરસ્વતીના વિકાસમાં સક્રિય રીતે રસ લેવાનું શરૂ કર્યું. તે જીવનના છેલ્લા દિવસો સુધી તેમના શિક્ષણયજ્ઞમાં સાથ આપ્યો. મુ. શ્રી જશીબહેન વિદ્યા, સેવા, સાહિત્ય અને સંગીતના સંસ્કારોથી વિભૂષિત હતા. તેમના નોંધપાત્ર ગુણમાંનો એક ગુણ એ હતો

કે તેઓ સામે આવેલા સંજોગોને પોતાની રીતે સમજવાનો પ્રયાસ કરતા અને ત્યારબાદ જ તેનો ક્રિયાશીલ પ્રતિભાવ કે વ્યવહાર કરતા હતા.

સૌ પ્રથમવાર સરસપુર વિસ્તારને જોવા આવેલ જે અમદાવાદનો અત્યંત ગરીબ અને ગંદો વિસ્તાર કહેવાતો તેને જોઈને પ્રથમ નજરે મુ. શ્રી જશીબેનના ચિત્તમાં ઝબકારો થયો અને તેમણે મુ. શ્રી રઘુભાઈને જણાવ્યું કે ''સરસપુરનાં બાળકોને હું મારા બાળકો માનીશ! આ વાત તેઓએ જીવનભર હરહંમેશ યાદ રાખી. અસારવા વિદ્યાલયના પ્રથમ આચાર્યપદનો ભાર સંભાળનાર તેઓ હતા. સરસ્વતીના આદર્શો અને પ્રણાલિકાઓને તેઓએ સારી રીતે વ્યવહારમાં મૂકી કામ કર્યું હતું. મુ. શ્રી જશીબેનનાં મતે સરસ્વતીની શાળાઓ માત્ર પુસ્તકિયા અભ્યાસ કરતા બાળકોની શાળા ન બની રહે પણ તેમાં બાળકોનું સુયોગ્ય ઘડતર થાય અને નૂતન ભારતના જાગૃત તેમજ તમન્ના સભર સજ્જનો બને એવા કાર્યક્રમો યોજાય તે હતું.

*''નવ અરુણોદય જય જય જય હો*
*પૂર્વ દિગંચલ હો કે જ્યોતિર્મ જય જયકારનો*
*નવ અરુણોદય જય જય.''*

મુ. શ્રી રઘુભાઈ અને મુ. શ્રી જશીબેન દ્વારા જે જ્યોત પ્રગટાવી હતી તેનો પ્રકાશ અમદાવાદના પૂર્વ વિસ્તારને જ્યોર્તિમય બનાવવા લાગ્યો અને એનાં અજવાળાં દૂર દૂર પથરાવા માંડ્યા હતા. મુ. શ્રી જશીબેન સારા લેખક પણ હતા. તેમના પુસ્તકો 'સ્મરણયાત્રા' અને 'કાળી વાદળી ઊજળી કોર' પ્રેરણાદાયક પુસ્તકો છે. આ પુસ્તકો દ્વારા તેમનો લેખનશૈલીનો અનુભવ જોવા મળે છે. ઘરશાળા માસિકના તંત્રી તરીકે ઘણા વર્ષો સુધી કામ કર્યું. ઘરશાળા માસિકમાં આવતાં તેમના લેખોથી તેમના વાચકો સારી રીતે પરિચિત છે.

તેમની ૧૦૫ વર્ષની જીવન સફરમાં અગણિત લોકો માટે માર્ગદર્શક અને પથદર્શક રહેલા. તેઓ આવનારી નવી પેઢી માટે એક ઉત્તમ પ્રેરણાદાયક વ્યક્તિત્વ બની રહેશે. ગરીબ બાળકો માટે પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કરનાર મુ. શ્રી જશીબેન અંતિમ ક્ષણ સુધી શિક્ષણને સમર્પિત રહ્યા. અત્યંત ગરીબ હાલતમાં રહેનાર સરસપુર અને અસારવા વિસ્તારના લોકોના જીવનમાંથી અંધકાર દૂર કરીને પ્રકાશ પાથરવાનું કામ આ નાયક દંપતીએ કર્યું. મિલ મજૂરના બાળકોને ભણવા માટે પણ શાળા હોઈ શકે અને તેમના બાળકોને પણ શિક્ષણ મેળવવાનો અધિકાર છે તે રઘુભાઈની પરિકલ્પનાને વાસ્તવિકતામાં ફેરવવાના સાર્થક પ્રયત્નોમાં સાથ આપનાર તેઓ હતા. જેમના ફળ સ્વરૂપે અસંખ્ય બાળકો શિક્ષણ મેળવી શક્યા અને સમાજમાં માનભેર અને ગૌરવભેર જીવી શક્યા. આ માટે અથાગ પ્રયત્ન કરનાર અને ગરીબ બાળકો માટે સ્વપ્નદૃષ્ટા બનનાર એટલે મુ. શ્રી જશીબેન.

આ દુનિયામાં જન્મ લેતા દરેક બાળકમાં એક આગવી વિશિષ્ટતાઓ હોય છે. એ જ રીતે દરેક બાળકમાં કંઈક અલગ પ્રકારની શક્તિઓ રહેલી હોય છે. તેઓ દૃઢપણે માનતા હતા કે શાળામાં ઉજવાતા કાર્યક્રમો જેવા કે વર્ષામંગલ, વસંત ઉત્સવ, રંગ માધુકરી તેમજ રાષ્ટ્રીય પર્વો દ્વારા બાળકની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓ જાણવાની આ સૌથી ઉત્તમ તક હતી. આ બધી પ્રવૃત્તિઓ માટે તેઓ હરહંમેશ અમારા પ્રેરણાસ્રોત બની રહ્યા.

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાંથી શિક્ષણ મેળવી ચૂકેલા અને મેળવતા અસંખ્ય વિદ્યાર્થીઓની આંખોમાં ભીનાશ આજે આવી ગઈ હશે. તે સાથે સરસ્વતી પરિવારના સભ્યોમાં પણ એક સ્વજન ગુમાવ્યાની ચિંતા છે. તેઓ આજીવન સરસ્વતીના પરિવાર માટે માર્ગદર્શક અને પથદર્શક બની રહેલા. તેમની વિદાય શિક્ષણજગત માટે વસમી બની રહેશે.

મુ. શ્રી. જશીબેનનો ચહેરો જે દષ્ટિમાંથી ક્યારેય ભુલાશે નહિ. એક વિરલ વ્યક્તિત્વ જે ક્યારેય વિસરાશે નહીં, એક હૂંફ જે ક્યારેય મળશે નહીં. તેમનો પ્રેમાળ સ્વભાવ, ઉદાર અને પરોપકારી વૃત્તિ તેમજ કૌટુંબિક ભાવના હર હંમેશ યાદ રહેશે. સતત પરિશ્રમી, જનસેવા અને સમાજસેવા માટે સદાય તત્પર એવા જશીબહેન, અમને તમારી ખોટ કદી નહીં પૂરાય. તમેય સદાય અમારા સાચા માર્ગદર્શક અને શક્તિ બનીને રહેશો.

સરસ્વતીના ઉપાસક એવા મુ. શ્રી જશીબેનને નમન કરી વંદન કરું છું.

## પ્રાર્થનાસભા અહેવાલ

- શ્રી મૃણાલ ઓઝા
(સંકલન/ સંચાલન)

સરસ્વતી વિદ્યામંડળના પ્રણેતા વિદ્યા, સાહિત્ય - સંગીતરૂપી તપશ્ચર્યાના સંસ્કારોથી વિભૂષિત, મૂર્ધન્ય કેળવણીકાર, આપણા સૌના જશીબા ૧૦૫ વર્ષની વયે આપણને સૌને છોડી પંચમહાભૂતમાં વિલીન થયા છે. તા. ૧૬/૯/૨૦૨૩ ના રોજ સરસ્વતી વિદ્યામંડળ દ્વારા આ વિરલ વિભૂતિ વંદનીય જશીબાને શ્રદ્ધાંજલિ સ્વરૂપે પ્રાર્થનાસભાનું આયોજન શાંતીકુમાર કોઠારી વિદ્યાલય (બાલભારતી) અસારવા ખાતે કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં સંગીતવૃંદે શ્લોકવંદના પ્રસ્તુત કરી. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ દ્વારા બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. આ પ્રાર્થનાસભામાં સરસ્વતી વિદ્યામંડળના ટ્રસ્ટીઓ અને સંચાલન મંડળના સભ્યો તેમજ શ્રી દિનેશભાઇ કુશવાહ(બાપુનગર ધારાસભ્ય), ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક, શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકમિત્રો અને સારસ્વતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સરસ્વતી વિદ્યામંડળના ટ્રસ્ટીશ્રી ઉપેન્દ્રભાઇ શબ્દપુષ્પો થકી પૂજય જશીબાને શ્રદ્ધાંજલી અર્પી હતી. શાળાઓના આચાર્યો વતી અસારવાના આચાર્યાશ્રી તૃપ્તિબેને વંદનીય બાને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમજ સૌ શિક્ષકોમિત્રો વતી શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલયના શ્રી હરીભાઇ ચૌધરીએ પોતાની લાગણી વ્યક્ત કરી હતી. જ્યારે સરસ્વતી નાગરિક સમાજ તરફથી શ્રી અતુલભાઇ ઘાડિયાએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ૧૦૫ વર્ષની વયે જેમની વિદાય માત્ર સરસ્વતી પરિવારને જ નહિ પરંતુ શિક્ષણ જગત માટે દુઃખદાયક બની છે. તેવા મેધાવી વ્યક્તિત્વ ધરાવતા પૂજ્ય જશીબેનને શ્રદ્ધાંજલિરૂપે સંદેશાઓનું વાંચન મુરબ્બી શ્રી જ્યોતીન્દ્રભાઇએ લાગણીસભર રીતે કર્યું. શ્રી દિનેશભાઇ કુશવાહે(બાપુનગર ધારાસભ્ય) શ્રી જશીબાને શ્રદ્ધાંજલિ સ્વરૂપે શાબ્દિક પુષ્પ અર્પણ કરી વંદન કર્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી ભરતભાઇ જોષીએ પણ શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી. ઉપરાંત અસારવાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જય ભોલે ટ્રસ્ટ દ્વારા વૈદિક પરંપરાથી સમુહમાં ઋગવેદના પુરૂષ સુક્તનું ગાન કરવામાં આવ્યું હતું. વંદનીય જશીબાની યાદમાં સંગીતવૃંદે તેઓને પ્રિય તેવા સંગીતના ગીતોની સરવાણી રૂપી પુષ્પો મુરબ્બી જશીબાના ચરણોમાં સરસ્વતી સંગીતવૃંદે અર્પણ કર્યા હતા.

ભલે, શ્રી જશીબા આપણી વચ્ચે સદેહે નથી પરંતુ તેઓના સંસ્કાર વારસાની સુગંધપડી હંમેશા મહેકતી અને મઘમઘતી રહેશે.

પૂજ્ય બાને શત્ શત્ વંદન.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# શ્રદ્ધાંજલિ (પ્રાર્થના સભા)

મુ.શ્રી. જશીબેનના અવસાનને કારણે સંસ્થાને મોટી ખોટ પડી છે. તેમના દ્વારા ઉછરેલા આ વિશાળ વટવૃક્ષને જાળવવાની આપણી સૌની જવાબદારી છે. સરસ્વતી વિદ્યામંડળ તરફનો તેમનો પ્રેમ અને લગાવ આપણા સૌ માટે પ્રેરણારૂપ તેમજ પથદર્શક બની રહેશે.

તેઓશ્રી હંમેશા આપણી સાથે જ રહેશે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે તે જ પ્રાર્થના.

**- જસ્ટીસ રવિ ત્રિપાઠી**

ચેરમેન, સરસ્વતી વિદ્યામંડળ

ꕥꕥꕥꕥ

આજે મુ. શ્રી જશીબેન આપણી વચ્ચે નથી તેમની વિદાય સાથે સરસ્વતીનો એક યુગ પૂરો થાય છે.

બેન તમે તો નથી...... પણ ...... તમારા દાંત વિનાના ખાલી મુખમાંથી નિર્મળ ભાવથી ભરેલા હૃદયમાંથી વહેતા ઝરણાં જેવું ખડખડાટ હાસ્ય (સ્મિત નહીં) અમને હંમેશાં યાદ રહેશે.

આજે ! તો અમારા માટે ''કાળી વાદળીમાંથી ઉજળી કોર'' પણ અસ્ત પામી છે.

હવે તો તમારું સ્મરણ અમારી યાત્રા બની છે.

બેન નત મસ્તકે, ભારે હૈયે આપને સો સો વંદન.

**- શ્રી સજુભા ઝાલા (કેનેડા)**

ટ્રસ્ટી, સરસ્વતી વિદ્યામંડળ

ꕥꕥꕥꕥ

પૂજ્ય બા - આપણા જશીબા કે પછી જશીબેન નાયક - સૌના વડીલ હવે આજે આપણી વચ્ચે નથી. ૧૦૫ વર્ષે થાકે તો ખરાને !

હા, પણ એ હંમેશાં આપણા હૃદયમાં, સરસ્વતીની શાળાઓમાં, બાળકોનાં મનમાં, શિક્ષકોના કામોમાં, શાળાના સંગીત, નૃત્ય અને નાટકોમાં તેમજ સંસ્થાના દરેક ખૂણે આપણી વચ્ચે રહેવાના.

નાયક પરિવારના ઈરા-પ્રશાંત જ માત્ર તેમનાં બાળકો નથી, પણ સમગ્ર સરસ્વતી પરિવાર તેમનું લાડકું સંતાન છે.

ચાલો, આપણે સાથે મળીને આપણા વહાલા જશીબા - આચાર્ય, પ્રમુખ જશીબેન નાયકને વંદન કરીએ, પ્રણામ કરીએ, અંજલી આપીએ, વચન આપીએ કે તમારી સરસ્વતીને પ્રામાણિકતા અને સત્યને માર્ગે આગળ ધપાવીશું.

**- શ્રી પ્રશાંતભાઈ નાયક (યુ. કે.)**

**- શ્રી ઈરા નાયક ઘોષ (યુ. કે.)**

ટ્રસ્ટી અને સંચાલન મંડળના સભ્ય, સરસ્વતી વિદ્યામંડળ

ꕥꕥꕥꕥ

મુ. શ્રી. જશીબેનના અવસાનના સમાચાર જાણી આઘાત અને દુઃખની લાગણી અનુભવુ છું. સરસ્વતી વિદ્યામંડળની વિકાસયાત્રામાં તેઓશ્રી હંમેશાં પથદર્શક બની રહેશે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તે જ પ્રાર્થના.

**- શ્રી ગણેશભાઈ ચૌહાણ (યુ.એસ.એ.)**

સંચાલન મંડળના સભ્ય, સરસ્વતી વિદ્યામંડળ

ꕥꕥꕥꕥ

મુ. શ્રી. જશીબેનના અવસાનના સમાચાર જાણ્યા. અનિવાર્ય સંજોગોને કારણે પ્રાર્થનાસભામાં ઉપસ્થિત રહી શક્યો નથી. જશીબેનનું જીવન જ આપણા સૌ માટે પ્રેરણાદાયી રહ્યું છે. આવનારા વર્ષોમાં સંસ્થાને તેમના આદર્શો મુજબ નવી ઊંચાઈએ લઈ જઈએ એ જ સાચી શ્રદ્ધાંજલિ છે. ઈશ્વર દિવંગત આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

**- શ્રી રાજેન્દ્રભાઈ દવે**

ટ્રસ્ટી અને સંચાલન મંડળના સભ્ય, સરસ્વતી વિદ્યામંડળ

જશનામી જશીબહેન ગયા નથી; તેઓ પાવક ચેતના સ્વરૂપે આપણી વચ્ચે વિહરતાં રહેશે અને આપણી સરસ્વતી પ્રત્યેનો કાર્યનિષ્ઠ, ભક્તિભાવ પ્રસન્નતા ભાવે નિહાળીને આપણી ઉપર વહાલ વરસાવી રહ્યા છે.

હવે આપણી જવાબદારી વધી છે, પણ સાથો સાથ નાયક દંપતી દ્વારા થતો શક્તિસંચાર પણ અખંડ છે. તેવી શ્રદ્ધા કેળવીએ. પ્રભુ તેમની દિવ્ય ચેતનામાં બંને સારસ્વતોની ચેતનાને સમાવી લે તેવી પ્રાર્થના.

**- શ્રી ઈશ્વર પરમાર**

લેખક/ કેળવણીકાર

ജജ

''ઘરશાળા'' પરિવારના મોભી, આજીવન કેળવણીકાર શ્રી જશીબેન નાયકના અવસાનના સમાચાર જાણી દુ:ખ થયું છે. અત્યંત ટાંચા સાધનો પણ તીવ્ર ઈચ્છા શક્તિને આધારે સંસ્થાએ અપ્રતિમ પ્રગતિ કરી છે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં સંસ્થાએ પોતાના કુશળ, પ્રતિભા સંપન્ન, પ્રામાણિક અને મહેનતું  વિદ્યાર્થીઓને પ્રસ્થાપિત કર્યા છે. શાળાના વિદ્યાર્થીઓને પોતાના સંતાનો કરતાં પણ વિશેષ ચાહ્યા છે. તેમની પ્રગતિના પથદર્શક બન્યા છે.

આપણે સૌ તેમના પગલે ચાલી શિક્ષણક્ષેત્રે તેમને શરૂ કરેલી જ્યોતિને સતત પ્રજ્જવલિત રાખીએ તે જ તેમની સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. પ્રભુ સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના.

**- શ્રી રણછોડભાઈ શાહ**

લેખક/ શુભેચ્છક, એમિટી પરિવાર

ജജ

સ્વ.જશીબેનની દિવ્યચેતનાને મારા વંદન.

**- રતિલાલ બોરીસાગર**

ജജ

અગાઉથી નક્કી થયેલા કાર્યક્રમને કારણે પ્રાર્થનાસભામાં ઉપસ્થિત રહી શકાય તેમ નથી. મુ. શ્રી જશીબેનને મારા વંદન અને દિવંગત આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના. ઓમ શાંતિ.

**- આર. એસ. પટેલ**

સી.એ., ઘરશાળા માસિક

આદ્ય.તંત્રી/ પ્રમુખ ટ્રસ્ટી, આશીર્વાદ ફાઉન્ડેશન

ജജ

જશીબેનના અવસાનના સમાચાર જાણી દુ:ખ અને આઘાતની લાગણી અનુભવી છે. ઘરશાળા માસિક અને સમગ્ર સંપાદક મંડળને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. ઈશ્વર સદ્‌ગતના આત્માને શાંતિ આપે. વંદન સાથે.

**- મનીષ પટેલ**

ઝેડ કેડ ફાઉન્ડેશન

ജജ

જશીબેનના અવસાનના સમાચાર સાંભળ્યા. તેમના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી મારી પ્રાર્થના. આવા સમર્પિત કેળવણીકારની ખોટ હંમેશા રહેશે. ઓમ શાંતિ.

**- નટવર પટેલ**

કન્વીનર, બાળ સાહિત્ય અકાદમી,

જાણીતા બાળ સાહિત્યકાર

ജജ

સરસ્વતી વિદ્યામંડળના પ્રમુખ, આજીવન શિક્ષક અને મારા સરસ્વતી કાળના વડીલ માર્ગદર્શક મુ. શ્રી. જશીબેનના અવસાનના સમાચાર જાણી આઘાતની લાગણી અનુભવી છે. ઈશ્વર દિવંગત આત્માને શાંતિ અર્પે - વંદના સાથે.

**- નંદુભાઈ રાવલ**

પૂર્વ આચાર્ય, શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય

ജജ

જશીબાના અવસાનથી વ્યથિત છું. જે. એન. બાલિકા વિદ્યાલયનાં વિકાસમાં તેમનો ફાળો અવિસ્મરણીય હતો. સરસ્વતી વિદ્યામંડળ પર તેમના આશીર્વાદ વરસતા રહેશે. કોટી કોટી વંદન, ઓમ શાંતિ શાંતિ

**- આશાબેન વૈદ્ય**

પૂર્વ આચાર્ય, જે. એન. બાલિકા વિદ્યાલય

નમસ્કાર, પૂ.બેનને શ્રદ્ધાંજલિ અને પ્રભુ પ્રાર્થના.

**- કેશુભાઈ પટેલ**

પૂર્વ આચાર્ય, અસારવા વિદ્યાલય

ꕥꕥ

મૂર્ધન્ય કેળવણીકાર, શિક્ષણશાસ્ત્રી અને બાળ પ્રેમી શ્રી જશીબેનને મારા વંદન .... સલામ. મારા જીવનમાં તેમની પાસેથી ઘણું શીખી છું, ઘણું મેળવ્યું છે. જશીબાને સત સત પ્રણામ.

પ્રભુ આત્માને ચિરંજીવ શાંતિ બક્ષે તે પ્રાર્થના.

**- મીનાક્ષીબેન મહેતા,**

પૂર્વ આચાર્ય, સરસ્વતી કુમારશાળા નં - ૧

ꕥꕥ

મારા શિક્ષક, આચાર્ય અને મારા ઘડતરમાં જેમનો અમૂલ્ય ફાળો છે. તેવા જશીબેનને નમન......

પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તે જ પ્રાર્થના.

**- ચંદ્રવદન વ્યાસ**

પૂર્વ શિક્ષક, અસારવા વિદ્યાલય

ꕥꕥ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં શિક્ષણની જ્યોત પ્રજ્જવલિત કરનાર અને મૂલ્યલક્ષી શિક્ષણનું સિંચન કરનાર એવા જશીબેન નાયક હવે આપણી વચ્ચે નથી. અમદાવાદનો પૂર્વ વિસ્તાર હંમેશા એમનો ઋણી રહેશે. ભગવાન તેમના આત્માને શાંતિ આપે.

**- ભુપેન્દ્રભાઈ**

પૂર્વ શિક્ષક, શાંતીકુમાર કોઠારી વિદ્યાલય, અસારવા

ꕥꕥ

સરસ્વતી વિદ્યામંડળના પ્રણેતા, આદ્યસ્થાપક અને પથદર્શક જશીબેનને વંદન..... દિવંગત આત્માને ચિરશાંતિ મળે તે પ્રાર્થના.

**- હેમંત કડીયા**

પૂર્વ વિદ્યાર્થી, શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય

મુ. શ્રી. જશીબેનના અવસાનના સમાચાર સાંભળી દુઃખ થયું. સદ્‌ગતના પુણ્યશીલ આત્માને પરમશાંતિ મળે તે માટે અમે સૌ પ્રાર્થનામય છીએ.

**- અર્ચિત ગાલા** (નવનીત પ્રકાશન)

ꕥꕥ

ઘટાટોપ વડલા સમાન જશીબેનની પરમગતિ થવાથી સરસ્વતી વિદ્યામંડળ અને સરસ્વતી નાગરીક સમાજને ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમેશ્વર તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રભુને ઉંડા અંતઃકરણની પ્રાર્થના.

**- જ. કા. પટેલ પરિવાર વતી** ગિરીશચંદ્ર જ્યંતીલાલ પટેલ

જશીબેનને બધા બા કહેતા. બા એટલે પ્રેમ, બા એટલે વાત્સલ્ય, બા એટલે મમતા.

જશીબાએ અનેક બાળકોને ભરપૂર પ્રેમ આપ્યો હતો. તેમના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિરશાંતિ આપે તેવી પ્રાર્થના.

**- રમેશ તન્ના**

ꕥꕥ

મુ. શ્રી જશીબેનના અવસાનથી આપણે સૌ ખાલીપો અનુભવી રહ્યા છીએ. પરંતુ તેમના વિચારોનું ભાથુ આપણી સાથે છે. તન મન અને ધનથી તેમણે આદરેલા શિક્ષણ યજ્ઞમાં આહુતિ આપીએ તે જ સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ છે.

ઓમ શાંતિ..... શાંતિ......શાંતિ......

- હિરાલાલ છોડવડીયા

પૂર્વ શિક્ષક, શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય

ꕥꕥ

## આપણા જશીબા

- સૈયદ સાનિયા

પૂર્વ વિદ્યાર્થિની, જે. એન. બાલિકા

*''अंगार हार उनका, जिनकी*
*सुन हांक समय रूक जाता है,*
*आदेश जिधर का देते हैं*
*इतिहास उधर झुक जाता है ॥''*

આપણા જીવનમાં આપણી સમક્ષ ઘણાબધાં આદર્શ મહાનુભાવોના વિચારો, ચારિત્ર્ય અને વ્યક્તિત્વના દર્શન થાય છે, કે જેઓ પોતાના આદર્શ વ્યક્તિત્વ, સદગુણો, પ્રેમ, સેવાભાવ, વિચારો અને વિનમ્રતા થકી આપણને ઘણુ બધુ અપણી કરીને જાય છે. એમાંથી એવી મહાનુભાવ વ્યક્તિનાં વ્યક્તિત્વનું દર્શન આજે આપણે કરીશું એક એવી વ્યક્તિ કે જેમના પ્રત્યે હંમેશા આપણે ગૌરવ, આદાર, પ્રેમ, ગર્વ, સમ્માન અને સત્કાર છે. એવા આપણા સૌના પ્રિય પૂજનીય અને આદરણીય શ્રી જશીબેન નાયક. શ્રી જશીબહેન નાયક એટલે સાદગીનું પ્રતિક, માનવતાનું પ્રતિક અને જશીબા એટલે જ માનવીય પ્રતિભા અને સર્જનાત્મકતાનું આદર્શ જીવન સ્વરૂપ.

*''જશીબા એટલે વાત્સલ્ય,*
*જશીબા એટલે માંગલ્ય,*
*જશીબા એટલે માતૃત્વ અને*
*જશીબા એટલે કર્તવ્ય''*

શ્રી જશીબાએ પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન એક આદર્શ વ્યક્તિની ભૂમિકા ભજવી છે. એક એવી આદર્શ વ્યક્તિ કે જેમના માટે વ્યક્તિપણું તો માત્ર બાહ્ય સ્વરૂપ હતું, પરંતુ તેઓ અંદરથી બ્રહ્માંડ સાથે જોડાયેલા હતા તેઓ એક અરીસા જેવા છે કે જેમનામાંથી દૈવી ગુણો કોઈ પણ પ્રકારનાં વિકાર વિના પ્રતિબિંબિત થાય છે. તેઓ આપણા માટે એવા માધ્યમ સમાન છે કે જેમના થકી ઈશ્વર પ્રગટ થાય છે. તેમણે પોતાનું સમગ્ર જીવન માત્ર શિક્ષણક્ષેત્રે સેવાકાર્યમાં સમર્પિત કર્યું છે. તેમને સુવિખ્યાત કેળવણીકાર શ્રી હરભાઈના પુત્રી તરીકે અને શિક્ષણક્ષેત્રે નૂતન પ્રયોગશીલતાને આચરનાર પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયકનાં જીવનસાથી તરીકે સમગ્ર જગત ઓળખે છે. શ્રી જશીબહેન અને શ્રી રઘુભાઈએ ખભેખભા મિલાવીને સમાજ માટે પ્રેરક શિક્ષણ સંસ્થાઓ વિકસાવી છે. એટલું જ નહિ, વિવિધ શિક્ષણ સંસ્થાઓ દ્વારા શિક્ષણનાં પ્રયોગો પ્રસારિત કર્યા છે. શ્રી જશીબેન માટે 'સેવા એ જ પરમોધર્મ છે.' તેમણે આપણને શિક્ષણક્ષેત્રે ઘણીબધી સોગાદો અર્પણ કરી છે, તેઓએ શ્રેષ્ઠ ગ્રંથો પણ અર્પણ કર્યા છે, તેમનું શિક્ષણક્ષેત્રે કરેલું કાર્ય એ આપણા માટે આશીર્વાદરૂપ છે. 'તેઓના સ્મરણો એ જ સરસ્વતી વિદ્યામંડળનો શ્વાસ છે.' સપનાને અનુસરતી વખતે તેમાં અનેક અવરોધો આવે છે પરંતુ જશીબાના અથક પ્રયત્નો થકી આ મંડળને જીવંત અને સ્મરણીય સ્વરૂપ પ્રાપ્ત થયું છે.

શ્રી જશીબા આ પરિવાર પ્રારબ્ધ, પુરૂષાર્થ અને પ્રગતિના પથ પર છે તે યશનાં સંપૂર્ણ હકદાર તેઓ જ છે. સફળતાની કેડી પર પ્રશસ્ત થવા માટે સમય, સંયમ અને સુદ્દઢ આયોજન તથા પ્રેમ-આદરના સંબંધોની અહેમિયતતાનો તેમનો જીવન સંદેશ અમારા માટે એટલો જ યથાર્થ છે અને હંમેશા રહેશે.

## પ્રેરણામૂર્તિ - જશીબા

- દ્રષ્ટિ

પૂર્વ વિદ્યાર્થિની, જે. એન. બાલિકા

*મધુર મુખ જેવી, મધુર હતી જેની વાણી*
*જેમના પ્રયોગોએ અનેક બાળકોને આપી સરવાણી,*
*શિક્ષણ પ્રત્યે જેમના વિચારો સદાય રહ્યા છે પ્રભાવી.*
*સંસ્કાર, સરળતા અને સહજતા સભર સન્નારી.*
*સદાય સ્મરણમાં રહેશે આપની અનુપમ કહાની,*
*આવા અમર વ્યક્તિત્વની ખોટ કોણ શકે પૂરાવી?*
*સરસ્વતીના પ્રાંગણમાંથી સુમન ગયુ તમારું સૂકાઈ,*
*પણ આપના સ્મિતનાં ફૂલની ફોરમ જે બધે ફેલાઈ*
*સમગ્ર સત્કર્મો અમારા સ્મૃતિઓમાં રહેશે છપાઈ,*
*અંતર આર્ત થઈ ગયું જ્યારે આપની જીવનવાણી*
*કર જોડી ચરણે વંદન કરું આપને શિષ નમાઈ.*

અંધારા ઓરડામાં/આકાશમાં પણ ક્યારેક સોનેરી કિનારના દર્શન થઇ જાય છે તો એવા જ સોનેરી કિરણ રૂપે


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

શ્રી જશીબેન નાયક જેઓ સરસપુર જેવા પછાત વિસ્તાર જ્યાં શિક્ષણજગત શૂન્યાવકાશ સ્વરૂપ હતું તો એવા તિમિરમાં તીખારો કરી જ્ઞાનનો પ્રકાશ પાથર્યો જે આવનારી અનેક પેઢીઓને મળતો રહેશે. એક એવું મહાન સત્કર્મ કરી વટવૃક્ષ સમાન 'સરસ્વતી' ની સ્થાપના માટેની પ્રેરણા બની, નિરક્ષરતાની નિરાશામાંથી સાક્ષરતાની મિશાલ આપી.

ઊંચી અને અદ્ભૂત તકોને છોડીને જેઓએ સરસપુર જેવા પછાત વિસ્તારમાં કેળવણીના પાયા નાખી માત્ર શિક્ષણ આપવાનું કઠોર કાર્ય જ નહીં પરંતુ સાથે સાથે બાળકોનાં વ્યવહાર, વ્યક્તિત્વ વિકાસ, ભાષા, હલનચલન, સંસ્કાર અને સંસ્કૃતિ વગેરે.. અનેક ગુણોનું સિંચન કર્યું. અનેક વિકટ વિટંબણાઓ સાર થયા પછી પણ આજેય જે અડીખમ ઈમારત ઊભી છે. તે જ જશીબેનની અથાક પરિશ્રમની વાતને સાક્ષી પૂરી શકે છે કે પછી અરીસો બની ગઈ છે.

એમના અવસાન પછી તેમના માર્ગદર્શનની ખોટ આપણને સદાય સાલશે પરંતુ સરસ્વતીના આત્મા સ્વરૂપ તેમનો દેહ નહિ પરંતુ તેમના આશીર્વાદ આપણી સમક્ષ સદાય વહેતો રહેશે.

જશીબા અને રઘુદાદા જાણે ગળથૂથીમાં જ શિક્ષણજગત સાથે લઈને આવ્યા હતા. એટલે જ જ્યારે તેઓ અમદાવાદથી દિલ્હી ગયાં ત્યારે અશ્રુભીની આંખો અને છતાંય તેમને મળેલી મોટી તકની ખુશી સાથે વિદ્યાર્થીઓની વિદાયના આ શબ્દો....
"તમે જ્યાં જઈને બેઠા હશો. ત્યાં શિક્ષક જ બની રહેવાના છો. એવો વિશ્વાસ અહીં બેઠેલા સૌ વિદ્યાર્થીઓમાં છે." આવો અતૂટ વિશ્વાસ જ આ બને શિક્ષક દંપતિની મહાનતાની ખાતરી આપી જાય છે.

આજકાલ લોકો જ્યાં પાઇ-પૈસો ય દાન કરતાં દશ વખત વિચાર કરી લે ત્યાં તેઓ ગરીબલત્તાનાં મજૂરોનાં બાળકોને આધુનિક સગવડતા વાળી શાળા આપી છે. આવા જ સત્કર્મોના સ્વપ્નોને લઈને તેઓ કાયમ જીવ્યા છે અને સાકાર પણ કર્યા છે. રઘુદાદાનાં બધાં જ અશક્ય કાર્યોની આરાધનાને શક્ય બનાવવામાં આ રાષ્ટ્ર વિખ્યાત કેળવણીકારના પુત્રી જશીબેને ખભે ખભા મિલાવ્યા હતાં અને શિક્ષણયજ્ઞની જ્યોતને ઝળહળતાં કર્યા હતાં. સમજણની સાધનાને જીવનમાં આત્મસાત કરી સદાય સંકલ્પબદ્ધ રહેનારા આ મિઠાશભરી વાણીને સ્મિતવાણાં 'જશીબા' અમારી સ્મૃતિમાં દીપની જેમ દેદિપ્યમાન રહેશે. કારણ તેમની કહાની વાંચીને એમ કહી શકાય.

*નિર્બલ સે લડાઈ બલવાન કી*
*યહ કહાની હૈ દીયે ઔર તુફાન કી !*

## આપણા પ્રિય જશીબાને ભાવાંજલિ

- કાઝી અલમીરા અબ્દુલ લતીફ
વિદ્યાર્થિની, ધોરણ-૧૧-ખ, જે. એન. બાલિકા વિદ્યાલય

સરસ્વતી મંડળના પ્રમુખ અને જાણીતા કેળવણીકાર શ્રી જશીબેન નાયક તા. ૦૭/૦૯/૨૦૨૩ ના રોજ યુ.કે. ખાતે અવસાન થયું છે.

શ્રી જશીબેન એવું વિરાટ વ્યક્તિત્વ કે જેમના જીવન વિશે જેટલું જાણો તેટલું ઓછું છે. દરેક પળે વિદ્યાર્થીઓને પ્રેરકબળ પુરું પાડતા. જ્યારે મેં જશીબા લિખિત 'કાળી વાદળી ઊજળી કોર' પુસ્તક વાંચ્યું. ત્યારે હું તેમાંની બધી વાર્તાઓ વાંચીને પ્રભાવિત થઈ ગઈ. જશીબા ફક્ત હોંશિયાર વિદ્યાર્થીઓને જ નહિ, પરંતુ તેમાંની એક વાર્તાનો વિદ્યાર્થી શન્ટી જે આજે વિદેશમાં આજે ખૂબ ઉંચા પદે બિરાજમાન છે.

જ્યારે સૌ પ્રથમ વખત શન્ટી શાળામાં પ્રવેશ મેળવવા આવ્યો. ત્યારે શ્રી જશીબા શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા હતા. અગાઉ બે-ત્રણ શાળાઓમાંથી શન્ટીને તેના અતિશય તોફાનને કારણે કાઢી મૂકવામાં આવ્યો હતો. ત્યારે એ શન્ટીને શાળામાં પ્રવેશ આપી જશીબાએ તેને એક સારો, વિનયભાવી અને હોંશિયાર વિદ્યાર્થી બનાવ્યો હતો. તેમની પુસ્તકની આ વાર્તાઓ ફક્ત વાર્તાઓ નથી, પરંતુ તેમના જીવનની સત્ય હકીકતો છે.

તેઓ ફક્ત બાળકોનું ભલું ઈચ્છતા હતા. ખૂબ જ સંવેદનશીલ અને નમ્ર એવાં જશીબાએ હંમેશા સરસ્વતી વિદ્યામંડળના તથા સરસપુરના બાળકોને મદદરૂપ થયા છે.

તેઓ હંમેશા કહેતા – 'વિદ્યાર્થીજીવન એક સુવર્ણતક છે – તેનો લાભ લેશો.

'સરસપુરના બાળકોને સાક્ષર એ બનાવતા હતા. જીવન શું છે એ સમજાવતા હતા, જ્યારે કોઈ બાળક હારીને નિરાશ થતું. ત્યારે સૌ બાળકોની હિંમત એ વધારતા હતા.'

પરંતુ, આજે તેઓ આપણી વચ્ચેથી વિદાય લઈ, સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે પોતાનું જીવન ઘણા બાળકોનું જીવન ઉજ્જવળ બનાવવા અર્પ્યું છે. શ્રી જશીબેને તેમની સાથે ખભેખભા મિલાવી ૪૫ વર્ષ સુધી શિક્ષિકા અને આચાર્ય તરીકે સફળ કામગીરી કરી છે.

'આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા, આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ અને વિદ્યાર્થીઓ પ્રત્યેની લાગણીશીલતા અમે જીવનભર ભૂલશું નહિ.'

આ આપની આણધારી વિદાય અમને ખૂબ મજબૂત મનોબળ આપી ગઈ. જે આજે પણ આપણને આર્શીવાદ (જશીબા) આપતાં હોય એવું લાગે છે. સૌ વિદ્યાર્થીઓ વતી મારી એ જ પ્રાર્થના હશે કે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે.

## કરુણામય જશીબા

- પરમાર નિધિ એચ.
વિદ્યાર્થિની, ધોરણ-૧૨-ખ, જે. એન. બાલિકા વિદ્યાલય

સરસ્વતી વિદ્યામંડળના સ્થાપક શ્રી જશીબેન નાયક ખૂબ જ સંવેદનશીલ અને બીજાના દુઃખે દુખી અને સુખે સુખી થનાર વ્યક્તિ હોવાથી સૌ તેમને યાદ કરતા રહેશે...

તેઓશ્રીએ તેમના જીવનમાં બનેલા ઘણા લાગણીશીલ અને સંવેદનશીલ ઘટનાઓને વાર્તા સ્વરૂપે લખી છે. તેમાંથી 'સ્મૃતિના અસવાર' પુસ્તકમાં તેમણે 'મારા ખેતરની માટી' નામની ખૂબ જ સંવેદનશીલ અને લાગણીથી ભરપૂર વાર્તા લખી છે.

આ વાર્તામાં ઈંગ્લેન્ડમાં વરસાદની સાથે સાથે સુસવાટા કરતા ઠંડા પવનને કારણે બારી-બારણાઓનો અવાજ બહારના વાતાવરણનો ખ્યાલ ઘરની અંદર બેઠેલાઓને કરાવતો. આવા વાતાવરણમાં દરેક વ્યક્તિ હીટર ચાલુ કરી ઘરના હૂંફાળા વાતાવરણમાં બેસવાનું પસંદ કરે. પરંતુ આવા વાતાવરણમાં જશીબાના ઘરના બારણાનો બેલ વાગ્યો.


બારણું ખોલતા જોયું તો એક નાનકડો છોકરો બારણે ઊભો રહીને, તેનું નામ જેક છે, તેમ કહીને તરત જ પ્રશ્ન પૂછે છે કે તમારા બગીચા માટે તમે થોડી માટી ખરીદશો? લેખિકાને પ્રશ્ન થાય છે કે આવા વાતાવરણમાં છોકરો માટી વેચવા શા માટે આવ્યો હશે? આની પાછળ કોઈ કારણ જરૂર હશે.


તેથી તેઓ એક ગુણ માટી ખરીદી લેવાની હા પાડે છે. પરંતુ એ છોકરો તેની માટી બતાવીને કહે છે કે મારી માટી સારી છે. થોડી વધારે ખરીદી લો. ત્યારે લેખિકાના પતિ (રઘુદાદા) કહે છે કે તમારી આટલી ફળદ્રુપ માટી શા માટે વેચવા માંગો છો?


ત્યારે જેક તેની વાત સમજાવતા કહે છે કે આ માટી વેચી તેના પૈસા ભેગા કરીને એક અપંગ માનવીઓની સંસ્થાને અમારા કુટુંબ તરફથી દાનમાં આપવાના છે. આ વાત સાંભળી સંવેદનશીલ જશીબાનું મન વિચારે પડે છે કે આ પોતે મજૂરી કરીને ગુજરાન ચલાવતા હોવા છતાં બીજાને મદદરૂપ થવાની એમની ભાવના છે.

આથી તેઓ વધારે માટી ખરીદીને તેમને પૈસા આપે છે. પરંતુ જેક તેના મમ્મી અને બે ભાઈઓ સાથે વાત કરતો હતો તેના પરથી લાગ્યું કે તેના પપ્પા નથી. અને તેની માતા તેના ત્રણેય બાળકોને મજૂરી કરતા શીખવે છે. જશીબાને થાય છે કે આવી માના પેટે જન્મ લેનાર બાળક નસીબદાર છે. પછી તે મા તેના ત્રણેય બાળકને ટ્રકમાં ચડાવીને ટ્રકને આગળ ચલાવે છે. અને જશીબા રઘુદાદા તે ટ્રક સામે જોઈ રહ્યા. આ 'મા' આપણા સૌ માટે પ્રેરણારૂપ રહેશે.

આ વાર્તા પરથી જશીબા કહેવા માંગે છે કે આપણી પરિસ્થિતિ ગમે તેવી ખરાબ હોય પરંતુ જેની સ્થિતિ આપણા કરતા પણ ખરાબ હોય તો તેને આપણે મદદરૂપ થવું જ જોઈએ.




મુ. શ્રી જશીબેન

સરસ્વતી વિદ્યામંડળના પ્રકાશન

વિભાગના માર્ગદર્શક – વિચારક,

લેખક અને ઘરશાળાના તંત્રી શિક્ષણ અને

બાળ માનસ શાસ્ત્રની સમજ પ્રસંગો અને વાર્તા

દ્વારા રજૂ કરવાની આગવી સૂઝ મુ.શ્રી જશીબેનના


લેખનમાં જોવા મળે છે. પાંચ પુસ્તકોનો સંપુટ

સરસ્વતી વિદ્યામંડળ માટે સાચા અર્થમાં

સંભારણું છે અને શિક્ષણ જગત

માટે શ્રદ્ધાંજલી છે.



ઘરશાળા
નવેમ્બર-૨૦૨૩
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-



દુનિયાનાં મોટા ભાગનાં બળો સ્થૂળ કે સૂક્ષ્મ હિંસાના માર્ગે ભલે વળી રહ્યાં હોય, આપણે શિક્ષકો તેમ નહિ કરીએ અને કરવા પણ નહિ દઈએ. આપણી શિક્ષકોની આશા અમર છે અને શ્રદ્ધા ઊંડી છે! આપણો માર્ગ સીધો અને સ્પષ્ટ છે. આપણું કાર્ય જનહિતનું છે, માનવકલ્યાણનું છે. અને તેથી મારી તો દૃઢ માન્યતા છે કે વિશ્વનાં તમામ હિંસક વિચારો અને બળોને નૂતન શિક્ષક જ અહિંસાના માર્ગે વાળી શકશે. પ્રજાના આજના વિધાયકો અને શાસકો ભલે આપણી મશ્કરી કરે, આવતી કાલના વિધાયકો અને શાસકો આપણા હાથમાં છે.

ચાલો, એક જ કલ્યાણકારી વિચાર અને ઉપદેશના માર્ગે ધપી રહેલા આપણે સૌ મિત્રો, આગળ પગલાં માંડીએ અને આપણી જાતને ધન્ય બનાવીએ. તમારો સૌનો અંતઃકરણથી આભાર માનું છું, અને આપણે આરંભેલા આ મહાયજ્ઞમાં આપનો સાચો સહકાર માગું છું.

- હરભાઈ ત્રિવેદી

(૧૯૩૭ વર્લ્ડ એજ્યુકેશન કોન્ફરન્સના વચનમાંથી)



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું